RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 3, Year: 70, June, 2023, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઇસ્ટ)
મુંબઇ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૦૯ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૩) સુધીમાં ૨૧૦૦૬ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ આ એક વર્ષ દરમ્યાન માં ટોટલ ૩૯૨૯ જીવો છોડાવેલ છે.**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | |
|---|---|
| Bank Name : AXIS BANK LTD.<br>A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820<br>IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai | Bank Name : BANK OF INDIA<br>A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219<br>IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**
**જતીનભાઈ ફકીરચંદ**
**પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી**
**શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા**
**વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી**
**ઉષાકાંત સાકેરચંદ ઝવેરી**
**નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી**

Advt.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

# હોદ્દેદારો



**શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ**
ટ્રસ્ટી - પ્રમુખ



**શ્રી પંકજભાઈ વસંતલાલ સંઘવી**
ટ્રસ્ટી - ઉપ-પ્રમુખ



**શ્રીમતી મનિષાબેન મિનેશભાઈ શાહ**
ટ્રસ્ટી - માનદ્ મંત્રી



**શ્રી અતુલભાઈ અમૃતલાલ શાહ**
માનદ્ મંત્રી



**શ્રી અનિલભાઈ હિંમતલાલ સંઘવી**
માનદ્ મંત્રી



**શ્રી નિરવભાઈ પ્રવિણભાઈ દોશી**
સહમંત્રી



**શ્રી મુકેશભાઈ રસીકલાલ શાહ**
સહમંત્રી



**શ્રી હેમંતભાઈ પ્રવિણભાઈ શાહ**
ખજાનચી



**શ્રીમતી બીનાબેન અશોકભાઈ સંઘવી**
સહ-ખજાનચી


ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન - શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં



સ્વ. શ્રી શાંતિલાલ કેશવલાલ શાહ

**શ્રી શાંતિલાલ કેશવલાલ શાહ પરિવાર તરફથી**
૨૫મી પુણ્યતિથિ નિમિત્તે
**હ. વિભૂતિબેન શાંતિલાલ શાહ**
હાલ - વિલેપાર્લા - મુંબઈ તરફથી
**રૂા. ત્રણ લાખનું અનુદાન**


11 SUCCESSFUL YEARS
VEG. JAIN
AFRICA 12N I 13D
South
Summer '23
Rs.2,50,000
Per Person Incl. Air Fare, Visa, 5% GST & TCS
Luxurious Hotel Stay
01 Night PRETORIA The Maslow Time Square 5 Star Hotel
02 Night SUN CITY The Palace Of The Lost City 5 Star Hotel
04 Night MOSSEL BAY Diaz Hotel & Resort 4 Star Hotel
02 Night AQUILA The Aquila Game Reserve 4 Star Hotel
03 Night CAPE TOWN Hotel Double Tree By Hilton 4 Star Hotel
100%
Veg. & Jain
All Veg. & Jain meals made by our own Rajasthani Chef
Warm Water & all other arrangements will be done for your Rituals
Fixed Departure Dates 2023
Mar : 18
Apr : 01,15,17,29
May : 01,11,15,27,29
Jun : 10,12,24
Jul : 08,22
Finance Available
SanKash
A REASON TO GO!
ZERO
COST EMI
INTEREST
DOWN PAYMENT
Travel Now
Pay Later
TEJAS SHAH
9930993825 7977628030
POORVA HOLIDAYS
THE NEW CHOICE OF TRAVEL
Sales Team : Jeet Kanani : 98772 28819 ✦ Ajinkya Deo : 96534 90528
Shop No.23, 29 & 36, Yudhistir Bldg, Opp. N.L.Garden, Dahisar (E), Mumbai - 400068 022-40031840, 7021884895
Advt.

સાઉથ આફ્રિકા ટૂરો માટે
# રેકોર્ડ બ્રેકિંગ બુકિંગ
સફળતા મેળવ્યાં પછી
ગુજરાતી, કચ્છી અને રાજસ્થાની જૈન સમાજની લોકપ્રિય અને પ્રતિષ્ઠિત ટૂર કંપની

# POORVA HOLIDAYS
THE NEW CHOICE OF TRAVEL
સહર્ષ રજૂ કરે છે

The Most Premium




## Tour With & Without Orlando

**4 Option Of Package**
- 21N I 22D : Full USA With Orlando
- 18N I 19D : Full USA Without Orlando
- Only West Coast
- Only East Coast

**Fixed Departure Dates**
- Without Orlando
  May: 05, June: 16, July: 27
- With Orlando
  May: 26, Jul: 06

**Stay I Place I Hotel**
- 3N I San Francisco
  The Westin San Francisco Airport
- 1N I Lake Tahoe
  Hard Rock Hotel & Casino Lake Tahoe
- 1N I Mammoth Lakes
  Mammoth Mountain Inn
- 3N I Las Vegas
  Paris - Las Vegas ( ફક્ત અમારી સાથે )
- 3N I Los Angeles
  Sheraton Gateway Los Angeles Hotel
- 2N I Niagara Falls
  Holiday Inn Niagara Fall
- 1N I Harrisburg
  Crowne Plaza Harrisburg Hershey
- 1N I Washington DC
  Sheraton Reston
- 3N I New York
  Millennium Times Square

## પૂર્વા હોલિડેઝ ની વિશેષતાઓ

૧૫ વર્ષનાં અનુભવી ટૂર મેનેજરો ના
અભિપ્રાયથી વડીલો માટે ખાસ
Without Orlando નો વિકલ્પ આપતી
ભારત દેશની એક માત્ર ટ્રાવેલ કંપની

અમેરિકા માં પણ શુદ્ધ શાકાહારી અને જૈન ભોજનો ની
વ્યવસ્થા અમારા રાજસ્થાની મહારાજ દ્વારા
૧૫ વર્ષના અનુભવી ટૂર મેનેજર નો સંગાથ

ચોવીયાર, એકાશના, બેયાસના અને આયંબિલ ની વ્યવસ્થા
પણ તિથિના દિવસે કરી આપવામાં આવશે
ઉકાળેલા પાણીની પણ વ્યવસ્થા આખી ટ્રીપમાં કરી આપવામાં આવશે



Founder TEJAS SHAH ✆ 9930993825 7977628030
Shop No. 23, 29 & 36, Yudhistir Bldg, Opp. N.L.Garden, Dahisar (E), Mumbai - 400068 ✆ 022-40031840, 7021884895

Advt.

## BIO-DATA

### Personal Information :



| | | |
|---|---|---|
| Name | : | Harsh Pradipbhai Vora |
| DOB/BT/BP | : | 14-09-1993, 05:55 AM, Ahmedabad |
| Height | : | 5' 8" |
| Weight | : | 71 kg. |
| Complexion | : | Fair |
| Qualification | : | Swastik High School, Ahmedabad<br>Bachelor in Electronics & Communication,<br>(B.TECH – EC),VGEC [Gujarat University)<br>MBA, SYMBIOSIS INTERNATIONALUNIVERSITY, PUNE |
| Occupation | : | Senior Product Manager, L&T Finance, Mumbai |
| Hobbies | : | Sports, Travelling, Music |
| Religion | : | Zalawadi Dasha Sthanakvasi Jain |
| Native | : | Limbdi, Dist-Surendranagar |
| Mobile | : | +919925026154 |

### FAMILY DETAILS :

| | | |
|---|---|---|
| Father's Name | : | Pradipbhai Amritlal Vora - B.E.(Civil) |
| Occupation: Business | : | Marketing of Petroleum Products |
| Office | : | Ishwarbhuvan, Navrangpura |
| Mobile | : | +919825061232 |
| Email | : | pradip.vora.231157@gmail.com |
| Mother's Name | : | Alkaben Pradipbhai Vora (B.A.), Housewife, (+919925092239) |
| Sister's Name | : | Kruti Vinit Shah (Married, Ahmedabad), B.E. (IT), IT Manager (+919638564283)<br>Mansi Parth Mehta (Married, Ahmedabad), Inter-C.A., Deputy Manager (+919909931300) |
| Residential Address | : | (1) O-703, Godrej Central, Shell Tower, Chembur East-400071 (Current Home)<br>(2) B-607, The Views, Adani Realty, Ghatkopar East-400075 (Future Home, 2 BHK, Poss Dec'24)<br>(3) 74/629, Pushpak Appt., Opp Jaymangal BRTS, 132'Ring Road, Naranpura, Ahmedabad -380063 ® 079-27483198 |

### Paternal Relatives :

(1) Late Bharatbhai A. Vora (Ahm) (Uncle)

(2) Chandrakantbhai A. Vora (Ahm) (Uncle)
Additional Chief Engr. in AMC (Uncle)

(3) Dilipbhai A. Vora (Banglore) (Uncle)
Dy. Ex. Engr, R & B Dept, Gandhinagar

### Maternal Relatives :

(1) Bharatbhai Mohanlal Shah (Ahm)

(2) Hiteshbhai Mohanlal Shah (Ahm)

(3) Lt. Rameshbhai A Sheth – Masa (Kandivali, Mumbai)
Rajuben Sheth – Masi (Kandivali, Mumbai)

(4) Ajaybhai Ghiya – Masa (US,Dallas)
Pallavi Ghiya – Masi (US,Dallas)

Advt.

BIO-DATA

# Urvi Vikas Parikh



**PERSONAL DETAILS:**

| | | |
|---|---|---|
| Date of Birth | : | 12th August, 1996 |
| Birth Time/Place | : | 4.22pm / Pune |
| Height/ Weight | : | 5.3"/ 65kgs |
| Native Place | : | Surendranagar |
| Caste | : | Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain |
| Residence | : | 1301, The Corner, Devidas Lane,<br>Off link road junction<br>Borivali West, Mumbai |
| Qualification | : | MBA in Finance from MET Institute of Management<br>B.Com from Narsee Monjee College |
| Work Exp | : | Currently working in Family Business- Timex Belting Co<br>Previously worked as Wealth Manager at Financial Hospital Advisory LLP |
| Email Id | : | rupalparikh015@gmail.com |
| Hobbies | : | Cooking, Dancing,Traveling, Reading<br>I am a happy go lucky and a fun-loving girl with a modern family who is looking for an empathetic, qualified and a well settled partner with an open minded family to explore the world together. |

**FAMILY BACKGROUND:**

| | | |
|---|---|---|
| Dada | : | Late Bhogilal.M.Parikh |
| Dadi | : | Late Jasumati Bhogilal Parikh |
| Father | : | Vikas Bhogilal Parikh [+91 9324249443] |
| Occupation | : | Business- Timex belting Company (Mumbai/Silvassa) |
| Office Add. | : | 605, Vini Elegance, above Tanishq showroom, LT Road, Borivali West |
| Mother | : | Rupal Vikas Parikh [+91 9320249443] |
| Occupation | : | Housewife |
| Brother | : | Dhrumil Vikas Parikh (Younger sibling, MBA Finance) |
| Kaka | : | Late Naresh Bhogilal Parikh |
| Khaki | : | Namita Naresh Parikh |
| Masa | : | Bharat K Shah (CA/CS Pune) –[+91 9822021345] |
| Masi | : | Pragnya Bharat Shah [+91 9850123838] |

**Please Note : Both Urvi's parents and younger brother have a condition called Vitiligo (white skin) However Urvi does not have this condition.**

Advt.

BIO-DATA

# SHRENIK ATUL GOPANI



## PERSONAL DETAILS

DOB and Place : 27th Nov,1995, Mumbai,
Height : 5'8"
Religion : Zalawadi Visha Shrimali Sthanakwasi Jain
Native Place : Botad, Saurashtra
Interest : Football, Chess, Reading, Travelling

## EDUCATION

MBA in Marketing- Thakur College of Management Studies and Research.
B.COM- Mithibai College

## PROFESSION

- Current : Times Of India, Deputy Manager - Media Solutions
  March 2022 - October 2022: Sales Officer, Practo Technologies
  July 2018-December 2021: Nestle India, Sales Officer

Email : shrenikgopani@gmail.com
Mobile : 9769640097

## FAMILY DETAILS

Grandparents : Late Shri Mahasukhbhai Hargovandas Gopani
Late Smt. Rasilaben Mahasukhbhai Gopani
Father : Atulbhai Mahasukhbhai Gopani (No.) 9819998596
Occupation : Business – Dealer in Electrical Goods
Mother : Ilaben Atul Gopani
Occupation : Homemaker
Kaka : Shri Pankajbhai Mahasukhbhai Gopani (No.) 9892116375
Kaki : Smt. Chetnaben Pankajbhai Gopani
Kaka : Shri Urmilbhai Mahasukhbhai Gopani (No.) 9967500846
Kaki : Smt. Bhavnaben Urmilbhai Gopani
Faiba : Smt. Ilaben Sudhirbhai Sanghvi
Fua : Shri Sudhirbhai Jayantilal Sanghvi (No.) 9819881317

## MOSAL

Nana : Shri Mahendrabhai Khodidas Sanghvi
Nani : Late Smt. Kusumben Mahendrabhai Sanghvi
Mama : Shri Nileshbhai Mahendrabhai Sanghvi (No.) 9820268386
Mami : Smt. Dinaben Nileshbhai Sanghvi
Mama : Shri Rahulbhai Mahendrabhai Sanghvi (No.) 9920063466
Mami : Smt. Preetiben Rahulbhai Sanghvi

## ADDRESS

Residence : A-903, Pushp Vinod 1, SV Rd, Kora Kendra, Borivali west, Mumbai 400092.
Office : Power Aid
Office No : 17 & 18, 1 st floor, Gopal Bhavan, 199, Princess Street, Mumbai - 400002

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જૂન ૨૦૨૩

વર્ષ : ૭૦ : : અંક : ૩

: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ

માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા

: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૦૨૨–૩૫૭૪૦૮૧૧

: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# ઝીલ્યો વરસાદ

ઝરૂખે ઝીલવો રે વરસાદ,
છાંટે ભીના થાતા પ્રાણ.

કુદરતનો મબલખ રે પ્રસાદ,
માટી મહેંક મહેકની લ્હાણ.

સખે સુણવા છે માંહ્યલા સંવાદ,
ભીતર સાગર ઉછળે જાણ.

હીંડોળે ઝૂલે છે અતીતની યાદ,
લાગે નેણના તીખાં બાણ.

પ્રીતનો ભીતર ઉમટે છે ઉન્માદ,
ના રે કળાય લગી રે તાણ.

સખે,
ઢોલીયે ધબકતા ઉરના કમાડ,
એની ના થાતી કંઈ રે જાણ.

'સ્નેહી' ભીતર રીમઝીમ વરસે વ્હાલનો વરસાદ,
સખે ભીંજાશું સંગાથે થી રમમાણ

**– સુરેશ પરીખ**

**આ અંકના સંપાદક : શ્રી શરદભાઈ એમ. ગાંધી**



# ઢળતી ઉંમરની વેદના

❑ નરશીભાઇ સવાણી

ગઈ કાલે હું શેખપુર (વેલંજા - સુરત)થી ઘરે આવી રહ્યો હતો ત્યારે મારી નજર રોડ પર ઉભેલા ઢળતી જીંદગીનો બોઝ વેંઢારતા હોય તેવા ૭૦ વટાવી ચુકેલા દંપતી પર પડી દાદાનાં હાથમાં લાકડીનો ટેકો હતો સાથે માજી ઉંમરનાં કેટલાંય બોજ વેઠીને વાંકાં વળી ગયા હશે તેવી સ્થિતિમાં હતાં જેઓ સજોડે ઉભા હતા.

સાથે બે વજનદાર સિમેન્ટની થેલીનાં બાચકા સાથે ભરબપોરે દોઢ વાગ્યે રોડ પર ઉભા હતાં તડકાની ગરમી હોવાથી મેં તેની પાસે જઈને એ માવતરને પુછ્યું બા-દાદા ક્યાં જવું છે ? તો કહે ભાઈ ઉમરાની એક સોસાયટીનું નામ આપ્યું ત્યાં જવું છે રીક્ષાની વાટે છીએ પણ આ બપોરને ટાંણે એય રોયા નથી આવતા એટલે ઉભા છીએ.

મને એ લોકોની વેદના સમજતાં વાર ન લાગી એના બેય બાચકા ગાડીમાં મુક્યાને પુછ્યું બા-દાદા આ બચકામાં શું છે ? તો એણે કહ્યું કે ભાઈ મારા સગાનાં ઘરે અમારા માટે અનાજ કરિયાણાની કીટ કોઈ સંસ્થાએ આપી હતી એ લેવા ગયા હતાં.

મેં પુછયું આપનું નામ તેઓ બોલ્યા જીવણભાઈ, આપ ક્યાંના ? એણે જેતપુર બાજુનું ગામ કહ્યું. પુછયું દાદા પરિવારમાં કોઈ ? ત્યાં તો આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા બોલ્યા દિકરો અને એની પત્ની છે, પુછ્યું તો આમ કેમ ? બેટા મારો દિકરો એક કંપનીમાં નોકરી કરે છે લગ્ન પહેલાં દિકરો મને કહે તો કે હુ તમારા લીધે સુખી છું લગ્ન થયા પછી અમે બધા ભેગા રહેતા હતાં મારી માયા મુડીની પાંચ વિધા જમીન અને ઘરખોરડા હતાં તે વેચીને મે દિકરાને વરાછામાં ફલેટ લેવા પૈસા આપી દીધા છે.

મારો દિકરો જે કંપનીમાં નોકરી કરતો કંપનીના કામથી બોવ બહારગામ જવાનું રેતુ ત્યારે અમે બેવ અને દિકરાની વોવ એકલા હોઈએ એ ટાણે અમને એ જમવા નોતી આપતી અને માનસિક ત્રાસ આપતી અને કહેતી કે અમારી કમાણીમાંથી કાંઇ વધતુ નથી એટલે તમારી જાતે કમાઈ ને ખાઓ.

અમારું ખાવાનું બનાવતી નહી અમને ભુખ્યા રાખતી અને અમારી સાથે બિલકુલ બોલે નહીં અમે આવી હેરાનગતીની વાત દિકરાને કરીએ તો એ બેય વચ્ચે એટલાં બધાં ઝઘડાં થાય એ અમારાથી જોવાતુ નહીં અને એ કજીયો દિવસોનાં દિવસો સુધી ચાલુ રહેતો તેથી અમે નક્કિ કર્યું કે દિકરો એનાં ઘરસંસારમાં સુખી રે એટલે અમે અહીં નાના ભાડાનાં મકાનમાં રહીએ છીએ બંન્ને જણા ટીકા-સ્ટોન લગાડીએ છીએ મહીને બે-અઢી હજારનું કામ થઈ રે છે એના થી અમારું ગાડુ હાલી જાય છે ક્યારેક દિકરો છાનો છુપીથી આવે ત્યારે થોડાક પૈસા આપતો જાય છે.

હવે બહુ સહન નથી થતુ ભગવાન અમને લઈ લે તો સારુ ... બંન્ને ખુબ રડે છે હું પણ આ વેદના સાંભળીને આંસુ રોકી શક્યો નહિ મેં એમને સાંત્વના અને હૈયાધારણ આપી ને એમને ઘેર ઉતાર્યા સામાન એ ભાડાના ઘરમાં મુક્યો અને મારો મોબાઈલ નંબર આપીને કહ્યું ક્યારેય પણ ખાવામાં ઘટે કે ઢળતી ઉંમરે અચાનક દવાખાનું આવી જાય તો દિકરાને પેલો ફોન કરી ને બીજો ફોન મને કરજો દિકરાની વાટે નો રેતા.

એમના અંતીમ શબ્દો જે મારા હદય માં લખાઈ ગયા કે 'તારા જેવો દિકરો ભગવાન મને આવતા ભવમાં આપે બેટા !!'' અને તમારા જેવા દિકરા ભગવાન બધાં ને આપે... આવા અંતઃકરણથી મળેલાં અનેક આશીર્વાદ જ હાર્ટએટેક આવે ત્યારે રાત્રે બે વાગ્યે ડોક્ટરને ખેંચીને ૧૦ મીનીટમાં હાજર કરે એ મારો સ્વઅનુભવ છે.

એના દિકરા અને એની પત્ની ને ભગવાન સદબુધ્ધી આપે ...

મારો ફક્ત એટલો સંદેશ છે કે મા-બાપ છે તો આપડે છીએ..કયારે ય એ હાજરા હજુર ભગવાનને દુ:ખી ના કરતા ..

મિત્રો હું જયારે પણ હોટલમાં જમવા જાવ કે રસ્તેથી પસાર થાવ ત્યારે આવા જરૂરતમંદ અને બાળકોને પેલા પુછું. અને ઘણી વાર ગરીબ લોકોની સાથે બેસી ને જમી પણ લવું છું ક્યારેક હોટલથી પાર્સલ લઈ ને રોડ પર સુતેલા ગરીબોને આપતો જાવ છું. હું એવા ફોટા પડતો નથી અને મુકતો પણ નથી.

''ના ડરાવીશ સમય તું મને તારી કોશિશ સફળ નહીં થાય કારણ કે જિંદગીનાં મેદાનમાં ઉભો છું કંઈ કેટલાંયનાં આશિર્વાદોનો કાફલો લઈને !!..''

એટલે જ તો કવી એ કહ્યું છે કે....

'તારી માનવતા ને પારખવી હોય તો કોઈનાં આંસુ ને આંગળીના ટેરવે લઈ ને તો જો એ હીરાથી પણ મુખ્યવાન હશે.'

❖❖❖

# ચકાસણી



☐ ગિરીશ ગણાત્રા

**સાં**જના સાડા સાત-પોણા આઠે ઍડવોકેટ જશુભાઈ રાયજાદા પોતાના અસીલોમાંથી પરવાર્યા કે તુરત જ એક વીસેક વર્ષનો યુવાન એની સામે આવીને ઊભો. જશુભાઈ જ્યારે અસીલો જોડે વાતચીતમાં પરોવાયેલા હતા ત્યારે એણે કૅબિનની કાચની દીવાલમાંથી એને બેઠેલા જોયો હતો. એ હવે અદબ વાળીને એની સામે ખડો હતો.

''બોલો, શું હતું ?''

જવાબમાં યુવાને ગજવામાંથી એક ચિઠ્ઠી કાઢી એની સામે ધરી.

જશુભાઈએ ચિઠ્ઠી વાંચતાં પહેલાં એ યુવાન સામે જોઈ લીધું અને પછી ચિઠ્ઠી વાંચવી શરૂ કરી.

જ્ઞાતિના પ્રમુખ છોટુભાઈએ ચિઠ્ઠીમાં લખ્યું હતું : આ ચિઠ્ઠી લઈ આવનાર ભાઈ દિલીપ તન્ના આપણી જ્ઞાતિનો યુવાન છે. એસ.એસ.સી. સુધી ભણ્યો છે. એના પિતા એક વેપારીને ત્યાં નામું લખતા. દોઢ-બે વર્ષ પહેલાં એનું અવસાન થયું. હવે કુટુંબનો ભાર આ યુવાનને માથે છે. ઘરમાં બે યુવાન બહેનો, એક નાનો ભાઈ અને વિધવા મા છે. તમે જ્ઞાતિના અને શહેરના નામાંકિત વકીલ છો. તમારા ઘણા સદ્ધર અસીલોમાંથી કોઈની પેઢીમાં જો એને નાનું-મોટું કામ મળી જાય તો એનું કુટુંબ આજે વાળુભેગું થાય. જ્ઞાતિજનનું  કામ છે, એક ગરીબને માથે ઉપકાર થાય એમ છે. જો આ યુવાનને ક્યાંક ગોઠવી આપશો તો ઈશ્વર રાજી રહેશે...'

ચિઠ્ઠી વાંચી જશુભાઈ વિચારમાં પડી ગયા. થોડીવાર પછી એણે યુવાન સામે જોઈ પૂછ્યું -

''શું ભણ્યા છો ?''

''એસ.એસ.સી. સુધી''

''એસ.એસ.સી. પાસ છો ?''

''જી, ના.''

''પરીક્ષા આપી હતી ?''

''હા.''

''હંઅઅઅ'' કહી જશુભાઈ ફરી પાછા વિચારે ચડી ગયા. થોડીવાર પછી કહ્યું -

''કાલે તો મારે ગોંડલની કોર્ટમાં એક કેસ છે એટલે આખો દિવસ તો તમારું કામ નહિ થાય. પરમ દિવસે હું તપાસ કરી રાખીશ. તમે એક કામ કરો'' કહી એણે વૉલ-કૅલેન્ડર સામે નજર કરી કહ્યું, ''તમે મને આવતા ગુરુવારે સાંજે મળજો.''

''જી, સાહેબ.''

''જોઈએ, જો ક્યાંય મેળ બેસી જાય તો'' કહી એણે કહ્યું, ''હું રાત્રે છોટુભાઈ જોડે તમારા અંગે ફોન પર વાતચીત કરી લઈશ.''

''જી, સાહેબ.''

''ગુરુવારે આવે વખતે મળજો'' કહી એણે ઊઠવાની તૈયારી કરી.

દિલીપ ગયો. જશુભાઈ વકીલે જે તારીખ આપી હતી એ તારીખે અને સમયે બરાબર હાજર થઈ ગયો.

અસીલોની મુલાકાત પતાવી એણે દિલીપને બોલાવ્યો અને કહ્યું -

''હિસાબ - કિતાબનું જાણો છો ને ?''

''બહુ નહિ.''

''ઉઘરાણી, બૅન્કમાં પૈસા ભરવા - લેવા, બિલો પહોંચાડવાં ને એવાં કામો કરી શકો ?''

''હાજી સાહેબ''

''તમે એક કામ કરો'' એણે ઘડિયાળ સામે જોતા કહ્યું, ''બને તો અત્યારે, ને નહિતર આવતી કાલે સવારે તમે અમુભાઈ, એટલે કે અમરતલાલ પ્રાગજી ઠક્કરને મળી લો... એ અત્યારે ડાયરો ભરીને બેઠા હશે.... ઓળખો છો ને એમને ?''

''હા, ઑઈલ એન્જિન બનાવે છે એ ને ?''

''એ જ. તમે એ.પી. એન્જિનિયરિંગની ઑફિસે જજો ને અમુભાઈ શેઠને રૂબરૂ મળી, મારું નામ દઈ વાત કરજો. કહેજો કે ઍડ્વોકેટ રાયજાદા સાહેબે તમને ફોન પર વાત કરી છે એ મુજબ મળવા આવ્યો છું.''

દિલીપ જ્યારે એ.પી. એન્જિનિયરિંગના વિશાળ શોરૂમ પર પહોંચ્યો ત્યારે મોટા હૉલના જુદાં જુદાં ટેબલો પર હજુય માણસો કામ કરી રહ્યા હતા અને અમુભાઈ એની કૅબિનમાં ચાર-પાંચ પ્રતિષ્ઠિત માણસો જોડે બેસી ચા-નાસ્તો કરી રહ્યા હતા.

નવ વાગે જ્યારે એક પછી એક કર્મચારી શેઠની રજા લઈને ઘેર જવા લાગ્યા ત્યારે એમાંના એક મારફત એણે પોતાના આગમનનું પ્રયોજન શેઠને કહેવરાવ્યું.

શેઠે કાચની દીવાલ દ્વારા જ ઈશારત કરી એને બેસવાનું કહ્યું.

સાડા નવે સૌ ઊભા થયા અને કૅબિનની બહાર નીકળ્યા ત્યારે એને વિદાય આપી એને દિલીપને કહ્યું -

''રાયજાદાસાહેબે મને તમારી બધી હકીકત કહી છે. આમ તો હું બધાને એંશી રૂપિયા પગાર આપું છું પણ તમારી સ્થિતિને ધ્યાનમાં રાખી તમને નેવું આપીશ. કબૂલ છે ?''

''જી હા સાહેબ.''

''તો કાલે સવારે નવ વાગે હાજર થઈ જજો. હું એ વખતે નહિ હોઉં, પણ પેલા ખૂણાના ટેબલ પર મનસુખભાઈ મુનીમ બેસે છે. એને મારું નામ દઈ કહેજો કે આજથી તમે નોકરીએ ચડી ગયા છો. એ જે કામ બતાવે તે કરતા રહેજો. હું બપોરે સાડા ત્રણ ચારે આવીશ ત્યારે તમારું નામ ચોપડે મંડાવી દઈશું.''

અમુભાઈને બે હાથ જોડી નમન કરી દિલીપે વિદાય લીધી.

એકાદ-દોઢ મહિના પછી દિલીપે ફરી રાયજાદાસાહેબની કૅબિનમાં ડોકિયું કર્યું.

એને જોઈને ઍડ્વોકેટે પૂછયું -

''પછી શું થયું ? તું અમુભાઈ શેઠને મળ્યો હતો ?''

''હા.''

''સોરી, હું મારા કામમાં એવો ગળાડૂબ રહ્યો કે મારે શેઠ જોડે વાતચીત થઈ શકી નથી. શું કહ્યું એણે ?''

''બીજા દિવસથી જ એણે મને રાખી લીધો છે.''

''ગુડ, તારું કામ થઈ ગયું ને ?''

''હા... પણ... પણ....'' કહી એ આગળ બોલતા અચકાયો.

''કેમ ચૂપ થઈ ગયો ? પગાર ઓછો આપે છે ?''

''ના. બીજા બધા કરતાં દસ રૂપિયા વધારે આપે છે.''

''તો ? બહુ કડપ રાખતા હશે, નહિ ?''

''એનોય વાંધો નથી. શેઠ હોય એટલે બે વેણ ઉચ્ચારેય ખરા.''

''તો શું થયું ?''

''એ મારી પાસે એનાં ઘરનાં કામ કરાવે છે.''

''એટલે ?''

''એક દહાડો મને ઘર માટે બે માટલાં લેવા બજારમાં મોકલેલો એ તો હું લઈ આવ્યો, પણ હવે શાકભાજી લેવા, કરિયાણું લેવા કે એના ઘરના નાના છોકરાઓને બાલમંદિરે મૂકવા-લેવાનું પણ કામ સોંપે છે.''

''એમાં શું થઈ ગયું ?'' પગાર તો પૂરો આપે છે ને ?'' કહી રાયજાદાસાહેબે મજાક કરી. ''અમુભાઈ તને અત્યારથી જ ચાલુ પગારે ઘરગૃહસ્થીના પાઠ શિખવાડે છે.''

''પણ... પણ...''

''પણ પણ શું ?''

''ઑફિસના બીજા બધા મને ખાનગીમાં અમુભાઈ શેઠનો ઘરઘાટી કહીને બોલાવે છે.''

રાયજાદાસાહેબ ખડખડાટ હસી પડ્યા. પણ દિલીપ તો ગંભીર મોં રાખીને બેઠો હતો.

એના મોં પરના ભાવ કળી રાયજાદાસાહેબે કહ્યું -

''જો ભાઈ, મને ખબર નથી કે તેં મારું ઘર જોયું છે કે નહિ, પણ શહેરના સારા ગણાતા બંગલાઓની હરોળમાં એનું નામ લેવાય છે. આ ઑફિસની બહાર જે કાર ખડી છે એ તો તેં જોઈ જ છે એટલે એના વિશે પણ કશું કહેતો નથી, પણ ઍડ્વોકેટ જશવંતરાય રાયજાદા જ્યારે તારી ઉંમરના હતા ત્યારે બધા એને જશિયો કે જશુડો કહીને બોલાવતા. તે વખતે ઘરમાં એક ટંકના પણ સાંસા. મારે ભણવું હતું એટલે ઘરમાં એક જણની રસોઈ બચાવવા હું એક સુખી કુટુંબમાં જમવા જતો. ઘર ભલે સુખી કુટુંબનું હોય પણ ઘરધરિયાણી મને હંમેશાં રસોડાથી દૂર ચોકમાં બેસાડીને જ જમાડતાં. જમવામાં આગલા દિવસની વધેલી રસોઈ પણ પીરસાતી. બે દિવસ પહેલાંની ભાખરી કે આગલા દિવસનું શાક ભાણામાં પીરસાતું. જમી લીધા પછી મારાં વાસણો મારે માંજવાનાં અને કોરાં કરીને મૂકવાનાં. જમ્યા બાદ એ ઘરનાં લક્ષ્મી અવશ્ય મને એક-બે કામ પરખાવી દેતાં. ક્યારેક ઝાડુ કઢાવતાં તો ક્યારેક કમોદ ખંડાવતા. ક્યારેક ઈસ્ત્રીના કપડાં પણ લોન્ડ્રીમાં લઈ જવા કે લાવવા પડતાં. ભણવા ખાતર બધાંય કામ કરતો. કારણ, મારી સામે 'આજ' નહિ 'કાલ' હતી.

આજે આ રાયજાદાસાહેબ જાતે ગાડી ચલાવવાની તકલીફ પણ નથી લેતા એટલે ડ્રાઈવર રાખવો પડ્યો છે. પણ એક વખત એ સુખી ઘરના છોકરાઓની સાઈકલોને મારે ધોવી પડતી અને ઑઈલ પૂરવું પડતું.... કામ કોઈ દિવસ નાનું કે હલકું નથી હોતું. સારી રીતે કરીએ તો પાયખાનું પણ ચોખ્ખું અને ગંધવિહોણું રાખી શકાય. મહત્તા કામ કરવામાં છે. સારી રીતે કરવામાં છે. એના પ્રકારમાં નથી. આથી વિશેષ તો, ભાઈ, તને શું કહું ?''

રાયજાદાસાહેબની અનુભવવાણી સાંભળી દિલીપ કશું બોલ્યા વિના ચાલતો થયો. એ પછી એ ક્યારેય એની ઑફિસે ડોકાયો નહિ.

★★★

છએક વર્ષ બાદ રાયજાદાસાહેબને એક કંકોતરી મળી. કંકોતરી પાઠવનારા હતા શેઠ શ્રી અમૃતલાલ પ્રાગજી ઠક્કર, એમાં લખ્યું હતું - અમારી સુપુત્રી ચિ. મીનાના શુભલગ્ન વંથળીવાળા શેઠ શ્રી શાંતિલાલ ભગુભાઈ તન્નાના સુપુત્ર ચી. દિલીપ સાથે...

રાયજાદાસાહેબ ચોંક્યા.

તુરત જ એણે એ.પી. એન્જિનિયરિંગ-વાળા અમુભાઈ શેઠને ફોન જોડ્યો.

''કોણ અમુભાઈ ? જશુભાઈ બોલું છું.... હા, હા, કંકોતરી મળીને ! એટલે તો ફોન કર્યો...થેંક્યું, યાદ કરવા બદલ...જી, હા, ચોક્કસ હાજર રહીશ...એમ પૂછું છું કે અમુભાઈ આ દિલીપ તન્ના એટલે વર્ષો પહેલાં મેં તમને જેની નોકરી માટે ભલામણ કરી હતી એ તો નહિ ને ?... અચ્છા ? તો એ જ ? મને પણ લાગ્યું એવું જ.... એમ ? એટલો બધો પસંદ પડી ગયો ?...હેં ? ભાગીદાર બનાવી લીધો ?... નસીબ એ છોકરાના... શું કહો છો તમે ?''

ફોન પરથી અમુભાઈ શેઠ કહી રહ્યા હતા -

''બરાબર નાણીને પછી પસંદગી કરી છે !''...હાહાહાહા.... હું નાણું પછી એમાં કોઈ કસર બાકી રહે ખરી ?.... અરે મારી ઑફિસમાં જોડાયા પછી હું એને મારા બુટ આપી મોચી પાસે પૉલિશ કરાવવા માટે મોકલતો હતો....અરે, એવાં કામ તે કોઈને ગમે ખરાં ?...હું હોઉં તો હુંય મોઢું બગાડું...હા, શરૂઆતમાં એ બગાડતો ખરો...પણ મોતીને બરાબર વીંધ્યું...હા ભાઈ, ઘરના ઝાડું પોતાંય કરાવ્યાં છે, પણ માળો બધી બાબતમાં હોંશિયાર...હા, હા, ઘરનું ને ઑફિસનું બધું કામ ચોકસાઈથી ઉકેલતો...નારે ના,....હવે એવા કામ કરાવાતાં હશે ? ત્રણત્રણ ઑફિસરનો ભાર દિલીપકુમારે સરસ રીતે સંભાળે છે...ના રે ના, હવે દિલીપ કહીને થોડું બોલાવાય ? હવે એ અમારા જમાઈ થયા....એવું નહોતું. જ્ઞાતિમાં ઘણા છોકરા હતા... પણ આ તો અમારી નજર સમક્ષ ને પૂરેપૂરો નામઈ લીધેલો...દૂર કયાં નજર નાખવી ? મીના માટે મને એ યોગ્ય લાગ્યો એટલે...હા જી, જરૂર પધારજો... સહકુટુંબ જમવાનું છે....ભૂલશો નહિ....હવે તો દિલીપકુમાર સાથે તમારે સંબંધ રાખવાનો...તમને કંપનીનો ધંધો એ જ આપશે ને... જરૂર... જરૂર.... જય જલારામ.... ❖❖❖

---

# વેરમાંથી વિદ્યા ભણી

**કુમારપાળ દેસાઈ**

**આ**ચાર્ય હરિભદ્રસૂરિજી એમના બે શિષ્યો હતા હંસ અને પરમહંસ. બન્યું એવું કે આ બંને શિષ્યોની ધર્મઝનૂનીઓએ હત્યા કરી. ધર્મ માનવ હૈયાંને જોડે છે પરંતુ ધર્મને નહીં સમજનાર ધર્મ દ્વારા માનવ હૈયાને તોડે છે.

શિષ્યોની હત્યાના આઘાતથી હરિભદ્રસૂરિજીનું હૃદય ખળભળી ઊઠ્યું. આવા શિષ્યોની વિનાકારણે થયેલી હત્યાનો ઊંડો આઘાત આચાર્યશ્રીના દિલમાં લાગ્યો અને એમાંથી બદલાની આગ જાગી. આચાર્યએ અન્ય ધર્મના ૧૪૪૪ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ઊકળતા તેલની કડાઈમાં જીવતા ભૂંજી નાખવાનો વિચાર કર્યો. આચાર્યશ્રીએ ઉપાશ્રયના દરવાજા બંધ કર્યા. મોટી ભઠ્ઠી સળગાવી. એના પર કડાઈમાં તેલ નાખ્યું અને પછી પોતાના મંત્રબળે એ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને આકર્ષિત કરીને આકાશમાં ઊભા રાખ્યા. આચાર્યશ્રીના વેરની વાતની જાણ યાકિની મહત્તરાને થઈ. એક આચાર્યને હાથે આવો નૃશંસ હત્યાકાંડ ! યાકિની મહત્તરા વેગે ચાલીને ઉપાશ્રયમાં આવ્યાં. ઉપાશ્રયનાં દ્વાર બંધ હતાં. આચાર્ય હરિભદ્રસૂરિએ પોતાની માતા સમાન યાકિની મહત્તરાને કહ્યું, ''હાલમાં મારી ક્રિયા ચાલે છે. થોડા સમય પછી આવજો.''

યાકિની મહત્તરાએ દૃઢ અવાજે કહ્યું, ''મારે તમારું જરૂરી કામ છે. તત્કાળ દરવાજો ખોલો.'' દરવાજો ખૂલ્યો. યાકિની મહત્તરાએ વિનયપૂર્વક આચાર્યશ્રીને વંદન કર્યો અને પછી કહ્યું, ''આચાર્યશ્રી, આપની પાસે પ્રાયશ્ચિત લેવા આવી છું. મને આપ પ્રાયશ્ચિત આપો.'

પ્રકાંડ વિદ્વાન આચાર્ય હરિભદ્રસૂરિ પોતાની જાતને યાકિની મહત્તરાના પુત્ર તરીકે ઓળખાવતા હતા, કારણ કે એ જ યાકિની મહત્તરાનો એક શ્લોક તેઓ સમજી શક્યા નહીં અને એમનો વિદ્વત્તાનો અહંકાર ખંડિત થયો હતો. અંતે વિદ્વત્તામાં પરાજિત થતા રાજપુરોહિત વિદ્વાન હરિભદ્રે જિનદત્તસૂરિજી પાસે દીક્ષા લીધી. માતા સમાન સાધ્વી સામે ચાલીને શેનું પ્રાયશ્ચિત લેવા આવી છે તે જાણવાની શ્રી હરિભદ્રસૂરિને જિજ્ઞાસા જાગી.

યાકિની મહત્તરાએ કહ્યું કે ચાલતાં ચાલતાં અજાણતાં એમના પગ નીચે એક દેડકો દબાઈ ગયો. એક પંચેન્દ્રિય જીવની હિંસાથી એમનો આત્મા અપાર વેદના અનુભવે છે. આ હિંસાનું પ્રાયશ્ચિત ચાહે છે, કારણ કે જો આલોયણા કર્યા વિના કદાચ તેમનું આયુષ્ય પૂર્ણ થઈ જાય તો તો વિરાધક બની જાય. આચાર્ય હરિભદ્રસૂરિએ જરા ઊંચા અવાજે કહ્યું, ''ઓહ ! તમે પંચેન્દ્રિય જીવનું ધ્યાન રાખી શક્યાં નહિ ? એનું તમારે પ્રાયશ્ચિત્ત કરવું જ પડશે.''

યાકિની મહત્તરાએ પ્રાયશ્ચિત્તનો વિનયપૂર્વક સ્વીકાર કરીને કહ્યું, ''મારાથી અજાણતાં થયેલા એક તિર્યંચ પંચેન્દ્રિય જીવની (દેડકાની) હિંસાનું પ્રાયશ્ચિત્ત તો મને મળ્યું, પરંતુ તમે ૧૪૪૪ મનુષ્યોની જાણી-જોઈને હિંસા કરી રહ્યા છો તેનું પ્રાયશ્ચિત શું થશે ?''

યાકિની મહત્તરાના આ શબ્દો સાંભળતાં જ આચાર્યશ્રી હરિભદ્રનો ક્રોધ શાંત થઈ ગયો. અધ્યાપકો અને વિદ્યાર્થીઓને મંત્રબળે બોલાવ્યા હતા, તેમને પાછા મોકલી આપ્યા. પોતાના દુષ્કૃત્ય કરવાના વિચારના પ્રાયશ્ચિત્ત રૂપે ક્ષમા આદિ ગુણોને પ્રગટ કરે તેવા ૧૪૪૪ ગ્રંથોની રચના કરી. પારાવાર ક્રોધ પાવન ક્ષમામાં પલટાઈ ગયો, વેરની ભાવના વિદ્યાના તપમાં બદલાઈ ગઈ.

❖❖❖

# ખીચડી જમો અને જમાડો



**થો**ડાં વર્ષો પહેલાં પ્રાચીન ભારતની વિરાસતમાં રસ પડ્યો. પ્રકૃતિને ખૂબ નજીકથી જોવા અને સમજવા લાગ્યા. વિશ્વમાં જંકફૂડ અને ફાસ્ટફૂડનો વધેલો વ્યાપ અને તેને કારણે થતા નુકસાનને લીધે દિલ દ્રવી ઊઠ્યું. ભારતીય ખાણીપીણી સંસ્કૃતિનો અભ્યાસ કર્યો.

'ખીચડી એક એવી વાનગી છે જે અનેક રીતે વિશિષ્ટ છે. નાના હતા ત્યારે ખીચડી ખાતા, પરંતુ ખીચડીમાં આટલી બધી શક્તિ છે કલ્પના નહોતી.'

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના 'પ્રોફેસર ગોલકિયા સાહેબે ખીચડી અંગે ખાંખાંખોળાં કર્યાં'. આગળ જતા 'વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી એ પણ ખીચડી ઉપર સંશોધન કર્યું કે, ખીચડી ગરીબ કે બિચારી નથી, એ તો મોટો વૈભવ છે.

૧૦ હજાર વર્ષ પહેલાં ખીચડી હતી. આયુર્વેદ, ઋષિ-મુનિઓ પણ ખીચડીની હિમાયત કરતા.

'મગ અને ચોખા બંને અત્યંત પવિત્ર અને શક્તિશાળી ધાન્ય છે.'

ખીચડી એ શુકનવંતો આહાર છે. ખીચડી માના દૂધ જેવી પવિત્ર છે. દેવ અને દેવીઓને પણ ખીચડી વહાલી છે. તેના અપાર અને અમાપ ગુણ છે. એ માત્ર ચાર કલાકમાં ડાયજેસ્ટ થઈ જાય છે. ખીચડી ખાવાથી મન પણ નિર્મળ થાય છે. આપણા ત્યાં કહેવત છે કે 'જેવું અન્ન, તેવું મન.'

'મગ-ચોખાની બનેલી ખીચડીમાં ગાયનું ઘી ઉમેરીને ખાવાથી શરીર અને મનને મોટો ફાયદો થાય છે.'

કહે છે કે, ભારતમાં જો જંકફૂડને બદલે ખીચડીનું પ્રચલન કરવામાં આવે તો ભારતની અનેક સમસ્યાઓ ઉકેલી જાય. માંદગી ઘટી જાય. લોકોનાં તન અને મન સ્વસ્થ થાય. આત્મહત્યાઓ ઘટી જાય.

બ્રહ્મ ખીચડીમાં વિવિધ પ્રકારનાં શાકભાજી હોય છે જે ખાનાર ને ભોજનના સંતોષની અનુભૂતિ કરાવે છે.

બીજું ફ્રિદીના ખીચડી' જે ઘણાં રોગો મટાડે છે.

આપણી અનેક વાનગીઓ વિશિષ્ટ છે. 'દેશી હાંડવો ૫૦૦ વર્ષ જૂનો છે.' અનેક ચટણીઓ ૧૦૦-૧૫૦ વર્ષ જૂની છે. આ બધાં પોષક તત્વોનો ભંડાર છે. તેમનું કહેવું છે કે, ખીચડીમાં તો ૧૬ પ્રકારનાં પોષક તત્વો હોય છે. તેમાંઃ

એનર્જી (૨૮૦ કેલેરી), પ્રોટીન (૭.૪૪ ગ્રામ), કાર્બોહાઈડ્રેટ (૩૨ ગ્રામ), ટોટલ ફેટ (૧૨.૬૪ ગ્રામ), ડાયેટરી ફાઈબર (૮ ગ્રામ), વિટામીન એ (૯૯૪.૪ આઈયુ) વિટામીન બી૬(૦.૨૪ મિલી ગ્રામ), વિટામીન સી(૪૬.૩૨ મિલી ગ્રામ), વિટામીન ઈ (૦.૩૨ આઈયુ), કેલ્શિયમ (૭૦.૩૨ મિલી ગ્રામ), આર્યન (૨.૭૬ મિલિ ગ્રામ), સોડિયમ (૧૦૧૫.૪ મિલી ગ્રામ), પોટેશિયમ (૭૫૩.૬૪ મિલી ગ્રામ), મેગ્નેશિયમ (૭૧.૧૨ મિલી ગ્રામ), ફોસ્ફરસ (૧૩૮.૩૨ મિલી ગ્રામ) અને જીંક (૧.૧૨ મિલી ગ્રામ) હોય છે.

ખીચડી 'માટીના વાસણમાં' બનાવવામાં આવે તો તેની ગુણવત્તા અને સ્વાદ વધી જાય છે તેવું કહેવાય છે. જૂના કાળમાં લોકો માટીના વાસણમાં જ ખીચડી બનાવતા હતા.

'તૈતરિય ઉપનિષદ' ના એક શ્લોકનો હવાલો કહે છે કે, 'અન્ન બ્રહ્મ છે' કારણ કે, અન્નથી જ દરેક પ્રાણી ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયા પછી અન્નથી જ તે જીવિત રહે છે અને છેલ્લે મરણ પશ્ચાત પણ અન્નમાં જ પ્રવેશ કરી જાય છે.

'ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને' કહ્યું છે કે, 'મનુષ્યના શરીરમાં હું જઠરાગ્નિ સ્વરુપે વસુ છું.' તેમણે એમ પણ કહ્યું છે કે, આયુષ્ય, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનાર, સડો ન થાય અને સ્થિર રહે તેવો, હૃદયને વલોપાત ન કરાવે તેવો, રસાવાળો, ચીકાશવાળો હોય તેવા આહારના પદાર્થો સાત્વિક મનુષ્યોને પ્રિય હોય છે. આપણી ખીચડીમાં આ બધા ગુણ સામેલ છે.

એ સમય ખૂબ ઝડપથી આવશે કે લોકો સનાતન સત્યને સમજીને પાછા ભારતીય ખાણીપીણી તરફ પાછા વળશે. ખીચડી તેમાં સર્વોત્તમ છે એટલે લોકો ચોક્કસ ખીચડીમય બનશે. અને એ વખતે લોકોનું સ્વાસ્થ્ય સુધરશે. ભલે આપણે અત્યારે ખીચડીને ભૂલી ગયા છીએ પણ 'દેશ-વિદેશના અનેક વ્યંજનો કરતાં આપણી આ ખીચડી હજારો ગણી ચડિયાતી છે.'

'એક બાજુ કરોડો યુવાનો રોજ ફાસ્ટફૂડ ખાઈને પોતાનું આરોગ્ય બગાડી રહ્યા છે' અને બીજી બાજુ તેઓ ખીચડી જેવા પરમ ખોરાકથી દૂર રહીને મોટું નુકસાન પણ વેઠી રહ્યા...!! માટે આજ થી જ ચાલુ કરો. 'ખીચડી'

❖❖❖

# વંદના

ફેબ્રુઆરી ૨૦૦૭નો સમયગાળો. વડોદરાથી ૫૦ કિ.મી. દૂર આવેલું ૩૦ હજારની વસ્તી ધરાવતું એક ગામ જ્યાં ૮૦ વર્ષના એક વૃદ્ધ સ્થાનિક ડોક્ટરો પાસે કેન્સરની સારવાર કરાવી રહ્યા હતા. કેન્સર જેવી બીમારીનો ઈલાજ સ્થાનિક તબીબોના ગજા બહારની વાત હોવાથી ફેમિલી ડોક્ટરે વૃદ્ધને ચેન્નાઈની પ્રસિદ્ધ 'અડયાર કેન્સર હોસ્પિટલ'માં ઈલાજ માટે જવા સલાહ આપી અને વૃદ્ધની સારવાર માટે ડોક્ટર દ્વારા તમામ ગોઠવણ અહીંથી જ ફોન કરીને કરી આપવામાં આવી.

એક મહિનો ચેન્નાઇ રહી અને સારવાર કરવાની હતી, જેથી બે પુત્રોમાંથી કોઈ એક મહિનો સાથે જઈ અને રહી શકે તેમ ન હોવાથી વૃદ્ધ પોતાની ૭૫ વર્ષની પત્નીને સાથે લઈને ચેન્નાઇ સારવાર કરાવવા નીકળ્યા. ચેન્નાઇ ટ્રેન પહોંચતા પાંચ કલાક મોડી પડી અને રાત્રે નવ વાગે ચેન્નાઇ ઉતરી અને વૃદ્ધ દંપત્તિ રીક્ષા દ્વારા કેન્સર હોસ્પિટલ પહોંચ્યું. રીક્ષાથી રાત્રે દસ વાગ્યા પછી હોસ્પિટલના કેમ્પસમાં પહોંચેલા વૃદ્ધાએ પૈસા ચૂકવી અને પતિને 'નીચે ઉતરો હવે' તેમ કહ્યું ત્યારે જોયું કે પતિનો દેહ નિશ્ચેત છે. વૃદ્ધા ગભરાયા અને દોડીને હોસ્પિટલમાં ગયા ત્યાં ચેન્નાઈમાં ભાષાની ભારે તકલીફ પડી પણ વૃદ્ધાના ઈશારાઓથી ચેન્નાઇના ડોક્ટરો કંઈક સમજ્યા અને બહાર આવી વૃદ્ધને ચકાસીને જણાવ્યું કે, તેઓનો દેહાંત થઇ ચુક્યો છે.

વૃદ્ધના મૃતદેહને રીક્ષામાંથી ઉતારી સ્ટ્રેચર ઉપર મૂકી દેવામાં આવ્યો. હોસ્પિટલમાં દર્દીને દાખલ કરી શકાય પણ મૃતદેહને નહીં એટલે હોસ્પિટલના કેમ્પસમાં જ સ્ટ્રેચર ઉપર મૃતદેહ મૂકી રાખવામાં આવ્યો. રાતે દસ વાગ્યા પછીનો સમય હતો. હોસ્પિટલનું ચોગાન પણ



સુમસામ હતું અને ૭૫ વર્ષની વૃદ્ધા ઘરથી ૧૮૦૦ કિલોમીટર દૂર પતિના મૃતદેહ સાથે અજાણ્યા મહાનગરમાં એકલી હતી, જ્યાં કોઈ તેની ભાષા સમજતું ન હતું કે તે કોઈની ભાષા સમજતી ન હતી. દરમ્યાન માઠા સમાચાર આપવા વૃદ્ધાએ ઘરે દીકરાને ફોન જોડ્યો. ઘરે અમંગળના સમાચાર મળતા પરિવારજનો ભાંગી પડ્યા પણ તેથી વધુ દુ:ખ એ હતું કે ઘરથી આટલા દૂર પિતાના મૃતદેહ સાથે માતા એકલી તો હવે કરવું શું..!! સંબંધી અને આસપાડોસમાં સમાચાર વહેતા થયા અને લોકો એકત્રિત થવા લાગ્યા. તપાસ કરી પણ ટ્રેન કે વિમાન દ્વારા ચેન્નાઇ ચોવીસ કલાક પહેલા પહોંચવું કે ત્યાંથી મૃતદેહ અહીં લાવવો બંનેમાંથી કાંઈ જ કોઈપણ રીતે શક્ય ન હતું. છેવટે ભીડમાં મોજુદ આધેડ વયના અશોકભાઈએ પોતાની રીતે પ્રયત્નો શરુ કર્યા.

અશોકભાઈ વડોદરાની એમ.એસ. યુનિવર્સીટીમાં ભણતા હતા ત્યારે ત્રીસ વર્ષ અગાઉ તેઓના ગ્રુપમાં વંદના નામની છોકરી હતી. તેના લગ્ન ચેન્નાઇ થયા હતા અને ત્યારે તેઓ તેના લગ્નમાં ગયા હતા તેવું યાદ આવતા અશોકભાઈ એ પોતાના મિત્ર વર્તુળમાં રાતે અગિયાર વાગે ફોન જોડવાના પ્રયત્નો શરુ કર્યા. લગ્ન બાદ વંદના સાથે કોઈ સંપર્ક ન હતો છતાં પાંચ-છ મિત્રોનો સંપર્ક કર્યા બાદ વંદનાના વડોદરા ખાતેના પિયરનો લેન્ડલાઈન નંબર મેળવી શકાયો. આ પ્રક્રિયા દરમ્યાન રાતના એક વાગી ગયો હતો. પરિવારના સભ્યો સતત ચેન્નાઇમાં પોતાની માતાના સંપર્કમાં હતા પણ ઉપરાઉપર ફોન ચાલુ રહેવાને કારણે ચેન્નાઇમાં વૃદ્ધાની મોબાઈલની બેટરી ઉતરી ગઈ અને સંપર્ક તૂટી ગયો. અશોકભાઈએ રાતે એક વાગ્યા બાદ વંદનાના વડોદરા ખાતે પિયરના ઘરે ફોન કરી એક પ્રયત્ન કરવાનું ઠીક માન્યું. રાત્રે રિંગ વાગી તો કોઈક કિશોરીએ ફોન ઉપાડ્યો. અશોકભાઈએ વંદના વિષે પૂછતાં કિશોરીએ જણાવ્યું કે, 'તે મારા ફોઈ છે અને ચેન્નાઇ જ રહે છે. તેઓની દીકરીનું પરમ દિવસ લગ્ન છે એટલે મારા પરિવારના તમામ સભ્યો ચેન્નાઇ ગયા છે. મારે માર્ચમાં બોર્ડની પરીક્ષા છે એટલે હું નથી ગઈ અને મારા બા અને હું અહીં જ છીએ.'

અશોકભાઈએ વંદનાનો ચેન્નાઇનો નંબર માંગતા મળી ગયો અને રાત્રે દોઢ વાગ્યાના અરસામાં ખચકાતા ખચકાતા અશોકભાઈએ વંદનાના મોબાઈલ પર ફોન કર્યો. બીજા દિવસે વંદનાની દીકરીનું લગ્ન હતું જેથી શું વાત કરવી અને કઈ રીતે કહેવું તે માટે અશોકભાઈ અવઢવમાં હતા ત્યાં વંદનાના પતિએ ફોન ઉપાડ્યો.

અશોકભાઈએ પોતાનો પરિચય આપી વંદના સાથે વાત કરાવવા કહ્યું. વંદનાને તેના પતિએ ફોન આપ્યો તો અશોકભાઈએ વંદનાને સમગ્ર બાબત જણાવી અને કહ્યું કે, તારી દીકરીનું લગ્ન છે તેવા સમયે ત્રીસ

વર્ષ પછી જિંદગીમાં પહેલીવાર તને ફોન કરું છું પણ આવી મજબૂરી છે. તારાથી થાય તો મદદ કર બોલતા અશોકભાઈનું ગળું ભરાઈ આવ્યું.

વંદનાએ નામ અને સરનામું લીધું અને બને તે મદદ કરવાની ખાતરી આપી. છત્રીસ કલાક બાદ જેના ઘરના આંગણામાં દીકરીને પરણવા જાન આવવાની હતી તે વંદના તેના પતિને લઈને રાતે અઢી વાગે ચેન્નાઈની કેન્સર હોસ્પિટલમાં પહોંચી અને એ વૃદ્ધાને મળી. અજાણ્યા પ્રદેશમાં કોઈ ગુજરાતી માણસ શોધતો આવીને મળતા દસ વાગ્યાના પતિની લાશ સાથે મુર્તિવંત બનીને બેઠેલી વૃદ્ધા દિલ ખોલીને વંદનાના ખભા ઉપર માથું મૂકી રડી. દરમ્યાન વંદનાના પતિએ હોસ્પિટલના જવાબદારો સાથે વાત કરી મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં મુકાવવાની વ્યવસ્થા કરી અને મૃતક વૃદ્ધના પરિવાર સાથે પરામર્શ કરીને મૃતદેહને ચેન્નાઈમાં જ અંત્યેષ્ઠી કરવાની વાત નક્કી કરી. વંદનાને વૃદ્ધા સાથે છોડી અને એનો પતિ અંતિમ ક્રિયાની તૈયારી કરવામાં લાગી ગયો.

સવારે સાત વાગે હોસ્પિટલના ચોગાનમાં એક એક કરીને માણસ ભેગા થવા લાગ્યા. આઠ વાગ્યાની આસપાસ ચારસો ગુજરાતીઓ હોસ્પિટલના ચોગાનમાં ભેગા થઈ ગયા. વંદનાનો પતિ અંતિમ સમાન લઈને આવ્યો. જરૂરી વિધિ પતાવી ચેન્નાઈમાં ચારસો ગુજરાતીઓ એક અજાણ્યા ગુજરાતીનો મૃતદેહ લઈ રામ નામનો જાપ કરી સ્મશાન પહોંચ્યા અને મૃતદેહને પંચમહાભૂતમાં વિલીન કર્યો.

વંદનાએ વૃદ્ધાને પોતાને ત્યાં લઈ જઈ થોડા સ્વસ્થ કર્યા અને ચેન્નાઈથી વડોદરા આવવા ટ્રેનમાં રવાના કરવાની વિધિ પતાવી. બીજે દિવસે દીકરીની જાન આવવાની હતી એટલે લગ્નમાં મોસાળું કરવા આવેલા ભાઈને 'મોસાળું કરવાની જવાબદારી બીજા નિભાવી લેશે તું માજીને ઘરે પહોંચાડવાનું કામ કર' કહીને ભાઈને માજી સાથે જ ટ્રેનમાં વડોદરા રવાના કર્યો.

વંદનાના ઘરે લગ્ન પતિ ગયાના બે સપ્તાહ બાદ વંદના પોતાના પિયરમાં અને સગા-સંબંધીઓને ત્યાં દીકરી જમાઈને લઈ આવીને ગુજરાતમાં કુળદેવીના મંદિર ખાતે નવપરણિત યુગલને પગે લગાડવાના હતા ત્યારે વંદના ચેન્નાઈથી અસ્થિ કળશ અને મૃત્યુનું પ્રમાણપત્ર પણ સાથે લઈને આવવાનું ન ભૂલી. એટલે જ કહેવાય છે કે 'જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'

*(મારી હૃદયની સૌથી નજીક છે તે પૈકીની આ એક સત્ય ઘટના)*

❖❖❖

**એ**ક યુવકે પત્નીની ચડામણીથી પોતાની મમ્મીને વૃદ્ધાશ્રમમાં દાખલ કરી. ત્રણચાર મહિના પછીની એક રાતે અચાનક મમ્મીની આંખ ખૂલી ગઈ. પોતાના એકના એક દીકરાના સુખ માટે એણે જે કાંઈ વેઠ્યું હતું, એ બધું એને યાદ આવી ગયું. એની આંખમાંથી આંસુઓ ચાલ્યાં. હિબકે હિબકે એ રડવા લાગી. એને છાનું રાખનાર કોઈ હાજર હતું નહીં એટલે એ પોતાની મેળે જ અડધા કલાકમાં શાંત થઈ ગઈ. કમરામાં લાઈટ કરી, પોતાનું મોઢું ધોયું. પલંગ પર બેઠી અને અચાનક એની નજર સામેની ભીંત પર લટકી રહેલા કેલેન્ડર પર પડી. એની આંખમાં ચમક આવી ગઈ. ઓહ ! આજથી બરાબર ત્રીસ વરસ પહેલા આ જ તારીખે અને રાત્રિના આ જ સમયે મેં મારા લાલને જનમ આપ્યો હતો. એ



પોતાની લાગણીને રોકી ન શકી કારણકે આખરે એ મા હતી, લાગણીનો મહાસાગર હતી. પલંગ પરથી ઊભી થઈને એ કમરામાં એક બાજુ ગોઠવાયેલા ટેલિફોન પાસે ગઈ. ડાયલ ઘુમાવ્યું. સામે છેડે દીકરો આવ્યો. 'કોણ ?'

'બેટા ! હું તારી મમ્મી !'

'પણ આટલી મોડી રાતે ફોન કરવાની તારે જરૂર શી હતી ?'

બેટા ! જરૂર તો કાંઈ નહોતી. પણ ત્રીસ વરસ પહેલાં આ જ તારીખે આ જ સમયે તને મેં જન્મ આપ્યો હતો એ મને યાદ આવી ગયું એટલે શુભાશિષ પાઠવવા તને ફોન કર્યો.'

'એ શુભાશિષ તો સવારનાય આપી શકતી હતી. અત્યારે રાત્રે ત્રણ વાગ્યે આવું નાટક કરવાની તારે શી જરૂર હતી ?'

'બેટા ! માની લાગણીને નાટક કહેવાનું પાપ તું કરીશ નહીં. તારા પ્રત્યેનો પ્રેમના હિસાબે જ મેં અત્યારે તને ફોન કર્યો છે.'

'પણ તને ખબર છે ? અત્યારે ફોન કરીને તે મારી ઊંઘ બગાડી નાંખી છે !'

'બેટા ! મારા અત્યારે ફોન કરવાથી તારી ઊંઘ બગડી છે એ વાત સાચી, પર ત્રીસ વરસ પહેલાં મેં તને જન્મ આપેલો ત્યારે મારી તો આખી રાત બગડેલી એ તને યાદ છે ખરૂં ?' આટલું કહી મમ્મીએ રડતાં રડતાં ફોન મૂકી દીધો.

❖❖❖

# તારા વિના સૂરજ તો ઊગ્યો, પણ આકાશ આથમી ગયું

☐ ડૉ. શરદ ઠાકર

બંને આંખથી અંધ એવા રાજેશે પૂછ્યું, 'ડૉક્ટર સાહેબ, શું લાગે છે ?'

ડૉ. પાઠકે હસીને જવાબ આપ્યો, 'અભિનંદન ! તમારી પત્ની પ્રેગ્નન્ટ છે. અઢી મહિના થયા છે.'

'એ તો સમજ્યા સાહેબ, પણ મને એ કહો કે ગર્ભ સારો ને તંદુરસ્ત તો છે ને ?'

'હા, મેં ચિત્રાબહેનની સોનોગ્રાફી કરીને એમના ગર્ભાશયની અંદર રહેલા ગર્ભ વિશે સંપૂર્ણ જાણકારી મેળવી લીધી છે. ગર્ભ તદ્દન નૉર્મલ લાગે છે.' ડૉક્ટર પોતાની ધૂનમાં હતા અને રૂટિન જવાબ આપ્યો જતા હતા. સામે બેઠેલા રાજેશ અને ચિત્રા કંઈક જુદું જ પૂછવા માગતાં હતાં. એ પતિપત્ની બંને અંધ હતાં. એમને એક જ વાતનો ડર હતો કે ક્યાંક એમનું આવનારું સંતાન પણ અંધ ન જન્મે.

જે સવાલ રાજેશભાઈ ન પૂછી શક્યા, તે ચિત્રાબહેને પૂછી લીધો, 'ડૉક્ટર સાહેબ, અમારે બીજું કંઈ નથી જાણવું, માત્ર એટલું કહી દો અમારા બાળકની આંખો તો બરાબર હશે ને ?'

હવે ડૉક્ટર મૂંઝાયા, 'બહેન, એની ખબર અત્યારે ન પડે. એ તો જ્યારે બાળકનો જન્મ થાય, ત્યારે...'

'પણ એ વખતે ખબર પડે કે અમારો દીકરો કે દીકરી પણ અમારી જેમ અંધ છે, ત્યારે શું કરવાનું ?'

'પણ તમે બંને એવું ધારા શા માટે લો છો ? મમ્મી-પપ્પા બંને અંધ હોય એટલે એમનું સંતાન પણ આંધળું જ જન્મે તે વાત સાચી નથી, ફક્ત ભ્રમ છે, અફવા છે, ગેરસમજ છે. કોઈક વાર જવલ્લે જ એવું બનતું હોય છે. એની વે, મને એ કહો કે



તમે બંને જન્મથી અંધ હતાં કે અમુક ઉંમર થયા પછી તમે દૃષ્ટિ ગુમાવી બેઠાં ?'

'એ કહાણી અત્યંત આઘાતજનક છે, સાહેબ !' ત્રીસ વર્ષના પ્રજ્ઞાચક્ષુ રાજેશે આંખ ઉપરનાં કાળાં ચશ્માં સરખાં કર્યાં અને વાત વહેતી કરી, 'હું ત્યારે બારમા ધોરણમાં ભણતો હતો. મારી ઉંમર સત્તર વર્ષ હતી. બોર્ડની પરીક્ષા પરી થઈ એટલે વૅકેશનની મજા માણવા માટે હું મારા મામાના ઘરે પહોંચી ગયો. મારું મોસાળ ભોપાલમાં હતું. બધું સરસ રીતે ચાલી રહ્યું હતું ત્યાં અચાનક એક મોટી દુર્ઘટના સર્જાઈ ગઈ. ભોપાલની ગેસદુર્ઘટના. કાર્બાઈડનો ઝેરી ગૅસ હાહાકાર મચાવી ગયો. સેંકડો લોકો મરી ગયા, બીજા હજારો કેમિકલની અસરમાં આવીને અસાધ્ય બીમારીઓનો ભોગ બની ગયા. જે મરી ગયા તે છૂટી ગયા, જે બચી ગયા તે મરવાના વાંકે જીવી રહ્યા છે.'

'તમે પણ એમાંના એક ?'

'હા, ગૅસમાં રહેલા કેમિકલની અસર મારી બંને આંખો ઉપર થઈ. ડૉક્ટરો જેને કોર્નિયા કહે છે તે ખલાસ થઈ ગયું. મેં દૃષ્ટિ ગુમાવી દીધી.' રાજેશભાઈ ખામોશ થઈ ગયા. કન્સલ્ટિંગ રૂમનું વાતાવરણ બોઝીલ બની ગયું. કાર્બાઈડની ઝેરી વાસ આટલાં વરસે, આટલે દૂર ફરી એક વાર યાતના બનીને છવાઈ ગઈ.

ડૉક્ટરે વાત બદલવાના હેતુથી પૂછ્યું, 'અને ચિત્રાબહેનને શું થયું હતું ? એ જન્મથી જ અંધ હતાં કે પછી કોઈ બીમારીના કારણે ?'

'સાહેબ, અમારા બંનેની જન્મકુંડળીમાં ભોપાલ નામનો રાહુ અને કાર્બાઈડ નામનો કેતુ નીચના સ્થાનમાં હોવા જોઈએ. ચિત્રા પણ એ વખતે ભોપાલમાં જ હતી. એનાં બહેન-બનેવીના ઘરે વૅકેશન ગાળવા આવી હતી. હસતી, ખેલતી નાચતી કૂદતી ભોપાલ આવી હતી, આંખે પટ્ટી બાંધેલી હાલતમાં ઘરે પાછી ફરી. એ દિવસથી અમારી જિંદગીમાં કાયમ માટે સૂરજનો અસ્ત થઈ ગયો. હવે અમે છીએ, અમારી કાયમની સાથીદાર એવી અમાસ છે અને ઘંટડીવાળી લાકડીઓ છે.

'તમારાં લગ્ન ?'

'માણસ પોતાને લાયક પાત્ર શોધી લે છે. અમે બેયની પાસે જીવનસાથીની પસંદગી માટે કોઈ વિકલ્પ જ કયાં બચ્યો હતો ? કોઈ પરિચિતે અમારા પરિવારોનો ભેટો કરાવી દીધો. 'અંધ અંધ અંધારે મળ્યાં...' એ પંક્તિ જેવો ઘાટ રચાયો. અમે પરણી ગયાં.'

'એકમાંથી બે થયાં...અને હવે ત્રણ થવાની તૈયારીમાં છો.' ડૉક્ટરે વાતાવરણને ભારેમાંથી હળવું બનાવી દેવાના આશયથી કહ્યું, પણ એમાં તો રાજેશ-ચિત્રાને મૂળ વાત યાદ આવી ગઈ.

'સાહેબ, અમે જાણવા માગીએ કે અમારું બાળક અમારા બંનેનો અંધાપો વારસરમાં લઈને તો નહીં આવે ને ! પતિ-પત્ની પૂછી રહ્યાં.

સમય પસાર થતો ગયો. ડૉ. પાઠક સમયાંતરે ચિત્રાને ચેકઅપ માટે બોલાવતા રહ્યા. જરૂરી દવાઓ, સૂચનાઓ અને

હિંમત આપતા રહ્યા. આખરે ડી-ડે આવી પહોંચ્યો. ડી-ડે એટલે ડેથનો નહીં પણ ડિલિવરીનો ડે. ચિત્રાએ ઘણાબધા યાતનાસભર કલાકોના અંતે એક દીકરાને જન્મ આપ્યો. સિઝેરિયનની જરૂર ન પડી. નવજાત શિશુ જન્મ પછી તરત જ રડવા લાગ્યું. ડૉક્ટરે એને ઝીણવટપૂર્વક તપાસી લીધું.

ચિત્રા થાક અને પીડાની મારી પરસેવે રેબઝેબ હતી. તરસના માર્યા એનો પ્રાણ જતો હતો, પણ એને પાણી ન માગ્યું, પાણીને બદલે ડૉક્ટર પાસેથી જવાબ માગ્યો, 'સાહેબ, મારે એ નથી જાણવું કે દીકરી આવી કે દીકરો ! પણ એટલું કહી દો કે એની આંખો સારી છે ને ?'

ડૉક્ટરે વિજ્ઞાનની વ્યાખ્યામાં બંધાયેલો ઉત્તર આપ્યો, 'બહેન, તમે દીકરાને જન્મ આપ્યો છે અને એની આંખો બહારથી તો નૉર્મલ દેખાય છે.'

'બહારથી એટલે ? તમે કહેવા શું માગો છો ?' ચિત્રા ચીસ પાડી ઊઠી.

'આમ ડરી ન જાવ, બહેન ! વાત એમ છે કે નવજાત શિશુ જોઈ શકે છે કે નહીં તે માત્ર એની આંખો જોઈને ન કહી શકાય. એના માટે તો આંખના નિષ્ણાત ડૉક્ટરને બતાવવું પડે. ખાસ સાધન કે યંત્રની મદદથી એની તપાસ કરવી પડે. એ પછી જ કહી શકાય કે તમારું બાળક... અને આવું બધું તો તમને આટલી ફિકર થાય છે એટલા માટે કરવું પડે. નહીંતર આ દેશમાં રોજ હજારો-લાખો બાળકો જન્મ લે જ છે ને ! એ બધાંની ક્યાં તપાસ કરાવવી પડે છે ?'

ચિત્રાને તો માંડ સમજાવીને શાંત પાડી દીધી, પણ જ્યાં ડૉ. પાઠક લેબરરૂમમાંથી બહાર નીકળ્યા, ત્યાં જ રાજેશ સવાલોનાં શસ્ત્રો સાથે તૈયાર જ ઊભો હતો, 'શું થયું સાહેબ ! બાબો છે કે બેબી ? ચિત્રાને કેમ છે ? બાળકને કેવું છે ? ખાસ તો એની આંખો ? એ જોઈ તો શકે છે ને ?' ફરી પાછો એ જ ખુલાસો અને એ જ દિલાસો. સમય વીતતો ગયો, સવાલો વધતા રહ્યા. બાળકોના નિષ્ણાત ડૉક્ટર આવીને બાળકને તપાસી ગયા. બધું બરાબર હતું. સમય પાક્યો ત્યારે ચિત્રાને રજા પણ આપી દેવામાં આવી. દીકરાનું નામ રાખ્યું શ્રવણ.

ધીમે ધીમે એ સ્પષ્ટ થઈ ગયું કે શ્રવણની આંખો સારી છે, એ બધું જોઈ શકે છે, પણ શંકાનું કોઈ ઓસડ નથી હોતું. ચિત્રાની ચિંતાથી કંટાળીને આખરે ડૉ. પાઠકે એને રેફરન્સ નોટ લખી આપી. આ ડૉક્ટર આપણા શહેરના આંખોના વિષયના શ્રેષ્ઠ ડૉક્ટરોમાંના એક છે. તેમની પાસે આધુનિક મશીનોની સુવિધા પણ ઉપલબ્ધ છે. તમે શ્રવણને એમની પાસે લઈ જાવ.

નેત્ર વિશેષજ્ઞે ઘનિષ્ઠ તપાસ પછી કહ્યું, 'નથિંગ રોંગ વિથ યોર ચાઈલ્ડ. તમારો શ્રવણ તદ્દન નૉર્મલ વિઝન ધરાવે છે.'

'હાશ ! ત્યારે તો અમારી ઈચ્છા અવશ્ય ફળીભૂત થશે.' ચિત્રા-રાજેશ એક સાથે બોલી ઊઠ્યાં. ડૉક્ટરને આશ્ચર્ય થયું. એવી તે કઈ ઈચ્છા હતી જે પૂરી થવાના અણસાર માત્રથી આ અંધ માતાપિતા આમ ઊછળી પડ્યાં હતાં ! ?

'અમારી એ જ ઈચ્છા છે કે રામાયણકાળના શ્રવણનાં માતા-પિતાની હતી. અમે પણ અંધ છીએ. શ્રવણ મોટો થશે. કાવડનો જમાનો પૂરો થયો. અમારો શ્રવણ બસમાં કે ટ્રેનમાં બેસાડીને અમને ચારધામની યાત્રા કરાવશે. જો એ પણ અમારી જેમ અંધ હોય તો અમારું શું થાત ? હવે અમે દીકરાની આંખથી ભગવાનનાં દર્શન કરીશું.'

કહેવાય છે કે માનવીના હૃદયમાંથી જન્મેલી ઉત્કૃષ્ટ પ્રાર્થના ભગવાનના કાન સુધી અવશ્ય પહોંચે છે. ચિત્રા-રાજેશની પ્રાર્થના ઉપર સુધી પહોંચી હશે ખરી ?

અઢાર વર્ષનો યુવા શ્રવણ, તેજસ્વી અને સોહામણો શ્રવણ. હજુ તો કૉલેજમાં ભણતો હતો, એટલે એમની પાસે કાર તો ક્યાંથી હોય ? પણ મમ્મી-પપ્પા પ્રત્યેનો પ્રેમ એનામાં છલોછલ હતો. વરસોથી એ સાંભળતો આવ્યો હતો, 'બેટા, તું કમાતો થાય એટલે અમને ચારધામની જાતરા કરાવજે. અમને ભલે દેખાતું ન હોય, અમે તારી આંખે ભગવાનનાં દર્શન કરીશું.'

શ્રવણ જ્યાં જાય ત્યાં મા-બાપને સાથે લઈને જાય. વચ્ચે પોતે ચાલે, ડાબે-જમણે મા અને બાપ રહે. એક વાર ધોળે દિવસે ભરચક રસ્તા પરથી ત્રણેય જઈ રહ્યાં હતાં. શ્રવણે રસ્તાની સામેની બાજુએ ફળોની લારી જોઈ. એણે કહ્યું. 'મમ્મી ! પપ્પા ! તમે બંને અહીં જ ઊભાં રહેજો. જરાય ખસતાં નહીં. હું હમણાં જ આવ્યો.'

શ્રવણ ક્યારેય પાછો ન આવ્યો. રસ્તો ક્રોસ કરતો હતો ત્યાં જ બસની ટક્કરે એને ફૂટબોલની જેમ હવામાં ઉછાળી દીધો. નીચે એનો દેહ પડ્યો. ઉપર એનો આત્મા ચાલ્યો ગયો. એની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવી. ડૉક્ટરી સંબંધના નાતે આ વાતની જાણ આંખના નિષ્ણાત ડૉક્ટરને થઈ ગઈ. તેઓ પહોંચી ગયા. એમના હાથમાં એક કાગળ હતો. શ્રવણે નેત્રદાન માટેનું ફોર્મ સહી કરીને એમને આપી રાખ્યું હતું. ઘટનાના એક કલાકની અંદર શ્રવણના બંને 'આઈ બોલ્સ' કાઢી લેવામાં આવ્યા.

એકના એક પુત્રના કારમા આઘાતથી કલ્પાંત કરી કરીને થાકેલાં ચિત્રા અને રાજેશભાઈ છેવટે ત્રણ મહિના પછી ચારધામની જાતરાએ ઊપડી ગયાં. બંનેની એક આંખમાં નવી કોર્નિયા બેસાડી આપવામાં આવી હતી. ભગવાને એમની પ્રાર્થના સાંભળી લીધી હતી. માતા અને પિતા દીકરા શ્રવણની આંખ વડે ભગવાનનાં દર્શન કરી રહ્યાં હતાં. ❖

# આ ઘર અમારું છે

**શરદ મણિયાર**

કનકરાય મહેતા, કદાવર અને પડછંદ દેખાવ. ભરાવદાર ચહેરો અને એના ઉપર પાતળી મુછ. અતિ વિનમ્ર અને સરળ સ્વભાવનું વ્યક્તિત્વ ધરાવનાર એક નિવૃત્ત ડેપ્યુટી પોલીસ કમિશનર, ધોલેરા ગામમાં એમના મિત્ર મંડળ અને સગા સંબંધીઓમાં એઓ ''કનુભાઈ'' ના હુલામણા નામે વધુ જાણીતા હતા. એ સિવાય અન્ય બે મહત્વની વાતે પણ તેઓ આખા નગરમાં જાણીતા હતા, એક તો ગામના ચોરાપા માં આવેલું એમનું સુંદર મકાન ''ક્રિષ્ના મહેલ'', એમના સ્વર્ગીય પિતા શ્રી કૃષ્ણકાંત મહેતાએ તેમને વારસામાં આપેલું. સાત રૂમનું આ વિશાળ મકાન, સાથે બહાર મોટો બગીચો અને પાછળના ભાગમાં નોકરો અને માળી ના રહેવાના અલાયદા રૂમો. આ મકાન કૃષ્ણકાંતભાઈ ને બ્રિટિશકાળમાં અંગ્રેજ પોલીસ દળમાં ઉચ્ચ સ્થાન ધરાવવા માટે અને ફરજ પ્રત્યે એમની નિષ્ઠા ના પ્રતિક રૂપે અંગ્રેજ સરકાર તરફથી ભેટમાં મળ્યું હતું, બાદ અંગ્રેજના પ્રસ્થાન પછી પણ એમનું પોતીકું ગણાય ગયું. આજે લગભગ પંચોતેર વર્ષના વ્હાણ વહી ગયા અને સતત તડકો, છાયો, વીજળી, વરસાદ પવનના સપાટા ખાઈ ને એ વધુ સજ્જડ અને અડગ બની ગયું હતું. આજે પણ એ એટલું જ રૂડું અને સોહામણું લાગે છે કે જાણે હજું ગઈકાલે જ એ ચણાવ્યું હોય.

બીજી વાતે પણ કનુભાઈ ગામમાં જાણીતા હતા અને એ હતી સરકારી નોકરીની નિવૃત્તિ બાદ તેમની પ્રવૃત્તિ, અટળ અને નિયમિત. દરરોજ પાંચ વાગ્યાની સમી સાંજે સફેદ ઝબ્બા - લેંઘા માં, સફેદ ચપ્પલ અને હાથમાં કાળી છત્રી લઈને ખુલ્લી હવામાં ટહેલવા નીકળવું, રસ્તે ચાલતા જાણતા-અજાણતા, સામેથી પસાર થતા રાહદારીઓને ''રામ રામ'', ''જય શ્રી કૃષ્ણ'' કહેતાં જવું અને પછી ગામના વિશાળ બગીચામાં આવેલા લગભગ સો વર્ષ જૂના પીપળાના વિશાળ વૃક્ષ નીચે મિત્રો



સાથે ગપ્પા ગોષ્ઠિ કરવી. સમાજના શહેરના, દેશમાં બનતા સારા-નરસા બનાવો ની સમીક્ષા કરવી. અવનવી વાતો જાણવી - જણાવવી અને બસ ૭ના ટકોરે આ ''મીટીંગ'' આટોપીને ઘરભેગા થઈ જવું. અને જો કોઈ કારણસર આ મીટીંગ લંબાઈ જાય તો ઘરે મોડાં પહોંચવાની સજા રૂપે તેમની અર્ધાંગિની સુમિત્રાબેનનો મીઠો ઠપકો સાંભળવાની તૈયારી પણ રાખવી, કારણ કે ઘરે પહોંચ્યા પછી તરત તેમના હાથની કડક મીઠી કોફી માણવાની લત એમની આદત બની ગઈ હતી.

કનુભાઈના જીવનમાં આમ તો એક સામાન્ય માનવીની જેમ જ બધું વીત્યું છે. આજ ગામમાં તેઓ જન્મ્યા - જીવ્યા, પિતાશ્રીની છત્રછાયા થકી જિંદગીમાં કોઈ પણ પ્રકારની અછત નો અનુભવ ક્યારેય લીધો નથી. ઘોડાની આંખે પટ્ટી બાંધીને નાકની દાંડીએ સીધા ચાલવાની પ્રખર તાલીમ દ્વારા જીવનની રાહ પર આવતાં અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગો વચ્ચે અડગ ઉભા રહેવાની તેમની સુઝબુઝ એ એમના પ્રભાવશાળી વ્યક્તિત્વનું જમા પાસું હતું અને તે ઉપરાંત સારું ભણતર પામીને પિતાશ્રીની પ્રતિષ્ઠા ના ફળ સ્વરૂપે પોલીસમાં નોકરી તો મેળવી લીધી પણ ગળથૂથીમાંથી જ મેળવેલા ઉચ્ચ સંસ્કારે પણ એમને ખૂબ સરળતાથી ડેપ્યુટી પોલીસ કમિશનર ના પદ સુધી લઈ જવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

સુમિત્રાબેન સાથે લગ્ન બાદ યોગાનુયોગે પ્રથમ સંતાન લક્ષ્મી સ્વરૂપે સલોનીના જન્મ બાદ તેમને નોકરીમાં સતત સફળતા જ મળતી રહી. પાંચ વર્ષ બાદ એમના કુળને દિપાવવા સુકેતુનો જન્મ એક ઉત્સવ બની ગયો. એમના પિતા કૃષ્ણકાંતભાઈ માટે તો જાણે એમનો પુનર્જન્મ થયો હોય એટલા ઉત્સાહથી એમણે સુકેતુનો કબજો લઈ લીધો હતો. સુકેતુ એના દાદા ના કાળજા માં એટલો તો વસી ગયો હતો કે તેને લાડ લડાવવાની બધીજ મર્યાદાઓ એની પરાકાષ્ઠાએ પ્હોંચી જતી હતી. દાદા ના આ લાડકા સુકેતુ માટે તો ''પાણી માંગો તો દૂધ મળે'' આ વાત બહુ જ ફીકી લાગતી હતી કારણ કે કલ્પવૃક્ષ સમા કૃષ્ણકાંતભાઈ નામના આ દાદા પાસેથી એને વગર માંગે વધુ વરદાન સ્વરૂપે સતત મળે જ રાખતું હતું. પાછું સુકેતુ ગમે તેટલા તોફાન મસ્તી કરે કે કોઈ પણ પ્રકારની તોડફોડ કરીને આવે તો પણ એને કોઈએ કંઈ જ કહેવું નહીં એવી ''પૂજ્ય દાદા'' ની

''દાદાગીરી'' આગળ કોઈનું કાંઈ જ ચાલતું નહીં એટલે જ સુકેતુ પણ જ્યારે થોડો સમજણો થયો ત્યારે કોણે એના પિતા છે અને કોણ એના પરપિતા છે એ જ વિમાસણમાં એ સતત રહેવા લાગ્યો હતો. પણ પછી અકાળે દાદાની ચીર વિદાય બાદ એ પિતાના હાથનો અને ખભાના સહારાનું મહત્વ સમજવા લાગ્યો.

પણ પછી જેમ જેમ એ મોટો થતો ગયો તેમ તેમ આધુનિક જમાનાની હવાની અસર એના વાણી અને વર્તનમાં ઉભરાવવા લાગી. દાદાજીએ આપેલા સુસંસ્કારોના મીઠા સંસ્મરણો આધુનિક હવામાં વિલીન થવા માંડ્યા.

પિતાના કડક અનુશાસના કિલ્લામાં કાંકરા ખરવા લાગ્યા. મોટીબેન સલોની સાથે પણ અકારણ ચકમક ઝરવા લાગી અને નાની નાની વાતોનું વતેસર પણ થવા લાગ્યું. દસમું ધોરણ પાસ કર્યા પછી આગળ કઈ દિશામાં ભણતર આગળ વધારવું એ વિશે જ્યારે ઘરમાં ચર્ચા થવા માંડી ત્યારે કનુભાઈએ સુકેતુને પણ પોલીસની નોકરી જોડાવવાનું સૂચન આગળ ધર્યું તો - ''પપ્પા, તમે અને દાદાજી એ તો આખી જિંદગી સરકારી નોકરીમાં ગાળી, તો મારે પણ એ જ કરવું એ જરૂરી તો નથી ને ?''

આમ થોડીક ઉગ્રતા ભર્યા પ્રતિભાવો આપીને એણે કનુભાઈને લાગણી દુભાવી, પણ સુમિત્રાબેને દીકરાનો પક્ષ લઈને કનુભાઈને પોતાની ઈચ્છાને કોરાણે મુકવા મજબૂર કરી દીધા, અને કનુભાઈએ તેમના જીવનની આ પ્રથમ શિકસ્ત અનુભવી.

સમય એની ગતિએ આગળ વધતો ગયો. સલોનીના વિવાહ ધામધૂમથી થયા, એને સાસરે વળાવી, અને સુકેતુને પણ આગળ અભ્યાસ કરવા બે વર્ષ અમેરિકા મોકલ્યા બાદ કનુભાઈ અને સુમિત્રાબેને એકબીજાને આશ્વાસન આપીને દીકરાનું ટૂંકો વિયોગ તો ખમી લીધો પણ દીકરાના આગમન બાદ એક સુંદર અને સંસ્કારી વહુના લાવવાના ખ્યાલ માત્રથી તેઓ રોમાંચિત થઈ જતા. પછી જેમ પરોઢિયે જોયેલા સ્વપના ક્યારેક સાચા પણ પડતા હોય છે એમ સુકેતુના સ્વદેશાગમન બાદ છોકરીઓના માંગા આવવાનો પ્રવાહ શરૂ થઈ ગયો. અને ખૂબ જ ચીવટ ભરી અને કાળજીપૂર્વકની જહેમતના અંતે શિવાની એ વહુ બનીને ''કૃષ્ણ મહેલ'' માં પ્રવેશ લીધો. જોગાનુજોગ કનુભાઈને પણ હવે સાંસારીક કોઈ જવાબદારી બાકી ન રહેતા પોતાની નોકરીમાંથી પણ ડેપ્યુટી પોલીસ કમિશનરના પદેથી સ્વેચ્છાએ રિટાયરમેન્ટ લઈ લીધું અને ''નવી ઈનિંગ્સ'' ની શરૂઆત કરી લીધી. બસ અને પછી એ જ ''સમીસાંજે'' પાંચથી સાત, અને કડક મીઠી કોફીનો સ્વાદ.

લગભગ બે વર્ષ બાદ ફરી એ જ ઉત્સવના વાતાવરણે આખા ''કૃષ્ણ મહેલ'' ને કિલ્લોલ કરતું કરી દીધું જ્યારે ચાંદ સમુ સુંદર મુખ, સોળે કળાએ ખીલેલું વદન અને માથે મબલખ કેશ લઈને જન્મેલા રોમીલ નામનું વરદાન પામીને આખું કુટુંબ ધન્ય બની ગયું. કનુભાઈને દાદા બન્યાનો હરખ અને સુમિત્રાબેનને દાદી બનવાના ઉમંગે એમને એમના જીવનની લગભગ તમામ ખુશીઓ મળી ગઈ હોય અને એમનું આયુષ્ય જાણે પચ્ચીસ-ત્રીસ વર્ષ પાછળ ધકેલાઈ ગયું હોય એવું અનુભવવા લાગ્યું.

આમ જો કે કનુભાઈની દિનચર્યામાં કે સંધ્યાચર્યામાં કોઈ પરિવર્તન નહીં આવ્યું, બસ એ જ નિયમિત રીતે રોજ સમીસાંજે પાંચ થી સાત અને કડક મીઠી કોફીનો સ્વાદ.

એવી જ એક સમી સંધ્યાએ લગભગ સાત વાગ્યે અષાઢી મેઘના વાયરા વહેવા માંડ્યા હતા અને મુશળધાર વરસાદે સમગ્ર ગામ પર કબજો જમાવવા માંડ્યો હતો અને એમાં વળી વીજળીના ચમકારે સાથ પુરાવ્યો. કનુભાઈ જ્યારે ઘરેથી નીકળ્યા હતા ત્યારે જ સુમિત્રાબેન એ એમને મોસમનો વરતારો જોઈને સચેત તો કર્યા હતા એટલે કનુભાઈ પણ એવું નક્કી કરીને જ નીકળ્યા હતા કે તેઓ જલ્દી ઘર ભેગા થઈ જશે, પણ આમ અચાનક વગર નોતરે પધારેલા આ ''મોંઘેરા મહેમાન'' ને આવકારવા તેવો સજ્જ તો ન હતા. એટલે ઉચાટમાં લાંબા લાંબા ડગ માંડતા ઘર તરફ રવાના થઈ ગયા પણ મુશળધાર વરસતા વરસાદે એમને ન બક્ષ્યા. વળી કાચા રસ્તે ચાલતા ચાલતા અત્ર-તત્ર-સર્વત્ર જામી રહેલા કીચડના ડાઘા પણ એમની પરેશાનીમાં વધારો કરી રહ્યા હતા. જેમ તેમ કરીને તેઓ ઘર સુધી તો પહોંચી ગયા અને અતી શીઘ્રતાથી ઘરનો દરવાજો ખખડાવ્યો. સુમિત્રા બેને ચિંતા સહ આશ્ચર્ય ભાવે એમને ઘરમાં તો લીધા પણ કનુભાઈએ ઘરમાં પ્રવેશતાની સાથે જ છત્રીનો ઘા કર્યો, ચપ્પલ પણ લગભગ ફેંક્યા અને અતિ ઝડપે બાથરૂમ તરફ દોડી ગયા જેના પરીણામે લગભગ આખા ઘરમાં કીચડના પગલાં ઊપસી આવ્યા અને ત્યાં જ શિવાની વહુ પણ પોતાના રૂમમાંથી રોમીલ ને તેડીને બહાર આવ્યા અને આ ''અકલ્પનિય દૃશ્ય'' જોઈને અવાક્ જ બની ગયા. સુમિત્રાબેન અને શિવાની એકબીજાની સામે પ્રશ્નાર્થ ચિન્હે જોતા જ રહ્યા. થોડી ક્ષણ બાદ કનુભાઈ બાથરૂમમાંથી બહાર આવ્યા અને પોતાની ''કુદરતી આફત'' માંથી રાહત મેળવ્યાનો આનંદ એમના ચહેરા પર ઉપસી આવ્યો પણ શિવાની ના શાબ્દિક હુમલાથી તેઓ ડઘાઈ ગયા - ''પપ્પાજી, આ શું કર્યું તમે ? આખા ઘરમાં

કાદવ ફેલાવી દીધો. આ તે કઈ રીતે તમે ઘરમાં આવી ગયા ? થોડું તો સમજવું જોઈએ કે નહીં તમારે ?''

કનુભાઈ એ પોતાની ભૂલ સ્વીકારી ક્ષોભમાં ઉત્તર આપ્યો, ''અરે બેટા, શું કરું, મને એટલી બધી બાથરૂમ લાગી હતી કે મારાથી કંટ્રોલ નહીં થઈ શક્યું એટલે,' અને શિવાનીએ વધુ ઉગ્ર સ્વરે એમની વાત કાપી - ''એટલે ? એટલે, આખું ઘર આમ કાદવથી ગંદુ કરી નાખવાનું ? આખા ઘરમાં આમ પાણીના ટીપાંઓ પડવા દેવાના ?'' હવે કનુભાઈ પોતાના સંયમ પર કાબૂ ગુમાવે એ પહેલાં જ સુમિત્રાબેને વચ્ચે પડીને શિવાનીને શાંત પાડી અને ઈશારાથી કનુભાઈને પણ શાંત રહેવા વિનંતી કરી જાણે એક મહાયુદ્ધ હાલ પૂરતું તો ટાળી દીધું પણ કનુભાઈના અહમને જે ઘા લાગ્યો તે થકી તેમના માનસિક કુરુક્ષેત્રમાં એક ભાવિ યુદ્ધ થવાનાં એંધાણ મંડાઈ ચૂક્યા, અને આજે સુમિત્રાબેનના હાથની કડક મીઠી કોફી જાણે ''કડવી-મીઠી કોફી'' લાગી રહી હતી.

''સમજે છે શું એ પોતાની જાતને ?''

કનુભાઈ એ પોતાની રૂમમાં આવતા જ તેમનો ગુસ્સો સુમિત્રાબેન ઉપર ઠાલવ્યો, ''સાલા, અચ્છા અચ્છા કેદીઓ અને ગુન્હેગારો જેના નામ માત્રથી થરથરતા હતા એ ડેપ્યુટી પોલીસ કમિશનરને આજે એની જ વહુ આ રીતે દબડાવે છે, અને આમ ઉદ્ધતાઈથી વર્તે છે અને હું સાંભળી લઉં છું'' ? ? પણ સુમિત્રાબેન ફરી એકવાર ઉદાસીન સ્વરે શિવાનીના પક્ષે બોલ્યા - ''જવાદો ને. એનામાં હજી પર પરિપકવતા ની ઉણપ છે. એને બોલવાનું ભાન તો નથી જ, પણ થોડો તમારો પણ વાંક તો હતો જ ને ?''

સુમિત્રાબેનના વાક્યો કનુભાઈની નિરસતા અને માનસિક તણાવને ઓછો ન કરી શક્યા અને પેટમાં મજા નથી એવું બહાનું બનાવીને આજનું ભોજન કરવાનું ટાળી ગયા. જોકે સુમિત્રાબેન પણ એવો આજે નહીં જમવાનું બહાનું બનાવી રહ્યા છે એ જાણવા છતાં તેમને આગ્રહ નહીં કર્યો અને ચૂપચાપ રૂમમાંથી બહાર જતા રહ્યા. આજની સવાર આમ તો રાબેતા મુજબની જ હતી અને હંમેશ મુજબ કનુભાઈ અને સુમિત્રાબેન વહેલી સવારમાં પોતાના બગીચામાં બેસીને સવારની પહેલી ચા પીવા તૈયાર થઈને આવ્યા હતા. હંમેશ મુજબ ઘરનોકર ધરમશીભાઈ ચા ની ટ્રે લઈને આવ્યો અને ટેબલ પર મૂકીને જતો રહ્યો. બે ઘડી બાદ બંનેએ ચાનો કપ ઉપાડવા એ ટ્રે તરફ નજર કરી તો થોડુંક આશ્ચર્ય થયું, અને પ્રશ્નાર્થ ચિન્હે એકબીજા સામે નજર કરી, કારણ કે આજે ટ્રે માં બે કપ ની જગ્યાએ ત્રણ કપ ચા ના મૂકવામાં આવ્યા હતા એટલે બંનેવ નું આમ વિસ્મયભરી નજરે એકબીજાની સામે જોવું સ્વાભાવિક હતું. પણ સુમિત્રાબેને સસ્મિત પહેલ કરી - ''અરે શું વાત છે સાહેબ, ગઈકાલે રાત્રે જમ્યા નથી એટલે આમ બે કપ ચા પી ને પેટ ભરવું છે કે શું ? ?''

''અરે નારે ના સુમિ, હું ક્યારેય સવારના એક કપ થી વધારે ચા પીતો નથી અને મને એવી આદત જ નથી, તું શું નથી જાણતી કે ?''

પોતાની સફાઈમાં કનુભાઈ એ જવાબ આપ્યો. ''તો આ ત્રીજો કપ કોના માટે છે ?'' સુમિત્રાબેનથી હવે નહીં રહેવાયું.

''આ ત્રીજો કપ મારા માટે છે મમ્મી''

અચાનક પ્રગટ થયેલા સુકેતુના આ કથનથી બંને જણા મૂંઝાઈ ગયા અને લગભગ બંનેવે આ રીતે એક સરખું જ વિચારવા લાગ્યા કે - ''ક્યારેય નહીં ને આજે એમનો સુપુત્ર સવાર સવારમાં અમારી સાથે ચા પીવાની ઈચ્છા કરીને આવ્યો, શા માટે ?''

આમ તો અંગત રીતે કનુભાઈના મનને એક ખટકો ઘણા લાંબા સમયથી હતો, ખાસ કરીને સુકેતુ અમેરિકાથી એમ.બી.એ. કરીને પાછો આવ્યો ત્યારથી. બસ ભાગ્યે જ એ ક્યારેય તેમની સન્મુખ થઈને તેમની પાસે ઘડી બે ઘડી બેસીને, કે હસીને થોડીક હળવી વાતો કરી હોય. અરે વાતો કરવાનું તો છોડો, પણ ઘરમાં હોવા છતાંય, ઘરમાંથી જતા-આવતા પણ ક્યારે પોતાના બાપની સામે એક મીઠી નજર નાખવાની પણ તમા નથી રાખી એણે.

હા, આ એ જ એમનો સુપુત્ર સુકેતુ હતો જે એના બાળપણમાં કેટ કેટલી મસ્તી ભર્યા સ્વરે એમને સમજાય કે ન સમજાય એવી કાલીઘેલી વાતો એમની સાથે કર્યા કરતો હતો. તેમના ખભા ઉપર ચડી ને નીચે ઉતરવાનું, કુદકો લગાવવાનો, એમનો હાથ પકડીને ક્યારેક જમીન પર પછાડવાની, આવી અપાર મસ્તીઓ કરતો અને આ એ જ સુકેતુ છે જે હવે એટલો બદલાઇ ગયો છે કે અગર એવો આજે સાચેસાચું જમીન પર પછડાય તો પણ એમને ઉભા કરવાની એ તકલીફ ન લે. એમાં પાછું એને શિવાની નો સાથ મળ્યો. ડબલ ગ્રેજ્યુએટ થયેલી શિવાનીએ પણ શરૂઆતમાં ''નવી વહુ નવ દિવસની'' બનીને ધીરે ધીરે પોતાનું પોત પ્રકાશવા લાગી હતી. જવાની નો જોશ અને ભણતરનો જુસ્સો જ્યારે જ્યારે તેના પર હાવી થતો ત્યારે ત્યારે સુમિત્રાબેનને એના ઉગ્ર સ્વભાવનો પરિચય મળી જતો. નાની નાની વાતોમાં દલીલબાજી કરવી, પોતાનું ધાર્યું કરવું અને ઘરકામ પ્રત્યે અરૂચિ દેખાડવી એ એનો સ્વભાવ બની ગયો હતો. પણ સુમિત્રાબેનની કોઠાસૂઝ અને ''ગમ ને'' ગટગટાવીને પી જવાની એમની

''સુટેવ'' થકી ઘરમાં ક્યારેય ક્લેશ થવા દીધો ન હતો. કનુભાઈએ જાણતા હતા કે પુત્ર મોહમાં સુમિત્રાબેન હંમેશા દીકરા વહુ ની તરફેણમાં જ રહેવાના છે અને એમની ''મન ની મન માં'' જ રહી જવાની છે એ પણ એમણે કમને સ્વીકારી લીધું હતું.

''આ ત્રીજો કપ મારા માટે છે મમ્મી''!!

સુકેતુના આ જવાબે એ બંનેવ ને વધુ વ્યાકુળ કરી મૂક્યા, પણ સુમિત્રાબેને હસતા ચહેરે સુકેતુને આવકાર્યો - ''અરે વાહ બેટા, સરસ, આજે તારી સંગાથે ચા પીવાની લહેજત જ વધી ગઈ ને અમારી. આવ, બેસી જા અહીં.'' સુકેતુ બેસી ગયો અને પપ્પા સામે એક નજર નાખી ને - ''કેમ છો પપ્પા, કેવી છે હવે તબિયત તમારી''??

અરે, ના ના. સુકેતુ આવું કશું જ બોલ્યો જ નહીં. આ તો કનુભાઈને માત્ર ભ્રમ હતો કે કમ સે કમ એમને આટલું તો પૂછાવુ જ જોઈતું હતું. એટલે તો એમનો હક હતો જ. પણ સુકેતુએ એની ફરજ નિભાવી નહીં એટલે થોડાક ખેદ સહ એમણે પોતાની ચાનો કપ હાથમાં લીધો અને સુકેતુએ પણ ચા ની ચુસ્કી લેતા લગભગ ''ધડાકો'' જ કર્યો - ''પપ્પા, તમારી સાથે વાત કરવી છે''. કોઈપણ જાતની ઔપચારિકતા વગર સીધ્ધે સીધ્ધા મુદ્દેસર વાત કરવાની એની ટેવ કે કુટેવથી એવો પરિચિત હતા જ, એટલે કોઈપણ જાતના પ્રત્યાઘાત આપવા કરતાં ચાની ચૂસકી લગાવતા એવો ફક્ત એટલું જ બોલ્યા - ''બોલ, શું કામ પડ્યું છે મારું?'' અને સુમિત્રા બેને પણ ચા નો કપ નીચે મૂકી ને પૂછ્યું, ''હા બેટા બોલ ને શું વાત કરવી છે તારે''? એટલે સુકેતુએ એની મમ્મી તરફ જોઈને પ્રત્યુત્તર વાળ્યો, ''મમ્મી તમને તો ખબર જ છે કે શિવાની ના ભાઈ ના લગ્ન આપણા ગામમાં એની બહેનપણી ની નાની બહેન સાથે નક્કી થયા છે અને લગ્ન આપણા ગામમાં જ થવાના છે એટલે શિવાની ના મમ્મી-પપ્પા એમ ઈચ્છે છે કે એવો લગ્નની બધી તૈયારી રૂપે અને બધું વ્યવસ્થિત પાર પડી જાય એ હેતુથી એમના ઘરના લગભગ દસેક જણા અહીં આપણા બંગલે બે - એક અઠવાડિયા અગાઉથી આવીને રહેવા માંગે છે''.

સુકેતુ ના આ ''ધડાકે'' કનુભાઈને અને સુમિત્રાબેનને દિગ્મૂઢ કરી દીધા. બંને એકબીજાની સામે વિસ્મય ભરી નજરે જોઈ રહ્યા. પણ કનુભાઈ થી હવે વધુ ચૂપ રહેવું શક્ય ન હતું કારણકે હજુ ગઈકાલની સાંજના શિવાનીએ કરેલા એના વાણી અને વર્તન ઘાવ તાજા જ હતા. પોતાના અહમ પર થયેલા શિવાનીના અહંકારના વેણ તેમના કાનમાં સતત ગુંજી રહ્યા હતા અને એની મનોવેદનાથી આખી રાતનો ઉજાગરો વેઠી ચૂકેલા કનુભાઈ પાસે સુકેતુના ખાસ કરીને શિવાનીના તરફેણમાં આવેલા આ સૂચને જાણે બળતામાં ઘી ઉમેર્યું હોય એમ તેઓ તાડૂકવા જઈ જ રહ્યા હતા પણ સુમિત્રાબેન એ સમય સૂચકતા વાપરીને પોતાના હાથથી કનુભાઈ ના હાથ ને ભાર આપીને દાબી દીધો જેની સીધી અસર એમના તપી ગયેલા મગજ પર પડી અને તેઓ સમસમીને બેસી રહ્યા. તો સુમિત્રાબેન બોલ્યા - ''બેટા શિવાની ના ભાઈ ના લગ્ન નો હરખ અમને પણ એટલો જ છે જેટલો તમને છે. અને એ શુભ કાર્યમાં સહભાગી થવું એને અમારી ફરજ માનીએ છીએ. પણ આ રીતે તેમના આટલા બધા સગા સંબંધીઓને આપણા ઘરમાં ૧૦ - ૧૫ દિવસ નો ઉતારો આપવો એ જરા અમને અજુગતું લાગે છે. તદુપરાંત, અમે કઈ રીતે આટલા બધા લોકો વચ્ચે સહજતાથી રહી શકીએ? અમારૂ રોજીંદુ કામકાજ પણ ખોરંભે પડી જાય. તો અમારું શું થાય અને અમારે કેવી રીતે આ બધું સંભાળી લેવું?''

હવે સુકેતુએ થોડાંક મક્કમ સ્વરમાં જવાબ આપ્યો - ''જો મમ્મી, સૌ પહેલા તો તું એ જાણી લે તે લોકો કોઈ પારકા અથવા બહુ દૂરના સગાઓ નથી. એ લોકો શિવાનીના સગા કાકા અને મામાના ઘર પરિવારના જ સભ્યો છે. બીજું તમારે એ દરમ્યાન અહીં રહેવાની પણ જરૂર નથી.''

કનુભાઈ એ હવે ચા નો કપ નીચે મૂકી ભવા ચઢાવીને સુકેતુ ની સામે જોયું, પણ સુમિત્રાબેન જ બોલ્યા - ''એટલે અમારે ક્યાં જવાનું રહેવા માટે''

''મોટી બેન ના ઘરે'' ખૂબ જ ઠાવકાઈથી જવાબ આપ્યો સુકેતુએ.

''નો, સોરી, એ મને મંજુર નથી'' કનુભાઈએ હવે પોતાના પરનો કાબૂ છોડ્યો કારણકે સુમિત્રાબેન થી સુકેતુ ના આવા જવાબથી એમનો હાથ છૂટી ગયો હતો, એટલે તેવો આગળ વધ્યા - ''અમે દીકરીના ઘરનું પાણી પણ નથી પીતા, અને તું એમ ઈચ્છે છે કે અમે એના ઘરે પંદર દિવસના ધામા નાખીને ખાઈએ પીએ''?

''પપ્પા, મોટીબેન સાથે અમારી વાત થઇ ચૂકી છે અને એમને આ વાતમાં કોઈ પણ અજુગતું નથી લાગતું. એ બધી જૂની વિચારસરણી ને હવે લોકો નથી અનુસરતા. તમે પણ હવે એ સમજી જાવ તો સારું''.

સુકેતુ ના આવા બેજવાબદાર જવાબથી સુમિત્રા બેનને તો લાગી જ આવ્યું પણ એના ઘેરા પ્રત્યાઘાત કનુભાઈ ની વાણીમાં ઉતર્યા- ''અમારા માટે શું સારું છે અને શું નથી સારું એની સમજણ અમને તારા કરતાં વધારે છે, સમજ્યો?''

''પણ બેટા'' હવે સુમિત્રાબેને વાતાવરણમાં થોડી હળવાશ લાવવાની કોશિશ કરી, ''એના કરતા એ લોકો માટે

નજીકમાં તું કોઈ હોટેલમાં ઉતારો નો બંદોબસ્ત કરવાનું કેમ નથી વિચાર કરતો.?''

સુકેતુ થોડો મૂંઝાયો. પણ દલિલ ચાલુ રાખી - ''અરે મમ્મી, આપણું પોતાનું જ આટલું મોટું મકાન મુકીને એ લોકોને બહાર ઉતારો આપીએ તો શિવાનીના મમ્મી પપ્પાને કેટલું ખરાબ લાગે ?''

કનુભાઈ પણ સામે મોરચો ખોલ્યો - ''તો એમણે સમજવું જોઈએ કે આ મકાન આપણું ઘર છે કોઈ ધર્મશાળા નથી. મને તારી મમ્મી નો સુઝાવ જ અયોગ્ય લાગે છે. એમના માટે કોઈ સારી હોટલમાં જ ઉતારા નો બંદોબસ્ત કરી લો.''

પણ સુકેતુએ હવે વિવેકની લગભગ બધી મર્યાદાઓ વટાવી દીધી અને ઉગ્ર થઈ ને ચા નો કપ એમને એમ છોડીને ઊભો થઈ ગયો, અને બોલ્યો, ''હવે એ શક્ય નથી. કારણ કે શિવાનીએ ક્યારનું એ લોકોને વચન આપી દીધું છે એટલે એ લોકો અહીંયા જ ઉતારો કરવાના છે. તમે તમારો બંદોબસ્ત મોટી બહેનના ઘરે કરી લો અથવા તમને જ કોઈ સારી હોટલમાં રૂમ બુક કરાવી દઈશ. હવે આ બાબતમાં આપણે વધુ ચર્ચા નહીં કરે તો સારું છે''. એમ કહીને એ ત્યાંથી પોતાના પગ પટકતો રવાના થઈ ગયો. જોકે સુકેતુની આવી ઉદ્ધતાઈ એમના માટે કોઈ નવાઈ નો વિષય ન હતી, એટલે કનુભાઈ તો સમસમી ને બેઠા રહ્યા પણ સુમિત્રાબેને સુકેતુને ત્યાં સુધી જતાં જોયા કર્યો જ્યાં સુધી એનું દેખાવું બંધ થયું નહીં, બાદ સજળ નયને કનુભાઈને સામે જોઈ - ''હું રૂમમાં જાઉં છું'', એમ કહીને ઉભા થઈ ગયા. સુમિત્રાબેન ની આંખો માંથી ટપકતા આંસુ એઓ રોકી શક્યા નહીં પણ જાણે લાચાર બની ગયા એમ માત્ર બેઠા જ રહ્યા. ગઈકાલ રાત્રે તેઓ જમ્યા ન હતા અને આજે સવારે તેમણે ચા પણ અધૂરી છોડી દીધી.

આજે સમગ્ર દિવસ ઘરમાં રાબેતા મુજબની ચહલ પહલ થતી રહી. સુમિત્રાબેન નીરસવદને ચૂપચાપ ઘરકામમાં શિવાની ને મદદ કરતા રહ્યા. જોકે શિવાનીને આજે ઘરમાં બનેલી સમગ્ર ઘટનાની સંપૂર્ણપણે જાણ હોવા છતાં એણે પોતાના તરફથી કોઈપણ જાતના પ્રતિભાવો પ્રગટ થવા ન દીધા. કનુભાઈ પણ રૂમમાં પડ્યા પડ્યા પોતાના મનગમતા કાર્યોમાં રચ્યાપચ્યા રહ્યા, પણ ભગ્ન હૃદયે અને હતાશ થયેલા મગજને કશાક વિચારોમાં પરોવવાની કોશિશ કરી રહ્યા હતા.

પછી એ જ સમીસાંજે પાંચ વાગ્યે વરસાદ પૂરેપૂરો થંભી ગયો હતો, એટલે મન મનાવીને બહાર ટહેલવા નીકળી પડ્યા. પોતાના મિત્રો સાથે તો રોજિંદી ગપ ગોસ્ટી કરીને મરતા મન ને થોડુંક ઉગારવાની કોશિશ કરી રહ્યા હતા. પણ આજે તેમની રોજિંદી મીટીંગ વહેલી આટોપીને ઘર ભેગા થઈ ગયા. સુમિત્રા બેનને પણ મોળા મને કડક મીઠી કોફી બનાવી અને કનુભાઈએ પીધી તો ખરી પણ માણી નહીં.

રાત્રિ ભોજન ને પણ સુકો ન્યાય આપી નિંદ્રાધીન થવા પોતાના રૂમમાં ચૂપચાપ જતા રહ્યા. પણ નિંદ્રા દેવી સાથે પણ એમણે જાણે અબોલા લીધા હોય એમ કંઈક અકળ - વિકળ વિચારોના વમળમાં અટવાતા અટવાતા જેમ તેમ કરીને સવાર ને કિનારે તો ખેંચી લાવ્યા. અને ઝટપટ તૈયાર થઈ રોજિંદા નિત્યક્રમનું પાલન કરી સુમિત્રાબેન કશિક સૂચનાઓ આપી ઘરની બહાર જતા રહ્યા. લગભગ દસ વાગ્યે સુકેતુ અને શિવાની ને પોતાની રૂમમાંથી બે મોટી મોટી બેગો સાથે બહાર આવતા જોઈને સુમિત્રાબેન થોડા વિમાસણમાં પડી ગયા અને ખુબજ દબાયેલા સ્વરે સુકેતુને સંબોધીને કઈક કહેવા જાય એ પહેલાં જ સુકેતુએ જ ફોડ પાડી દીધો, ''મમ્મી અમે એકાદ અઠવાડિયા માટે શિવાનીના પિયરે જઈ રહ્યા છીએ. એના ભાઈના લગ્નની તૈયારી રૂપે થોડી ઘણી ચર્ચા વિચારણાઓ કરવા એના પપ્પાએ અમને ત્યાં બોલાવ્યા છે.''

''પણ આમ અચાનક જ જવાનું કેમ કરી લીધું તમે લોકોએ''? નીરસવદને સુમિત્રાબેન થી પુછાઈ જવાયુ.

''હા, કાલે સાંજે જ એના પપ્પાનો મારા પર ફોન આવ્યો હતો અને પછીના અઠવાડિયે એવું પણ બહાર ગામ જઈ રહ્યા છે, એટલે સમય બહુ ઓછો રહી જશે અને તૈયારીઓ બહુ કરવાની છે એટલે અમારૂં તરત નીકળવું જરૂરી છે.'' સુકેતુએ થોડી ચોખવટ કરી. તો સુમિત્રાબેન તરત બોલ્યા, ''પણ તારા પપ્પા પણ અત્યારે ગાંધીનગર જવા નીકળી ગયા છે, અને હવે સીધાં કાલે જ આવશે, તો તમે લોકોએ આવતીકાલે જવાનું રાખ્યું હોત તો સારું થાત ને બેટા''!!! જોકે સુમિત્રાબેન જાણતા જ હતા કે હવે એ વિષય પર વધુ વિવાદ કરવાનો કોઈ મતલબ હતો જ નહીં, એટલે ચૂપચાપ તેવો પોતાના રૂમમાં જતા રહ્યા.

બરોબર અઠવાડિયાના અંતરાલ બાદ સુકેતુ સપરિવાર પાછો આવ્યો. પોતાની ગાડી ને ગેરેજમાં પાર્ક કરીને ડીકીમાંથી બધો સામાન બહાર કાઢી ''કૃષ્ણ મહેલ''માં પ્રવેશ કરવા માટે મુખ્ય દરવાજે પહોંચ્યો તો ત્યાં દરવાજે મોટું તાળું જોઈને થોડો અચરજમાં પડી ગયો, અને પ્રશ્નાર્થ ભાવે શિવાની તરફ નજર કરી ને આંખો ના ઈશારે પૂછ્યું ''અરે ક્યાં ગયા મમ્મી પપ્પા''??

જોકે શિવાની પણ આ વાત થી સુકેતુ જેટલી જ અજાણ હતી, કારણ કે એની સાથે પણ કનુભાઈએ કે સુમિત્રાબેને આ બાબતની

કોઈ જાણ કરી જ ન હતી. હવે એ લોકો મૂંઝવણમાં વધુ કંઈ વિચાર કરે ત્યાં જ એમનો ઘર નોકર ધરમશીભાઈ ત્યાં આવી પહોંચ્યો અને સુકેતુના હાથમાં એક ચાવી અને એક પત્ર આપતા બોલ્યો ''મોટા સાહેબ અને બેનબા બહારગામ ગયેલા છે. અને તમો આવો ત્યારે આ ચાવી અને આ કાગળ આપવાનું કહી ગયેલા છે.'' સુકેતુએ ધરમશી ના હાથ માં થી ચાવી અને પત્ર લઈને પહેલા પત્રને ખિસ્સામાં મૂક્યો અને ચાવીથી મકાનના મુખ્ય દરવાજે લાગેલું તાળું ખોલવા ગયો, પણ તાળું ખુલ્યું નહીં એટલે તરત ધરમશી પાછું બોલ્યો ''નાના સાહેબ, મને લાગે છે કે આ ચાવી આ તાળાની નથી''

''તો કોની છે આ ચાવી અને તે શા માટે એ મને આપી'' ? સુકેતુએ આશ્ચર્ય સહ સામો સવાલ કર્યો. પણ નિર્દોષ ભાવે ધરમશી એ વિનમ્રતાથી જવાબ આપ્યો, ''મને તો મોટા સાહેબે તમુને આ ચાવી અને આ કાગળ આપવા કીધેલું હતુ, અને તમુને આ પત્ર વાંચી જવા પણ કીધેલું છે, એટલે પહેલા આ કાગળ વાંચી લો તો બધી હમજણ પડી જાહે''.

સુકેતુ પાસે અન્ય કોઈ વિકલ્પ ન હતો એટલે ચાવીને શિવાનીના હાથમાં આપી પોતાના ખિસ્સામાં મુકેલો એ પત્ર બહાર કાઢી વાંચવા લાગ્યો. જેમ જેમ આ પત્ર વાંચતો ગયો તેમ તેમ એ સફેદ કાગળ પર કાળી શાહી થી અંકિત થયેલા પપ્પા કનુભાઈના એક એક અક્ષર એના મસ્તક પર હથોડાની જેમ વિંઝાઈ રહ્યા હતા.

''બેટા સુકેતુ, તમે પાછા આવો ત્યારે આપણા મકાનના મુખ્ય દરવાજા પર તમને એક તાળું જોવા મળશે અને ધરમશી ના હસ્તે તમને જે ચાવી મળશે એનાથી એ તાળું ખોલવા નો પ્રયત્ન નહીં કરતો કારણ કે એ ચાવી આ તાળાની નથી જે મકાન પર લાગેલું તમે જોઈ રહ્યા છો, અને એ મકાન પણ હવે તમારું નથી રહ્યું જેની સમક્ષ તમે આજે છેલ્લી વાર ઉભા છો. આ મકાન પર હવે તમારો કોઈ અધિકાર નથી રહ્યો કારણ કે આ મકાન જે તમારા દાદાની પ્રતિષ્ઠા નું ગૌરવ હતું, અમારા અરમાનોનું, અમારી લાગણીઓ નું બંધન હતું એ હવે મેં એક ટ્રસ્ટના નામે કરી દીધું છે, જેના બધા કાયદાકીય દસ્તાવેજોની એક કોપી પણ તમને ધરમશી આપી દેશે. બેટા, જે ઘરને અમે મંદિર સમજીને તમારા સૌ સાથે એકરૂપ થઈને આનંદ કિલ્લોલ કરતા રહેવા ઈચ્છતા હતા એ જ આપણા ઘર મંદિર ને તમે અને શિવાનીએ અનેકવાર તમારા વાણી, વર્તન અને વ્યવહાર થી અમને, ખાસ કરીને મને બહુ જ ઠેસ પહોંચાડી છે જે હું સહન કરતો રહ્યો હતો. પણ તે દિવસે સવારે જે રીતે ઉદ્ધતાઈથી વાત કરી તું ચાલ્યો ગયો ત્યારે તારી મમ્મીને જે આઘાત લાગ્યો અને પહેલી વાર તારા વર્તન થકી એની આંખો આંસુઓ થી છલકાઈ ગઈ જે પુર બનીને મારી સમગ્ર સહનશક્તિની પરાકાષ્ઠા ને તાણીને લઈ ગઈ. અને બસ એ જ ઘડીએ મેં નક્કી કરી લીધું કે તમારા દાદાના આ મકાનમાં તમે રહેવાને લાયક નથી. પણ તમારા પાપોની સજા તમારો દીકરો રાહિલ શા માટે ભોગવે, જે અમારા પણ કાળજા નો ટુકડો છે. એટલે એના ખાતર, તમે સાવ રસ્તા ઉપર આવી જાઓ એટલા પણ નિષ્ઠુર અમે નહીં થઈ શક્યા, એટલે આપણા જ ગામથી થોડેક દૂર ઉપલેટામાં આપણો એક ફ્લેટ ખાલી પડયો છે, જ્યાં તમારો બધો સામાન સહી-સલામત અમે પહોંચાડી દીધો છે. આ ચાવી એ તમારા નવા ફ્લેટની છે જ્યાં હવે તમારે કાયમ માટે રહેવાનું છે અને એ જ હવે તમારું ઘર છે, પણ આ ઘર તો અમારું જ છે, અને અમે જીવીયે ત્યાં સુધી એમાં રહી શકીએ એવા કરાર સાથે આ ઘર અમે ટ્રસ્ટને સોંપી દીધું છે. અમારા આ નિર્ણયને તારી મોટી બેને પણ રાજીખુશીથી સંમતિ આપી દીધી છે. ટ્રસ્ટ સાથે થયેલા કરાર મુજબ અમારા મૃત્યુ બાદ આ મકાન અમારા જેવા કંઈક ઘરડા માબાપનું વૃદ્ધાશ્રમ બનશે જેમના દીકરા ઓ એમને છતે ઘરે હોટલમાં ઉતારા ની સલાહ આપતા હશે.''

એજ લિ. તમારા મમ્મી - પપ્પા.

સમગ્ર પત્ર વાંચતા સુકેતુની બંને આંખોમાં આંસુ ઉભરાઈ રહ્યા હતા જે કદાચ એણે કરેલી ભૂલોના હતા, કે કદાચ આટલું મોટું મકાન છુટી જવાના હતા, પણ નવું ઘર મળ્યાના ''હરખના આંસુઓ'' તો ન જ હતા.

❖❖❖

મા-બાપ સંતતિને સંપત્તિ પણ આપી શકે છે, સન્મતિ-સંસ્કાર પણ આપી શકે છે, પરંતુ કઈ ચીજનો વારસો આપી જવામાં મા બાપે વધુ લક્ષ્ય કેન્દ્રિત કરવું જોઈએ ? એક અનુભવોક્તિ છે : પૂત સપૂત તો કયો ધન સંચય ? પૂત-કપૂત તો કયો ધન સંચય ? આનો અર્થ એવો થાય છે કે, પુત્ર જો સપૂત છે, તો એના માટે ધનનો સંચય કરવાની શી જરૂર ? એમ પુત્ર જો કપૂત છે, તો એના માટે ધનનો સંચય કરવાની જરૂર નથી. કેમ કે સપૂત તો સંસ્કારસંપન્ન હોવાથી આપબળે આગળ વધી જશે અને સંસ્કાર વિનાના કપૂતને ગમે તેટલું ધન આપ્યું હશે, તોય કપૂત એ ધનને રફેદફે કરી દીધા વિના નહિ રહે. સંતતિને સન્મતિ આપી હશે, અને કદાચ સંપત્તિ ઓછી આપી હશે, તોય એ જીવનનિર્વાહ સારી રીતે કરી શકશે. જ્યારે સન્મતિ વિનાના કપૂતને આપેલું ધન તો એને વધુ ને વધુ બગડવાનું પ્રબળ સાધન જ પુરવાર થશે.

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# ‘આધારસ્તંભ યોજના’

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક ‘Zalawadi Sabha Charitable Foundation’ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- શ્રીમતી યશોમતીબેન પ્રવિણચંદ્ર ગોપાણી તરફથી બોટાદ નિવાસી (હાલ - વિલેપારલા)
- માતુશ્રી નિલાબેન કિશોરચંદ્ર શાહના સ્મરણાર્થે હસ્તે જાગૃતિ શૈલેષ શાહ (Shailesh Opticians) અંધેરી

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
## શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૫-૨૦૨૩ પછી મળેલ રકમની વિગત

| | |
|---|---|
| માતુશ્રી જ્યોત્સનાબેન ધીરજલાલ શાહ - મલાડ | ૨,૫૦,૦૦૦/- |
| શાંતિલાલ કેશવલાલ શાહ પરિવાર - વિલેપારલા | ૧,૫૦,૦૦૦/- |
| માતુશ્રી હિરાબેન સ્વરૂપચંદ સંઘવી પરિવાર - ઘાટકોપર | ૧,૦૦,૦૦૦/- |

# વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **જિમીત — પુજા**<br>શેઠશ્રી ચેતનભાઈ ધીરજલાલ ગોસલિયાના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ-મલાડ)<br>શેઠશ્રી કેતનભાઈ નવીનચંદ્ર કામદારની સુપુત્રી કુ. પુજા વઢવાણ નિવાસી (હાલ - ઘાટકોપર) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **કેવિન — ઈશા**<br>શ્રી નિરવભાઈ કીર્તીભાઈ શાહના સુપુત્ર સિપાણી નિવાસી (હાલ - ઘાટકોપર)ના ગોળધાણા નિમિત્તે<br>શ્રી અમિષભાઈ રમેશભાઈ શાહની સુપુત્રી જામનગર નિવાસી (હાલ-મુલુંડ)ના ગોળધાણા નિમિત્તે | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **નિકેત — મિલોની**<br>શ્રી રાજેશભાઈ પ્રવિણચંદ્ર શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - ઘાટકોપર)<br>શ્રી ચેતનભાઈ મહાસુખલાલ બેંકરની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - અંધેરી) | ૫૦૧ | ૫૦૧ |
| **વિદ્યાનકુમાર — રુચિ**<br>શ્રી ભરતભાઈ જીવરાજભાઈ મહેતાના સુપુત્ર ભુજપુરના નિવાસી (હાલ - બરોડ)<br>શ્રી રાજેન્દ્રભાઈ અમૃતલાલ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - નાલાસોપારા) | ૫૦૦ | ૫૦૦ |
| **ચિંતન — યશ્વી**<br>શ્રી સંજયભાઈ વિનોદરાય દેસાઈના સુપુત્ર લાડેર નિવાસી (હાલ - ગોરેગામ)<br>શ્રી રશ્મિકાન્તભાઈ જયંતિલાલ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી) | ૨૬૧ | ૨૬૧ |
| **જૈનમ — સૃષ્ટિ**<br>શ્રી તરુણભાઈ દલીચંદભાઈ વસાણીના સુપુત્ર રાણપુર નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી મુકેશભાઈ નવીનચંદ્ર શાહ (ભાલેરા)ની સુપુત્રી દુનાવડા નિવાસી (હાલ - મલાડ) | ૨૫૧ | ૨૫૧ |
| **પૂજન — ખુશ્બુ**<br>શ્રી ધીમંત નંદલાલ ખંધારના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી રાજેન્દ્રભાઈ મણીલાલ મહેતાની સુપુત્રી મોરબી નિવાસી (હાલ - બોરિવલી) | ૨૫૧ | ૨૫૧ |

# સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

જાળિલા નિવાસી (હાલ - કાંદિવલી) સ્વ. કમળાબેન જગજીવનદાસ ડેલીવાલાના પુત્રવધુ સ્વ. મંજુલાબેન પ્રતાપરાય ડેલીવાલા ની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પ્રતાપરાય જગજીવનદાસ ડેલીવાળા તરફથી

| | |
|---|---|
| શ્રી સી. યુ. શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ | ૫૦,૦૦૦/- |
| શ્રી સી. યુ. શાહ તબીબી રાહત ફંડ | ૫૦,૦૦૦/- |
| શ્રી રાહત ફંડ | ૧,૦૦,૦૦૦/- |
| શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ | ૫૦,૦૦૦/- |
| પોસ્ટ ગ્રેજ્યુએશન ફંડ | ૫૦,૦૦૦/- |
| કુલ રૂા. | ૩,૦૦,૦૦૦/- |

ચુડા નિવાસી હાલ - વિલેપાર્લા સૌ. કુસુમબેન વિનયચંદ્ર શાહના અવસાન નિમિતે તેમના પરિવાર તરફથી

| | |
|---|---|
| શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ | ૫૦,૦૦૦/- |
| પોસ્ટ ગ્રેજ્યુએશન ફંડ | ૫૦,૦૦૦/- |
| કુલ રૂા. | ૧,૦૦,૦૦૦/- |

# પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **વૈભવ-પૂજા**<br>શ્રીમતી નયનાબેન નિતિનભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર ચોટીલા નિવાસી (હાલ - બોરીવલી)<br>શ્રીમતી પૂર્વીબેન પંકજભાઈ ચંદુલાલ ગોસલિયાની સુપુત્રી ચુડા નિવાસી (હાલ-બોરીવલી) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **નિશાંત-કિંજલ**<br>શ્રીમતી ચેતનાબેન પુષ્પકાંતભાઈ મોદીના સુપુત્ર જુનાડિસા નિવાસી (હાલ - બોરીવલી)<br>શ્રીમતી નિરૂપાબેન સુરેશભાઈ સંઘવીના સુપુત્રી જોરાવરનગર નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૦ | ૫૦૦ |

# ગુરુ શિષ્ય ની સત્ય ઘટના



બી.જે. મેડિકલ કૉલેજના મેડિસિન વિભાગના વડા અને સિનિયર પ્રૉફેસર ડૉ.સી.સી. ડામોરસાહેબનો સવારનો રાઉન્ડ ચાલુ હતો. તેમની સાથે રહેલા જુનિયર રેસિડન્ટ્સ, સિનિયર રેસિડન્ટ્સ, પોસ્ટ-ગ્રૅજ્યુએટ સ્ટુડન્ટ્સ, આસિસસ્ટન્ટ પ્રૉફેસર વગેરે મનમાં ગભરાઈ રહ્યા હતા. ડૉ. ડામોરસાહેબનું જ્ઞાન અને અનુભવ એટલાં વિશાળ હતાં કે કોઈ પણ ડૉક્ટરને રાઉન્ડમાં પ્રશ્ન પૂછીને ગભરાવી નાખતા. છતાં પણ તેમના રાઉન્ડમાં અઢળક શીખવા મળતું. તેથી બધા જ ડૉક્ટરો તેમના રાઉન્ડમાં જોડાવા તત્પર રહેતા.

બીજે માળે મેઈલ મૅડિકલ વૉર્ડમાં રાઉન્ડ ચાલુ હતો. ત્રીજા ખાટલે આવતાં સાહેબ અટકીને દર્દીને તાકી રહ્યા.

બ્યાસી વર્ષના કાકા, વધેલી દાઢી છતાં ભવ્ય કપાળ, વાળના ઠેકાણાં નહીં, ફાટી ગયેલાં કપડાં છતાં સારા ઘરના બુઝુર્ગ લાગતા હતા. જૂનું પણ સોનું તો સોનું જ છે, તેમ આ લઘરવઘર વૃદ્ધ પણ તેમના ચહેરા ઉપરના તેજ ઉપરથી વિદ્વાન લાગતા હતા. સાહેબે તેની હિસ્ટ્રી રેસિડન્ટ ડૉક્ટરને પૂછી.

'સાહેબ, આમનું નામ છે કૃપાશંકર ત્રિવેદી, ઉંમર છે બ્યાસી વર્ષ, દાહોદ બાજુના ગામડામાં બહાર રઝળતા મળી આવેલ છે. આવ્યા ત્યારે સખત તાવ અને ન્યુમોનિયાથી ખમખમી ગયા હતા. વ્યવસાયે શિક્ષક હતા, ચોવીસ વર્ષ પહેલાં નિવૃત્ત થયા. શાળા પ્રાઈવેટ ટ્રસ્ટની હોવાથી પેન્શનની જોગવાઈ ન હતી, તેથી આવકનું સાધન કાંઈ ન હોવાથી ગામડામાં માગી ભીખીને ગુજરાન ચલાવી રહ્યા હતા.' રેસિડન્ટ ડૉક્ટરે એકીશ્વાસે તમામ હિસ્ટ્રી વાંચી સંભળાવી.

'તેમના કુટુંબમાં કોઈ નથી?' ડામોરસાહેબ પ્રશ્ન પૂછીને ભૂતકાળમાં ડૂબી ગયા. વર્ષો પહેલાંના દાહોદની બાજુના રામપુરા ગામમાં રહેતું ગરીબ આદિવાસી કુટુંબ તેમની નજર સામે તરવરી ઊઠ્યું. બાપ દારૂડિયો હોવાથી જુવાન ઉંમરે લીવર ફેઈલ થતાં ગુજરી જવાથી માતા દિવાળીબહેન ઉપર તેમના એકના એક દીકરા ચકાના ભણતા અને ગુજરાનો ભાર આવી પડ્યો. રસ્તાની સાફસફાઈ અને લોકોનાં કપડાં-વાસણ કરી માંડમાંડ દિવાળીબહેન ગુજારો કરતાં. તેનાં દીકરાનું નામ હતું ચતુરભાઈ ચીમનભાઈ ડામોર પણ ગામમાં બધા તેને ચકો જ કહેતા હતા. ચકાભાઈ ભણવામાં હોશિયાર હતા. બારમા ધોરણમાં બૉર્ડમાં બાણું ટકા સાથે સમગ્ર જિલ્લામાં પ્રથમ હતા. પણ હવે દિવાળીબહેનથી કામ થતું નહીં, તેથી તે ચકાને ભણવાનું બંધ કરીને પોતાના કામમાં જોતરાઈ જવાનો આગ્રહ કરતાં હતાં.

ચકાભાઈ તેની શાળાના તમામ શિક્ષકોના પ્રિય હતા, પણ કૃપાશંકર ત્રિવેદીની કૃપા તેની ઉપર સૌથી વધારે હતી. ચકાને મેરીટ લિસ્ટ પ્રમાણે બી. જે. મેડિકલ કૉલેજમાં એડમિશન મળતું હતું, પણ માતાના આગ્રહથી તે દ્વિધામાં પડી ગયો. ત્રિવેદીસાહેબને ખબર પડતાં તે પોતે ચકાને ઘેર દિવાળીબહેને મનાવવા આવ્યા.

આદિવાસી વિસ્તારમાં બ્રાહ્મણસાહેબને આવેલા જોઈ તમામ વસ્તી ટોળે વળી ચકાને ઘેર આવી.

'બહેન, તમે ચકાને મેડિકલમાં ભણાવી ડૉક્ટર બનાવો.' ત્રિવેદીસાહેબે કહ્યું.

'સાહેબ, હવે મારાથી કામ થતું નથી. તેથી ચકાને મેડિકલમાં ભણાવવાના પૈસા લાવું ક્યાંથી?' દિવાળીબહેને પોતાની વ્યથા ઠાલવી.

'બહેન, તેની ચિંતા ના કરો. હું બનતી મદદ કરતો રહીશ, અને ચકાને તેની મેરીટ ઉપર સ્કોલરશિપ અપાવી દઈશ.' ત્રિવેદીસાહેબે વિશ્વાસપૂર્વક કહ્યું.

સાચે જ ત્રિવેદીસાહેબે ચકાને સ્કૉલરશિપ અપાવી, તેના રહેવા, ખાવાપીવાનો પ્રબંધ કરી આપ્યો. વચ્ચે વચ્ચે દિવાળીબહેનને પણ મદદ કરતા રહ્યા.

ચકાભાઈ ભણીગણીને એમ.ડી. થઈ બી.જે. મેડિકલ કૉલેજમાં જ આસિ. પ્રૉફેસર બન્યા ને બીજે જ વર્ષે દિવાળીબહેને અંતિમ વિદાય લીધી ત્યારે કહેતાં ગયાં 'બેટા, ત્રિવેદીસાહેબને લીધે જ તું આટલો મોટો સાહેબ થયો છે, નહિતર તું પણ રોડ સાફ કરતો હોત. તેનું ઋણ ભૂલતો નહીં.'

વર્ષોનાં વહાણાં વાયાં ને ચકાભાઈ બની ગયા ડૉ. સી.સી. ડામોરસાહેબ, પ્રોફેસર ઑફ મેડિસિન. સમય પણ કેવા ખેલ ખેલે છે? આજે વર્ષો પછી ત્રિવેદીસાહેબ મળ્યા પણ કેવી હાલતમાં ? ડામોરસાહેબથી હાયકારો નીકળી ગયો.

અચાનક રેસિડન્ટ ડૉક્ટરના જવાબથી

સાહેબ પાછા વર્તમાનમાં આવી ગયા.

'સાહેબ, આમનાં પત્નીનું ગયા વર્ષે અવસાન થવાથી એકલા જ છે. એક દીકરો હતો. તે ભણી ગણી ડૉક્ટર બનીને અમેરિકા ગયો ને ત્યાંની ગોરી મેંડમને પરણી ઈન્ડિયા અને મા-બાપને સાવ ભૂલી જ ગયો. ઘરનું ભાડું છ મહિના સુધી ન ભરવાથી તેમને ફૂટપાથ પર લાવી દીધા.'

'સારું સારું, તેની સારામાં સારી સારવાર કરજો. તેમને ખાવાપીવામાં તકલીફ ના પડવી જોઈએ. કપડાં પણ ફાટેલાં છે, લો આ હજાર રૂપિયા, બે જોડી કપડાં અને બીજી કોઈ જરૂરિયાત માટે' કહીને ડામોરસાહેબે રૂપિયા તેના રેસિડન્ટને આપ્યા. બધાને નવાઈ લાગતી હતી, સાહેબને આ બ્રાહ્મણ સાથે શું સંબંધ હશે ? 'કેટલાક સંબંધોને બધા ક્યાં સમજી શકે છે ?'

સાંજે પાંચ વાગે સાહેબનો વૉર્ડમાં ફોન આવ્યો, 'ત્રીજા ખાટલાના દર્દીને કેમ છે ?' સિસ્ટર ગભરાઈ ગયાં. તેણે બધા રેસિડન્ટ ડૉક્ટરોને કોલ કરી બોલાવી લીધા, બધા સમજી ગયા સાહેબ આ દર્દી માટે ગમે ત્યારે આવી શકે છે, તેથી ખૂબ જ ચીવટથી ઘનિષ્ટ સારવારમાં લાગી ગયા.

ડામોરસાહેબની મહેનત અને સ્ટાફની ઘનિષ્ટ સારવારથી ત્રિવેદીકાકા છ દિવસમાં સારા થઈ ગયા. ત્રિવેદીકાકાએ સાંભળ્યું હતું કે ડૉક્ટરો બહુ સેવાભાવી અને માયાળુ હોય છે, પણ આ ડામોરસાહેબ, આટલી બધી માયા કેમ રાખે છે, તે સમજાતું ન હતું.

'સાહેબ, આ ત્રિવેદીકાકાને રજા આપીશું તો તે જશે ક્યાં ? તેને તો કુટુંબ કે ઘર કંઈ જ નથી.' રેસિડન્ટે મૂંઝવણ બતાવી. ડામોરસાહેબે બીજા દિવસે રજા આપવાનું કહ્યું.

બીજા દિવસે સવારે ડામોરસાહેબનાં પત્ની, ગાડી અને ડ્રાઈવર સાથે અગિયાર વાગે સિવિલમાં આવી ગયાં. ત્રિવેદીકાકાને રજા આપી. ડામોરસાહેબ પોતે હાથ પકડી બહાર લઈ જવા લાગ્યા. તેની પાછળ આખો સ્ટાફ મદદ કરવા દોડ્યો. ત્રિવેદીકાકા શરમથી પાણી પાણી થઈ ગયા, આખો વૉર્ડ વિચારી રહ્યો હતો આ ગરીબ બ્રાહ્મણ નસીબદાર છે, પણ તેમને ક્યાં ખબર હતી, ડામોરસાહેબ તેમનું ઋણ ઉતારી રહ્યા છે.

ત્રિવેદીકાકા વિચારી રહ્યા, આવડા મોટા અમદાવાદમાં હું કઈ ફૂટપાથ પર રહીશ, ભીખ માંગવા ક્યાં બેસીશ, અહીં તો પોલીસ બહુ હેરાન કરે છે. કદાચ એટલે જ સાહેબ વૃદ્ધાશ્રમમાં વ્યવસ્થા કરતા લાગે છે.

નીચે ગાડીમાં બેસતાં ત્રિવેદીકાકા હજુ ક્યાં જવાનું છે, તે સમજી શકતા ન હતા. તેમણે પૂછ્યું, 'ડૉક્ટરસાહેબ, આપની ગાડીમાં મારે ક્યાં જવાનું છે ?'

અત્યાર સુધી રોકી રાખેલું રહસ્ય ડામોરસાહેબે ધીમેથી ખુલ્લું કર્યું, 'માસ્તરસાહેબ, આપને યાદ છે, ત્રીસ વરસ પહેલાં ચકા નામના આદિવાસી છોકરાને તમે મદદ કરી ડૉક્ટર બનાવ્યો હતો. હવે તેને આ ઋણનો ભાર ઉતારવાની તક તો આપો. તમારે હવે મને સાહેબ નહીં, ચકો જ કહેવાનું છે. તમારે હવે અમારે ઘેર જ રહેવાનું છે.' ચકાને યાદ કરતાં ત્રિવેદીસાહેબ રડી પડ્યા, 'અરે, ચકા તું, આટલો મોટો સાહેબ બની ગયો છે ?' તેમ કહી ગળે લગાડી દીધો.

ઋણનો ભાર ઊતરતાં ડામોરસાહેબ હલકાફૂલ થઈ ગયા. એકલવ્યએ તેનો અંગૂઠો ગુરુ દ્રોણને અર્પણ કર્યો, તેના કરતાં પણ તે વધારે આનંદ અનુભવતા હતા.

ઉપર વૉર્ડમાંથી ડૉક્ટર્સ સિસ્ટર્સ અને દર્દીઓ ગુરુશિષ્યનું અજોડ મિલન જોઈ રહ્યાં. એશિયાની સૌથી મોટી હૉસ્પિટલના પ્રૉફેસર પહેલી વખત ભિખારી દર્દીને પોતાની ગાડીમાં બેસાડી ઘેર લઈ જતા હતા.

વારંવાર વાંચવા લાયક...રડાવી દે તેવો સાચો પ્રસંગ....

❖❖❖

**હિસાબ શું રાખવો ..?**

સમયના નિરંતર
પ્રવાહમાં,
આપણાં થોડાક વર્ષોનો
હિસાબ શું રાખવો ?

ભરીભરીને આપ્યું છે
જિંદગીએ,
જે ન મળ્યું, તેનો
હિસાબ શું રાખવો ?

આવનાર હરેક દિવસ
પ્રકાશમાન છે,
ત્યારે રાત્રિના અંધકારનો
હિસાબ શું રાખવો ?

આનંદની બે ક્ષણ
કાફી છે - જીવવા માટે,
ઉદાસીની ક્ષણોનો
હિસાબ શું રાખવો ?

મધુર યાદોનો ખજાનો
છે હૃદયમાં,
દુઃખદાયક વાતોનો
હિસાબ શું રાખવો ?

મળ્યાં છે ફૂલ કેટલાં
સ્વજનો પાસેથી,
કાંટાના જખમનો
હિસાબ શું રાખવો ?

જો યાદ કરીને જ
દિલ થઈ જાય ખુશ,
તો મળવા, ન મળવાનો
હિસાબ શું રાખવો ?

કંઈક તો સરસ છે જ,
હર કોઈમાં,
થોડીક ખરાબીનો
હિસાબ શું રાખવો ?

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ<br>9860125136<br>પંચગીની : નિરવભાઈ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | પત્રિકા જાહેરખબર<br>દેવલાલી :<br>આશાબેન<br>9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

# નાની એવી ખુશી

લાંબા સમયથી એક્ટિવા નો ઉપયોગ ન કરવાને કારણે તે જર્જરિત હાલતમાં પહોંચી ગઈ હતી. વિચાર આવ્યો Olx પર વેચી દવ. કિંમત રાખી રૂ. ૩૫૦૦૦ પૂરા/- ૨૫-૩૦ હજાર સુધીની ઘણી ઓફર આવી હતી.

મને લાગ્યું કે ૩૩-૩૪ હજાર આવે તો જ અપાયને એક વ્યક્તિની ૩૨૦૦૦ સુધીની ઓફર આવી હતી. પણ તેને વિચારીને જવાબ આપવાનું કહ્યુ.

એક સવારે ફોન આવ્યો, સામેવાળી વ્યક્તિએ કહ્યું- હેલો સાહેબ, તમારી ટુ વ્હીલરની એડ જોઈ. તે મને ગમ્યું છે. પરંતુ મેં ઘણો પ્રયાસ કર્યો છતાં હું માત્ર ૨૭૦૦૦ જ ભેગા કરી શક્યો. મારો દીકરો એન્જીન્યરીંગના છેલ્લા વર્ષમાં છે. તેણે ખૂબ જ મહેનત કરી છે. ક્યારેક પગપાળા, ક્યારેક સાયકલ, ક્યારેક બસ, ક્યારેક કોઈની સાથે એ ભણવા જાય છે. વિચાર્યું કે છેલ્લા વર્ષમાં તેણે પોતાની ગાડીમાં જવું જોઈએ. શું તમે મહેરબાની કરીને મને આપશો ? ? ?. નવી ગાડીની કિંમત વધુ છે. અને તે મારા માટે તો ખૂબ જ વધુ છે. એક વિનંતી હતી કે થોડો સમય મારા માટે રાહ જોવો. મને થોડો સમય આપો હું પૈસાની વ્યવસ્થા કરું છું. મોબાઈલ વેચીને થોડા પૈસા મળશે. પણ હું તમને હાથ જોડીને વિનંતી કરું છું સાહેબ, ગાડી તો મને જ આપજો. મેં ફક્ત ઔપચારિકતા તરીકે ઓકે કહીને ફોન કટ કરી દીધો.

મનમાં કેટલાક વિચારો આવ્યા. મે પાછો ફોન કર્યો અને કહ્યું કે તમારો મોબાઈલ નહી વેચતા, કાલે સવારે તે ૨૭૦૦૦ લઈને આવજો અને ગાડી લઈ જજો મારી પાસે ૩૨૦૦૦ ની ઓફર હોવા છતાં હું ૨૭૦૦૦માં એ વ્યક્તિને ગાડી આપવાનો હતો. વિચાર્યું કે આજે એ પરિવારમાં કેટલી ખુશીનો માહોલ હશે.



અને મને બહુ નુકસાન પણ નહોતું થયું કેમ કે વાપરવા સમયે મે ઘણી વાપરી હતી અને અત્યારે તો ગાડી એમ જ પડી હતી. અને ભગવાને મને ઘણું આપ્યું પણ છે. એટલે પાચેક હજારમાં કાઈ ફરક પણ નહીં પડે.

બીજા દિવસે સવારે તેણે ઓછામાં ઓછા પાચેક વાર ફોન કર્યો હશે. સર, હું કેટલા વાગે આવું ??, તમને ખોટું લાગતું હોય તો હું મારા પુત્રને પણ સાથે લેતો આવું ??, તમારો સમય બરબાદ નહિ થાયને ?? પણ તમે બીજા કોઈને તે આપતા નહીં .

તે તેના પુત્ર સાથે ૫૦૦,૧૦૦,૫૦,૨૦ ની નોટોના અલગ અલગ બંડલ લઈ ને આવ્યા હતા. એવું લાગ્યું કે ખબર નહીં ક્યાંથી આ પૈસા માગીને કે એકઠા કરીને લાવ્યા હસે કે કટકે કટકે ભેગા કરીને રાખ્યા હસે.

દીકરો ખૂબ જ આતુરતા અને કૃતજ્ઞતાથી ગાડી તરફ જોઈ રહ્યો હતો. મેં તેને બંને ચાવીઓ, કાગળ આપ્યા.

દીકરો વહાલથી સીટ પર હાથ ફેરવી રહ્યો હતો. રૂમાલ કાઢીને આખી ગાડી લૂછી.

તેણે પૈસા આપીને ગણવાનું કહ્યું, મેં કહ્યું તમે ગણીને જ લાવ્યા હસો, કોઈ વાંધો નહી. તેમાંથી મેં તેને ૫૦૦ ની નોટ પાછી આપી અને કહ્યું કે ગાડીની હેડ લાઈટ ખરાબ છે રિપેર કરાવી લેજે અને પેટ્રોલ પણ ભરાવી દેજે, ટાંકી ખાલી છે.

તેમની આંખોમાં કૃતજ્ઞતાના દેખાતી હતી. વિદાય લેતી વખતે ખૂબ જ નમ્રતાથી પ્રણામ કર્યા. અને વારંવાર આભાર વ્યક્ત કર્યો.

બાપ દીકરો બંને ગાડી પર બેસી ગયા અને જવાની તૈયારીમાં જ હતા ત્યાં મે એમને ઊભા રાખ્યા અને એના દીકરાને કહ્યું ઘરે જતી વખતે પેલા ૫૦૦ની મીઠાઈ લેતો જજે. હેડ લાઈટ ચાલે જ છે અને પેટ્રોલ પણ ફૂલ ભરેલું જ છે.

આભાર.

❖❖❖

# ઈન્ફોર્મેશન પ્લીઝ !

☐ ડૉ. આઈ. કે. વીજળીવાળા

ઉત્તર-પશ્ચિમ અમેરિકાનું એક રાજ્ય. એમાં એક નાનકડા શહેરમાં પોલ નામનો એક છ વરસનો બાળક પોતાના ઘરમાં એકલો હતો. પોતાની લાકડાનાં રમકડાં બનાવવાની પેટીમાંથી ઓજારો લઈ નાનકડું ઘર બનાવવા મથી રહ્યો હતો. ખૂબ જ રસથી કામ કરતાં કરતાં અચાનક જ એનાથી ખીલીના બદલે પોતાના જ અંગૂઠા પર હથોડી મરાઈ ગઈ. એની રાડ ફાટી ગી. રડવું આવી ગયું. પણ રડે શી રીતે ? ઘરમાં કોઈ સાંભળવાવાળું તો હતું નહીં. એના પપ્પા નોકરી પર ગયા હતા. મા બજારમાં ખરીદી કરવા ગઈ હતી. હવે શું કરવું ? અચાનક એને યાદ આવ્યું કે કોઈ પણ માહિતી માટે એના પપ્પા ટેલિફોનનું રિસીવર ઉપાડીને ઈન્ફોર્મેશન પ્લીઝ !' એમ પૂછતા અને સામેથી જવાબ મળે પછી પોતાની જોઈતી માહિતી અંગે પૂછતાછ કરી લેતા. એ યાદ આવતાં જ એણે ફોનનું રિસીવર ઉઠાવ્યું અને કહ્યું, 'ઈન્ફોર્મેશન પ્લીઝ !'

એકાદ બે ક્લિક્સ સંભળાઈ પછી સામે છેડેથી અવાજ આવ્યો, 'ઈન્ફોર્મેશન બોલે છે. બોતો, હું આપની શું સેવા કરી શકું ? અવાજ કોઈ સ્ત્રીનો હતો.

'મારા અંગૂઠા પર મારાથી જ હથોડી વાગી ગઈ છે. ખૂબ દુ:ખે છે.' સાંભળનારું કોઈ મળ્યું એટલે બાળકે રડતાં રડતાં જ કહ્યું.

'તારા ઘરે કોઈ નથી ? મતલબ કે કોઈ મોટું હાજર નથી ?'

'ના ! ઘરે હું એકલો જ છું !' હીબકાં ભરતાં બાળકે જવાબ આપ્યો.

'શું ઉંમર છે તારી દીકરા ? તારું નામ શું છે ?'

'છ વરસ ! મારું નામ પોલ છે.'

'અંગૂઠામાંથી લોહી નીકળે છે ?'

'ના, લોહી નથી નીકળતું પણ મને ખૂબ જ દુ:ખે છે. સબાકા ખૂબ જ મારે છે.'

'તું તારા ફ્રિજમાંથી બરફ કાઢી શકીશ ?' પેલી સ્ત્રીએ પૂછ્યું.

'હા !' છોકરાએ જવાબ આપ્યો.



'તો એક કામ કર. બેચાર ટુકડા બરફના કાઢી એક વાડકીમાં નાંખીને એમાં થોડુંક પાણી ભરી દે. પછી તારો અંગૂઠો એમાં થોડીક વાર ડુબાડી રાખજે. તને જરૂર રાહત થઈ જશે. થોડુંક સારું લાગે પછી એક રૂમાલ એ પાણીમાં ભીનો કરીને દુખતા અંગૂઠા પર પાટો બાંધી દેજે. તને જરૂર મટી જશે. અને હા ! હવે રડીશ નહીં. બહાદુર બનજે !'

અદ્ભુત રાહતની લાગણી સાથે બાળકે એનો આભાર માની રિસીવર મૂકી દીધું. પણ આ પ્રસંગ પછી પોતાના કોઈ પણ કામ માટે એ 'ઈન્ફોર્મેશન' ને જ પૂછતો. લેસન કરતી વખતે તો ખાસ એને જ પૂછીને લેસન કરતો. મજાની વાત તો એ હતી કે હંમેશા એના લેસન કરવાના સમયે 'ઈન્ફોર્મેશન'ની ડ્યૂટી હોય જ. એ સ્ત્રીનો નોકરીનો સમય અને પોલનો લેસન કરવાનો સમય એક જ હતો. એટલે પોલ કંઈ પણ મુશ્કેલી પડે તો એ સ્ત્રીને જ પૂછી લેતો. એક વખત ભૂગોળનું લેસન કરતી વેળા ફિલાડેલ્ફિયા ક્યાં આવ્યું એ એને 'ઈન્ફોર્મેશને' જ જણાવ્યું હતું. ગણિતના અઘરા દાખલા ગણતી વખતે પણ એ એની જ મદદ લેતો. એણે જ્યારે નાનકડું વાંદરું પાળ્યું ત્યારે એને ખાવા શું શું આપી શકાય એ માટેની સંપૂર્ણ માહિતી એણે એ સ્ત્રી પાસેથી જ મેળવેલી.

એક દિવસ પોલનું પાળેલું બુલબુલ પાંજરામાં જ મૃત્યુ પામ્યું. એ ખૂબ જ ઉદાસ થઈ ગયો. આ બનાવથી એને વારંવાર રડવું જ આવતું હતું. 'ઈન્ફોર્મેશન'નો સંપર્ક કરી એણે આ કરુણ ઘટનાની વાત કરી. એણે કહ્યું, 'દીદી ! પોતાનાં અદ્ભુત ગીતોથી મારા ઘરમાં આટલો બધો આનંદ પાથરતું એ પંખી અચાનક પીંછાંનો ઢગલો બની અમને શું કામ છોડી ગયું ?'

પેલી સ્ત્રી બે-ચાર ક્ષણ મૌન રહી. પછી ખૂબ જ સહાનુભૂતિભર્યા અવાજે બોલી, 'બેટા ! એ બુલબુલને આપણી દુનિયા સિવાયની બીજી દુનિયામાં પણ ગીતો ગાવાનાં હશે. અને એટલે જ ભગવાને એને બોલાવી લીધું હશે !'

આ વાક્યમાં ખબર નહીં એવું તો શું હતું પણ પોલના દુ:ખી મનને એનાથી ખૂબ જ રાહત મળી. એ પછી થોડા દિવસ પછી એણે 'ફિક્સ''fix'નો સ્પેલિંગ કઈ રીતે લખાય એ પૂછ્યું. આટલો નાનો સ્પેલિંગ તો એની મમ્મી પણ સમજાવી શકત. પણ આદત મુજબ એ આવા નાનકડા પ્રશ્નો માટે પણ 'ઈન્ફોર્મેશન' કાઉન્ટર પર બેઠેલી

સ્ત્રીનો સંપર્ક કરતો. અને એ સ્ત્રી પણ ક્યારેય કંટાળો લાવ્યા વિના એને બધું જ સમજાવતી. આજે પણ એણે એને સ્પેલિંગ લખાવ્યો.

આ ઘટનાક્રમ આમ જ લગભગ ત્રણ વરસ શરૂ રહ્યો. ત્રણ વરસ પછી પોલના પિતાની બદલી બૉસ્ટન શહેરમાં થઈ. પોલ અમેરિકાના બીજે છેડે રહેવા ચાલ્યો ગયો. એની મોટી બહેન એ જ શહેરમાં પરણીને સ્થાયી થઈ હતી. વરસો વીતતાં ગયાં તેમ સ્મૃતિઓની દીવાલો પર સમયનું પડ જાડું થતું ચાલ્યું.

કૉલેજ પૂરી કરીને પોલે પોતાનો ધંધો શરૂ કર્યો હતો. ધંધાના કામ અંગે એ એક વખત બહારગામ જતો હતો ત્યારે એના વિમાને એણે જ્યાં બાળપણ ગુજારેલું એ જ શહેરમાં લગભગ અર્ધા કલાક જેટલું રોકાણ કર્યું. પોલે પોતાની બહેન સાથે લગભગ પંદરેક મિનિટ વાત કરીને ફોન મૂક્યો ત્યાં જ દીવાલમાંથી ફૂટી નીકળતા પીપળાની માફક જ એને 'ઈન્ફોર્મેશન'ની યાદ આવી ગઈ. આટલા વારસો પછી સીધો ફોન ઉપાડવાથી ઈન્ફોર્મેશનને જ લાગે તેવું નહોતું રહ્યું એટલે એણે લોકલ ફોન ડિરેક્ટરીમાંથી ઈન્ફોર્મેશનનો નંબર મેળવ્યો. પછી ધડકતા હૈયે બોલ્યો, 'ઈન્ફોર્મેશન પ્લીઝી !'

યુવાન થવાના કારણે પોલનો અવાજ બિલકુલ બદલાઈ ગયો હતો. પણ સામે છેડેથી એની એ જ મીઠો અને પ્રેમાલ અવાજ સંભળાયો. 'ઈન્ફોર્મેશન બોલે છે. બોલો ! હું આપણી શું સેવા કરી શકું ?'

એને એ જ અને એવો જ મમતાભર્યો અવાજ આટલાં વરસો પછી પણ સાંભળવા મળશે એવી પોલને કલ્પના જ નહોતી એટલે શું વાત કરવી અને કઈ રીતે વાત કરવી એ તો એણે વિચાર્યું જ નહોતું. એના મગજમાં તો પોતાના બાળપણના પ્રસંગો જ ઘૂમરાત હતા. કંઈ યાદ ન આવતાં એણે લાગલું જ પૂછી નાખ્યું, 'તમે મને ફિક્સ-fix કઈ રીતે લખવું તે સ્પેલિંગ સમજાવશો ?'

સામે છેડે થોડી વાર શાંતિ છવાઈ ગઈ. પછી એ જ લાગણીભર્યો અવાજ સંભળાયો, 'પોલ ! હથોડી વાગેલી એ અંગૂઠો રુઝાઈ ગયો ? કે હજુ દુ:ખે છે ?'

પોલના આનંદનો કોઈ પાર ન રહ્યો. એની આંખમાં આંશું આવી ગયાં. એ બોલ્યો, 'દીદી ! તમે આજે આવી રીતે મળી જશો એ હું માની જ નથી શકતો. હું હવે મોટો બિઝનેસમૅન બની ગયો છું. પણ તમને આજે મારે એક વાત કરવી છે.' એટલું કહી એ બે ક્ષણ અટક્યો. પછી છાતીમાં ભરાયેલ ડૂમાને જેમતેમ ખસેડીને એ બોલ્યો, 'દીદી ! તમે મારા માટે એ વખતે શું હતાં એ તમને ખબર છે ? તમે એક બાળકના સુખદુ:ખના સાથી હતાં. મારે મા-બાપ તો હતાં. પણ પોતાના કામમાં જ વ્યસ્ત મારા માબાપ પાસે તો મારા માટે સમય હતો જ નહીં. એ વખતે મારાં મા અને બાપ બંને તમે જ હતાં. તમે મને ક્યારેય વાત કરવાની ના પાડી નથી. જો એવું કહું તોપણ એને અતિશયોક્તિ ન માનતાં કે તમે મારા બાળપણનું સર્વસ્વ હતાં !' ડૂમો ફરીથી ભરાઈ આવ્યો. પોલ આગળ બોલી જ ન શક્યો.

બે ક્ષણ બંને છેડે શાંતિ છવાયેલી રહી. લાગતું હતું કે બંને છેડે આંસુ રોકવાનો જ પ્રયાસ થઈ રહ્યો હતો. ત્યાર બાદ એ સ્ત્રીએ કહ્યું, 'પોલ ! આજે મારે પણ તને કહેવું છે કે તું મારા માટે શું હતો એ તને ખબર છે ખરી ? હું સાવ જ એકાકી જીવન જીવતી હતી. મારે પતિ કે બાળકો કોઈ જ નહોતું. તારો ફોન આવે અને હું જ તારી સાથે વાત કરી શકું એ માટે હું હંમેશા સાંજની ડ્યૂટી જ પસંદ કરતી. તને અભ્યાસમાં મદદરૂપ થઈ શકું એ માટે તારા જે તે ધોરણનાં પુસ્તકો ખરીદીને હું રોજ રાત્રે એનો અભ્યાસ કરતી. તારી સ્કૂલમાં જે ચાલવાનું હોય તે હું અગાઉથી જ તૈયાર કરી રાખતી. તારો અવાજ મને રોજ એક દિવસ વધારે જીવતા રહેવાની હિંમત આપતો. મારી નોકરી ન હોય ત્યારે હું કોઈકને બદલે નોકીર કરતી. હું ભાંગી પડીને આપઘાત કરવાનો વિચાર કરતી હતી એવે વખતે મને જીવતા રહેવાની પ્રેરણા તેં જ આપેલી ! થોડી વાર અટકીને એ બોલી, 'પોલ બેટા ! તારી પાસે સમય હોય તો મને મળીશ ? તને મળવા હું વરસોથી તડપું છું. અને તું ફરી કોઈ દિવસ મળીશ એ આશાએ જ જવું છું.'

'દીદી !' પોલ માંડ માંડ બોલી શક્યો, 'મારું પ્લેન હવે પાંચ-દસ મિનિટમાં જ ઊપડશે. દોઢેક મહિના પછી હું પાછો આવીશ. તમે જે અનુભવી રહ્યાં છો એવી લાગણી હું પણ અનુભવી રહ્યો છું. મારે પણ તમને મળવું છે. તમને હું ખાતરી આપું છું કે હું પાછો આવીશ ત્યારે મારી ટિકિટ જ એવી રીતે લઈશ કે તમારી સાથે એકાદ દિવસ ગાળી શકાય.'

ત્યાર પછી રડતાં રડતાં જ બંનેએ એકબીજાને બાય-બાય કર્યું. ફોન મૂકતાં પહેલાં એ સ્ત્રી જણાવ્યું કે પોતાનું નામ સેલી છે અને ભવિષ્યમાં સંપર્ક માટે એ નામથી જ પૂછતાછ કરવી.

દોઢને બદલે પોલ પૂરા ત્રણ મહિના પછી આવી શક્યો. વિમાનમાંથી ઊતરીને તરત જ ત્યાંના જાહેર ટેલિફોન પરથી જ એણે ફોન કર્યો, 'ઈન્ફોર્મેશન પ્લીઝ !' એટલું બોલી એ ધડકતા હૈયે ઊભો રહ્યો.

'ઈન્ફોર્મેશન બોલે છે. બોલો ! હું આપની શું સેવા કરી શકું ?' સામે છેડેથી એક મૃદુ અવાજ આવ્યો પણ એ સેલીનો નહોતો.

'સેલને આપશો પ્લીઝ ?' સેલી નહીં મળ્યાના થોડા વિષાદ સાથે પોલે કહ્યું.

'તમે એના મિત્ર છો ?'

'હા ! ખૂબ જૂનો મિત્ર !' પોલે જવાબ આપ્યો.

'તમને જણાવતાં મને અનહદ દુઃખ થાય છે. પરંતુ મારે જાણ તો કરવી જ જોઈએ. કૅન્સરના કારણે છેલ્લા લગભગ દોઢ મહિનાથી રજા પર રહેલી સેલીનું ગયા અઠવાડિયે જ મૃત્યુ થયું છે. માફ કરશો !'

પોલ માથે જાણે વીજળી પડી. 'ઓહ નો !' કહેતાં એનાથી ધ્રુસકો મુકાઈ ગયો. જે સ્ત્રી પોતાના બાળપણની દુનિયામાં સર્વસ્વ હતી એને એક વાર પણ મળી ન શકાયું એ વાત એને અત્યંત પીડા આપી રહી હતી.

'અરે સાંભળો !' સામે છેડે રહેલી સ્ત્રીએ કદાચ પોલના રડવાનો અવાજ સાંભળી લીધો હતો. સેલી માટે રડવાવાળું આ દુનિયામાં બીજું કોઈ સગું તો હતું નહીં. અને પોલ વિશે એણે સેલી પાસેથી ઘણી વાતો સાંભળી હતી. એટેલ એણે પૂછી જ લીધું, 'તમે ક્યાંક મિ. પોલ તો નથીને ?'

'હા ! હું પોલ જ બોલું છું. સેલીએ મારા વિશે તમને કંઈ કહ્યું હતું ?' પોલને નવાઈ લાગી.

'સેલીએ તમારા માટે એક સંદેશો મૂકેલો છે. સેલીએ કહેલું કે તમને આવો ત્યાં સુધી કદાચ એ જીવતી ન પણ રહે તો મારે આ સંદેશો તમને આપવો. તમને રડતા સાંભળ્યા એટલે હું ઓળખી ગઈ. સેલી કહેતી હતી કે એના મૃત્યુથી તમને ખૂબ જ દુઃખ થશે.'

'સંદેશો શો છે ?' પોલને સેલીએ શું લખ્યું હશે એ સાંભળવાની અધીરાઈ થઈ આવી હતી.

'સેલીએ લખ્યું છે કે - પોલને કહેજો કે રડે નહીં. જરાય દુઃખી પણ ન થાય. આ એક જ દુનિયા નથી. બીજી દુનિયામાં પણ ગીતો ગાવાનાં હોય તો ભગવાન બોલવી લેતા હોય છે. અને આ સંદેશો પોલ જરૂર સમજી જશે !' સંદેશો પૂરો કરીને એ સ્ત્રી શાંત થઈ ગઈ. એનો આભાર માની પોલે ફોન મૂકી દીધો.

એ સંદેશાનો અર્થ પોલ બરાબર સમજી ગયો હતો. અતિ ખિન્નતાના ભાવો વચ્ચે શીતળ ચંદનના લેપ જેવી ઠંડક એના હૃદયે અનુભવી. આંખ બંધ કરી શાંતિથી એ ઍરપૉર્ટની લોન્જના એક ખૂણાની બેઠક પર બેસી ગયો. બંધ આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી પરંતુ એના મોં પર શાંતિના ભાવો પથરાયેલા હતા. ઘણાં વર્ષો પછી એના બુલબુલનો મીઠો અવાજ એના કાન અને હૃદયમાં જાણે કે ગુંજી રહ્યો હતો !

❖❖❖

## ઝાલાવાડી સભા દ્વારા ઋણ સ્વીકાર





**તા. ૦૧-૦૫-૨૩ના રોજ ઝાલાવાડી સભાની ચુંટણી દરમ્યાન મુખ્ય ચુંટણી કમિશનર શ્રી અશ્વિનભાઈ શાહ તથા તેમના સહયોગી શ્રીમતી હીનાબેન પારેખ તેમજ શ્રી સચીનભાઈ ગોપાણીનો તેમજ તેમની સમગ્ર ટીમ જેમણે ચુંટણીના દિવસે સવારથી સાંજ સુધી વિનમ્રભાવે સેવા આપી છે. તે બદલ સભા તેમનો આભાર વ્યક્ત કરે છે.**

''**મ**મ્મી, આ તારી જીદ ખોટી નથી ? પપ્પાનું પણ તું માનતી નથી ? થ્રી બેડરૂમનો ફ્લેટ આ કિંમતે મળી રહ્યો છે, શહેરનાં અમીર લોકો ત્યાં વસે છે, ક્રીમી કલચર છે, આટલી સિક્યોરિટી, બધીજ એમીનીટી, ઓટોમેટિક લિફ્ટ, પાવર બેકઅપ, સ્વિમિંગપુલ, જીમ, ગાર્ડન અને વળી નવમાં માળેથી તને આકાશ અને શહેરનો નજારો કેવો સરસ જોવા મળશે ! બાલ્કનીમાં હિંચકે બેસીને તું માણી શકીશ આ બધું, જેનું તને સપનું હતું. તું સમજતી કેમ નથી ?'' રોહન રસોડામાં જઈને મમ્મીને સમજાવાના પ્રયત્ન કરી રહ્યો.

''બધું બરાબર બેટા, જિંદગીમાં માણી લેવા જેવું બધું જ ત્યાં છે પણ મેં જે જોયું એ તમને ન દેખાયું...!''

એક ગેસ ઉપર દાળ ઉકાળતી અને બીજાં ગેસ ઉપર શાક વઘારતી શિવાનીએ રોહનને જવાબ આપવાની કોશિશ કરી.

પણ શિવાનીની વાતને વચ્ચેથી કાપી નાંખતા પંકજભાઈ ગુસ્સામાં રસોડામાં પ્રવેશી ગયાં, ''તારી મમ્મીને બધે કંઈક વાંધો જ દેખાય. એ આ જૂનાં મધ્યમવર્ગી ફ્લેટમાં પડ્યાં રહેવાને જ લાયક છે.''

''એમ નહીં પપ્પા, એને બોલવા તો દો. બોલ મમ્મી, તને એવું તે શું દેખાયું એ સોસાયટીમાં કે..'' રોહને પ્લેટફોર્મ પર બેસી જતાં કહ્યું.

રસોડામાં ગેસની ગરમી વચ્ચે જ ચર્ચાની ગરમી પણ જામી પડી.

શિવાનીએ પંકજભાઈનાં ગુસ્સાને ગળી જઈ બંને ગેસનાં બર્નર બંધ કરી પોતાનો જવાબ મક્કમતાથી રજૂ કર્યો: ''બેટા, તારી વાત સાચી. છત્રીસ અમીર પરિવારો ત્યાં વસે છે, મસમોટી પોશ સોસાયટી છે, સીક્યોરિટી ગાર્ડ ત્યાં ચકલુંય ફરકવા દે એમ નથી. પણ તું યાદ કર આપણે ત્યાં હતાં ત્યારે બપોરનાં બે વાગ્યાં હતાં. બધાંને ઘરે જમવાનું પતી ગયું હોય અને એ સમયે

# સોડમ



રસોઈની વધઘટ પણ નીકળી ગઈ હોય. એવે વખતે સીક્યોરિટી ગાર્ડને હું ફ્લેટની ચાવી પાછી આપવા એની કેબિનમાં ગઈ ત્યારે એ જમવામાં શું ખાતો હતો એ કહું ? વહેલી સવારે બનાવીને સાથે લાવેલો જારનો રોટલો અને અથાણું.

શું આટલાં સુખી પરિવારો આખો દિવસ ઊભા ઊભા ફરજ બજાવતાં આ ગરીબ ચોકીદારને પોતાનાં ભોજનમાંથી ગરમ ભોજન આપી ન શકે ?

અરે, વારા નક્કી કરે તો પણ છત્રીસ દિવસે એક વખત એમનો વારો આવે.

પોતાનાં માટે બેફામ ખર્ચ કરતી એ અમીર પ્રજાનાં મનમાં આવો વિચાર ન આવે તો ધૂળ છે એમનાં પૈસા અને એવા ક્રીમી કલ્ચરને.

બીજું, લીફ્ટની બહાર બોર્ડ મારેલું હતું કે સામાન ફેરવતાં મજૂરો, ડિલિવરી મેન, ધોબી વગેરે લોકોએ લિફ્ટ વાપરવી નહીં. તેં જોયું હશે કે પેલો ઝોમેટો વાળો છોકરો નવમો માળ ચડતાં જ કેવો હાંફી ગયેલો ! તો વિચાર કર કે જ્યાં રીનોવેશન ચાલતું હોય કે વજનદાર સામાનની હેરફેર કરવાની હોય એ કારીગરો, મજૂરોની કઈ દશા થતી હશે. શું એ બધાં માણસ નથી ?

આ સહુની દયા ખાવામાં લીફ્ટનું કદાચ વધુ મેઈનટેનન્સ આવે તો એટલો ખર્ચ ભોગવી લેવા બધાં સક્ષમ નથી ?

પોતાનાં બાળકો આખો દિવસ લીફ્ટનો બિનજરૂરી ઉપયોગ કરી શકે, અરે પાળેલાં કૂતરાં માટે પણ લિફ્ટનો ઉપયોગ માન્ય છે પણ આ મહેનતકશ માણસો કે જેમનાં વગર કોઈને ચાલી શકવાનું પણ નથી એમનો કસ કાઢવામાં પાછું વળીને નહીં જોવે.

બેટા, જ્યાં માનવતાનું નામો નિશાન ન હોય, પોતાનાં માટે જ નર્યા ભોગવાદનું પ્રદર્શન હોય, જ્યાં વધેલી રોટલીઓ ડસ્ટબીનમાં જતી હોય એવાં લોકો, એવી ભૂમિ પર મને નહીં ફાવે.

હું જો પેલા સીક્યોરિટી ગાર્ડને થાળી આપવા જઈશ તો પણ મને એની પરમિશન નહીં મળે.

ભલે આ આપણી મધ્યમવર્ગની જૂની સોસાયટી છે પણ અહીં માનવતા છે. નાના માણસો માટે હમદર્દીનો વિચાર છે. કામવાળા, ચોકીદારની થાળી એ એમની ચિંતા નથી પણ અમારી ગૃહિણીઓની જવાબદારી છે. અહીં કોઈ પણ માણસ લિફ્ટ વાપરીને ઉપર જઈ આવી શકે છે. ને ઉપરથી સહુ એને પાણીના પ્યાલાનું પણ પૂછે છે.

બેટા, મને પોશ વિસ્તારનાં સોનાનાં પિંજરમાં નથી રહેવું. અહીં મારા જેવાં લોકો વચ્ચે હું જીવનને સંતોષ પૂર્વક માણી શકીશ. નવમાં માળેથી ઝગમગતાં શહેરનો નજારો જોવા કરતાં અહીં એકમેકનાં હૃદયમાં વસીને, સહુનાં પેટ ઠારીને રહેતાં લોકો વચ્ચે જીવવું એ મને વધુ ગમશે... જો તમે સમજો તો !''

રોહન માનપૂર્વક એની માતાને જોઈ રહ્યો અને પછી હળવેથી એના પપ્પાને ખભે હાથ રાખી એમને રસોડાની બહાર લઈ ચાલ્યો.

શિવાનીના રસોડામાં ઉકળતી દાળની સોડમ વધુ હતી કે તેનાં વિચારોની તે નક્કી કરવું બંનેને અઘરું લાગ્યું. ??

**મીનાબેન જસાણી**

**સંકલન: લલિત ડી શાહ**

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
# શ્રીમતી ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખિયા
# ગ્રુપ મેડિક્લેમ યોજના

સર્વે સભ્ય મિત્રોને જણાવવાનું કે છેલ્લા ચાર વર્ષથી ચાલતી આપણી સી.ડી. તુરખિયા ગ્રુપ મેડિક્લેમ પૉલિસી બંધ કરી વ્યક્તિગત / ફેમિલી વાઈઝ પોલીસી ઉતરાવી આપવાનું નક્કી કરેલ છે.

ગ્રુપ મેડિક્લેમમાં આપણે ગત વર્ષે ભરેલ પ્રીમિયમ કરતા લગભગ ડબલ ક્લેમ લીધેલ હોવાથી કોઈપણ ઈન્શ્યુરન્સ કંપની રિન્યુ કરવા તૈયાર નથી માટે Punjab National Bank અને Star Health Policy સાથે જોડાણ કરી દરેક પરિવારને રૂા. ૩ લાખની અલગ અલગ ફેમીલી પોલીસી ઉતરાવવાનું નક્કી કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| રૂા. ૩ લાખની પૉલિસીનું પ્રિમીયમ<br>સ્ટાર હેલ્થ | |
|---|---|
| 18-45 Years | 6312/- |
| 46-60 Years | 9208/- |
| 61-79 Years | 15516/- |

**રૂા. ૩ લાખની સ્ટાર હેલ્થ પોલિસી લેનાર માટે અગત્યની સૂચનાઓ :**

- આ પોલિસી લેવા ઈચ્છુક દરેક પરિવારે ઝાલાવાડી સભાની ઓફિસમાંથી / Whatsapp દ્વારા Form મેળવવાનું રહેશે અને તે ભરીને સભાની ઓફિસે આપવાનું રહેશે.
- અરજી પત્રકની સાથે મુખ્ય અરજદાર (Primary Applicant) ના આધાર કાર્ડ કોપી (૨) પેન કાર્ડ કોપી (૨) અને ફોટા (૨) તેમ જ ઝાલાવાડી સભાની મેમ્બરશીપ રસીદ/કાર્ડની ઝેરોક્સ જોડવાની રહેશે.
- પંજાબ નેશનલ બેંકમાં ખાતું ખોલાવવું ફરજિયાત છે અને મેડીક્લેઈમનો ચેક દરેક પરિવાર PNB ના ખાતામાંથી જ આપવાનો રહેશે. PNB ખાતામાં Minimum Balance રૂા. ૨૫૦૦/- રાખવું જરૂરી છે.
- વાર્ષિક ૩ લાખની નીચેની આવક ધરાવનારાઓ પોતાની બેંકની પાસબુકની છેલ્લા ૨ વર્ષ Xerox Copy અર્જીપત્રકની સાથે જોડવાની રહેશે. તેમને ઝાલાવાડી સભા તરફથી પ્રિમીયમમાં રાહત આપવામાં આવશે.
- ઝાલાવાડી સભાની સહાય ( પ્રિમીયમમાં રાહત) ન લેવી હોય તેઓ પણ આ પોલિસી લઈ શકે છે તેમણે પોતાની બેંકની પાસબુકની Xerox આપવાની જરૂરત નથી પણ PNB ખાતું ખોલાવવું જરૂરી છે અને મેડીક્લેમનો ચેક PNBમાંથી જ આપવાનો રહેશે.
- ૬ મહિનાના બાળકથી લઈને ૭૯ વરસ સુધીની કોઈપણ વ્યક્તિ આ પોલીસી લઈ શકે છે.
- કોઈપણ પ્રકારના મેડિકલ ચેકઅપની જરૂર નથી પરંતુ પોતાની વર્તમાન બિમારીની જાણ કરવી જરૂરી છે.
- સભા તરફથી ૪૫ વર્ષથી નીચેનાને પ્રિમિયમમાં રૂા. ૩૦૦૦ અને ૪૬ થી ૬૦ વર્ષ સુધી પ્રિમીયમમાં રૂા. ૫૦૦૦, અને ૬૧ થી ૭૯ સુધીનાને પ્રિમીયમમાં રૂા. ૭૦૦૦ ની રાહત સભાના નિતી નિયમ મુજબ આપવામાં આવશે. (Condition Apply)

**વધુ વિગત માટે સંપર્ક**

**મિલનભાઈ તુરખિયા - (M). 9860125136**

**સવારે ૧૧.૦૦ થી ૭.૦૦ સુધી**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

સભાના માનવંતા સભ્યોને નિવેદન આપના વ્યવસાય તેમજ લગ્નોત્સુક દીકરા-દીકરીઓની જાહેરખબર સભાની માસિક પત્રિકા જે દર મહિનાની ૧૧ તારીખે પ્રસિદ્ધ થાય છે. સભાની ઑફિસે અથવા સંપાદકશ્રીનો સંપર્ક કરી શકો છો.

વહેલા તે પહેલાંના ધોરણે કલર પાના ફક્ત ૧૫ જ છાપવામાં આવે છે. ત્રણ મહિના પહેલા પણ બુકીંગ કરાવી શકો છો. વ્યવસાયની જાહેરખબર ૧૨ મહીનાની એક સાથે બુક કરાવી એક જાહેરાત એટલે ૧૨ + ૦૧=૧૩ મેળવી શકશો. Payment એક સાથે એક વર્ષનું કરવાનું રહેશે.

બ્લેક-વાઈટ જાહેરખબર પણ નીચે આપેલ ફોન નં. અથવા ઈમેલ પર મોકલાવી શકો. જાહેરખબરનું Rate Card પાના નં. ૩૬ પર આપેલ છે. જાહેરાતની સાથે Payment Slip તથા આપનું પુરુ સરનામું તથા મોબાઈલ નંબર આપવા વિનંતી.

**(Please send Art work in JPEG Format only)**

જાહેરાત દર મહિનાની ૨૫ તારીખ સુધી સ્વીકારવામાં આવે છે.

**સંપર્ક કરો : શ્રીમતી આશાબેન પટેલ M. 9819956529**

**zalawadisabha@gmail.com**

**સંપાદક : શ્રી શરદભાઈ એમ. ગાંધી M. 9867540501**

**sharadgandhi51@gmail.com**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

### સભાના સભ્ય બનવા આહ્‌વાન

ઝાલાવાડી ભાઈ-બહેનો જેઓ હજુ સુધી સભાના સભ્યો નથી બન્યા અથવા તો મેમ્બરશીપ રીન્યુ નથી કરાવી તેઓ સર્વોને આપણી માતૃસંસ્થાના સભ્ય બનવા માટે અપિલ કરવામાં આવે છે. આ વખતની ચુંટણીમાં અંદાજીત ૪૫% સભ્યોએ મતદાન કરેલ. સભાના સભ્ય બનવાથી આપને ચાર સેનેટોરીયમ તથા માદરે વતન સુરેન્દ્રનગરમાં પણ અતિથિ ભવનનો, સભાના નિતી નિયમ મુજબ લાભ મળશે. તેમજ દર મહીને પ્રકાશિત 'માસિક પત્રિકા' આપને પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે. જેમાં સભાની દરેક પ્રવૃત્તિ તેમજ ગતિવિધિઓ પ્રસિદ્ધ થાય છે.

zalawadi.com પરથી આપ ફૉર્મ ભરી શકો છો. તેમજ જે મેમ્બરશીપ જોઈતી હોય તેનું payment મેમ્બરશીપ approval mail આવ્યા પછી online કરવાનું રહેશે.

**વિશેષ માહિતી માટે સંપર્ક કરો :**

**શ્રીમતી આશાબેન પટેલ – મો. ૯૮૧૯૯૫૬૫૨૯**

**(સવારે ૧૨ થી સાંજે ૭.૦૦ સુધી)**

**રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન લેવી.**

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**

**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**7208472884 • 7208481791 • 7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**વ્યાવસાયિક બહેનો જે ગૃહઉદ્યોગ ચાલવતા હોય. તેમના માટે ઝાલાવાડી સભા તરફથી ₹ 500/- including GST**
**Size : 8.7cm x 7.0 cm**
**એક પૃષ્ઠ પર છ જાહેરખબર લેવામાં આવશે.**

**Please send your Advertisement in Advance last Date of Advertisement on or before 25th Every month**
**(Inclusive of GST)**
**Please send Artwork in JPEG Format Only**

# સમાચાર સંકલન

## ઝાલાવાડી મહિલા મંડળ બોરીવલી કેન્દ્ર

તા. ૩-૩-૨૦૨૩ ને દિવસે સ્નેહસંમેલનમાં મ્યુઝીકલ પાર્ટી બોરીવલી ખાતે રાખેલ હતી. દરેક કેન્દ્રના બે હોદ્દેદારોને આમંત્રણ આપેલ હતું. કોકીલાબેનને (શેઠ) ખાસ બોલાવેલા હતા.

ચારુબેન દોશીએ બધાને મીઠો આવકાર આપ્યો. રંજનબેન શેઠે સરસ શાયરી બોલી. સ્વાગત કર્યું. ગીફ્ટ આપી મહેમાનોનું સ્વાગત કર્યું. બધા મહેમાનો તથા મંડળના બહેનોએ ગરબા ગાઈ ખૂબ જ મજા કરી. શોભનાબેન કાપડીયાએ, ચારુબેનને બૃહદ મુંબઈના પ્રમુખ જાહેર કર્યા. ખૂબજ આનંદ છવાઈ ગયો. રંજનબેને હર્ષ-હર્ષ જય-જય નો નારો બોલાવી મંડળ ગજાવી દીધું. પ્રમુખ થવાની ખુશાલીમાં ચારુબેન તરફથી તા. ૨૪-૦૪-૨૩ સોમવારે ગોલ્ડન ચેરીયેટ અંધેરીમાં પાર્ટી આપવામાં આવી.

પાર્ટીની શરૂઆત ચારુબેન દોશીએ કરી. હરખસમતો ન હતો. થનગની રહ્યા હતા. સૌપ્રથમ નવકાર મંત્ર બોલી શરૂઆત કરી. પ્રથમ ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. ભારતીબેન વોરાને શ્રદ્ધાંજલિ આપી. ૨ મીનીટનું મૌન પાળ્યું પછી આવેલ મહેમાનોનું સ્વાગત કર્યું. દરેક મેમ્બરોને ચારુબેને ખૂબ જ સુંદર ભેટ આપી.

'આજ મુબારક, કાલ મુબારક, પ્રમુખ પદનો તાજ મુબારક' મોતીની માળા પહેરાવી સાડી ઓઢાવી ચારુબેનનું બહુમાન કર્યું.

**બૃહદ મુંબઈ ઝાલાવાડી મહિલા મંડળના નવા ચુંટાયેલા પદાધિકારીઓ**

| | |
|---|---|
| પ્રમુખ | : ચારૂબેન દોશી - બોરીવલી કેન્દ્ર |
| ઈલેક્ટેડ પ્રમુખ | : નલીનીબેન શેઠ - ઘાટકોપર કેન્દ્ર |
| ઉપપ્રમુખ | : સોનલબેન કોઠારી - પાર્લા કેન્દ્ર |
| | શોભનાબેન કાપડિયા - કાંદીવલી કેન્દ્ર |
| | દેવીબેન શાહ - સાંતાક્રુઝ કેન્દ્ર |
| સેક્રેટરી | : રંજનબેન મણિયાર - મલાડ કેન્દ્ર |
| | મીરાબેન શાહ - મુંબઈ કેન્દ્ર |
| | આરતીબેન તુરખિયા - માટુંગા કેન્દ્ર |
| | કલ્પનાબેન ગોસલિયા - ઘાટકોપર કેન્દ્ર |
| ખજાનચી | : લતાબેન ખાટડીયા - મુલુંડ કેન્દ્ર |
| | રંજનબેન શેઠ - બોરીવલી કેન્દ્ર |
| | તારીકાબેન તુરખિયા - ગોરેગામ કેન્દ્ર |
| | અનીતાબેન કોઠારી - મીરારોડ કેન્દ્ર |

✡✡✡

## અવિસ્મરણીય ધરમપુર જાત્રા
## તા. ૮-૫-૨૦૨૩ ના દિવસે

મલાડ-ગોરેગામ ઝાલાવાડી મહિલા મંડળની અકલ્પનીય સુંદર જાત્રા ડૉ. રંજનબેન, ડૉ સંજીવભાઈ તથા ડૉ. હેમલભાઈના સથવારે ૧૦૦ બ્હેનો સાથે કરી. જાત્રા ડૉ. મણિયાર તરફથી કરાવવામાં આવી હતી. બપોરે ધરમપુર પહોંચી ગયા. પૂ. ગુરુદેવ સાથે સત્સંગ કર્યો. ત્યાં મલ્લીકાબેને ગુરુભક્તિનું સ્તવન ગાયું. પૂ. ગુરૂદેવ ખૂબજ પ્રસન્ન થયા અને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા. ડૉ. રંજનબેનની સેવાને બીરદાવી અને આવીજ સેવા કરતા રહો એવા આશીર્વાદ આપ્યા.

ત્યાર પછી આશ્રમમાં જમીને દેરાસર ગયા. ત્યાં ભક્તિ કરી. આખો માહોલ ભક્તિમય બની ગયો. શ્રીમદ્જીની પ્રતિમાના દર્શન કરી ધરમપુરમાં શું શું પ્રવૃત્તિ ચાલે છે તેની મુવી અને શ્રીમદ્ રાજચંદ્ર મીશન હોસ્પિટલ જોઈ. પ્રેમિલાબેને તથા તારીકાબેને રંજનબેનનું બહુમાન કર્યું. પરમ કૃપાળુ ગુરૂદેવના પવિત્ર ધામમાં દર્શન કરાવવા બદલ, બધાએ મણિયાર પરીવારનો ખુબ ખુબ આભાર માન્યો. જાત્રા એટલી સરસ થઈ કે બહેનો કદી ભૂલી નહિ શકે.

## વડલો અંધેરીના સીનિયર સીટીઝને
## ઝાલાવાડી -પંચગીની સેનેટોરિયમની સફર

ત્રણ વર્ષ બાદ ૫૧ સભ્યોના સાથ-સહકારથી ઝાલાવાડી-પંચગિની સેનેટોરિયમને સફરે નીકળ્યા. સવારે ઝાલાવાડી-લોનાવલા સેનેટોરિયમ પહોંચી, ત્યાં ચા-નાસ્તાની લિજ્જત માણી. મુસાફરી દરમ્યાન ગીત-સંગીત, રમત-ગમતનો આનંદ માણ્યો. બપોરનું જમણ પંચગીની સેનેટોરિયમમાં માણ્યું. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ સંઘવીએ દરેક ફેમિલીને રૂમોની અનુકુળતા કરી આપી. ત્રણ દિવસનો જમવા-નાસ્તાનું મેનુ, મહાબળેશ્વર જવાનું, બોટીંગ વગેરેની સુંદર મજાનું આયોજન પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવેલ. ❖❖❖

## STOP PRESS STOP PRESS

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભાના સભ્યોના તેજસ્વી તારલાઓના ફોટા સાથે, મેળવેલા ક્રમાંક, મુળવતન, માતા-પિતાનું નામ સાથે ઘરના કોઈપણ વડીલનું સભાએ આપેલ Identity Card તથા વિદ્યાર્થી /વિદ્યાર્થીનું આધાર કાર્ડ, માર્ક શીટ Xerox copy સાથે Passport Size ફોટાની પાછળ વિદ્યાર્થીનું નામ લખીને તુરત સભાની ઓફિસમાં મોકલવો.**

**લેવાની અંતિમ તારીખ : ૨૫-૦૬-૨૦૨૩**

**જુલાઈ ૨૦૨૩માં નામો પ્રસિદ્ધ કરવામાં આવશે.**

# VISHUDDH VORA



**Date of Birth:**
25th February, 1996

**Birth Place:**
Ahmedabad

**Time:**
11:03am

**Height & Weight:**
5'7'' - 71kg

**Religion:**
Dasa Shrimali Sthanakvasi Jain

**Email:**
vishuddh.vora@gmail.com

**Education:**
B.Tech - Mechanical
Work Sales Executive at
Sricomforts - Daikin

**Experience:**
Specialization- Chillers and AHU
Hyderabad (current)
Design engineer at DesignTech
Systems, Pune (previous)

## BIO-DATA

**FAMILY:**

| | | |
|---|---|---|
| Father | : | Atul Harishbhai Vora (9848031533) |
| Business | : | Finance |
| Mother | : | Harsha A Vora (9440407447) |
| Siblings | : | No |
| Address | : | 101, Darshan Apartment, Laxmi Gutty Colony, Beside Swaminarayan Temple, Rasoolpura, Secunderabad |
| Native | : | Chuda, Saurashtra |

**PATERNAL:**


| | | |
|---|---|---|
| Grandfather | : | Param Pujya Harishmuni ji Maharaj Saheb (Devlokgaman) |
| Grandmother | : | Late Manglaben Vora |
| Uncle | : | Rambhai Harishbhai Vora (Mota Pappa) Ahmedabad (9409307405) |
| Aunty | : | Javnika R. Vora (9724112377) (Mota Mummy) |
| Fiya | : | Param Pujya Paryushaji Mahasati ji |

**MATERNAL:**

| | | |
|---|---|---|
| Grandfather | : | Late Trambaklal P. Parekh (Paliyad) |
| Grandmother | : | Late Kanchanben T. Parekh |
| Mama | : | Pradipbhai T. Parekh |
| | | Ahmedabad (9228178999) |
| Mama | : | Late Mukeshbhai T. Parekh |

Advt.

# BIODATA



**DISHA CHANDRESH DOSHI**

**Date of Birth**
27/09/1996

**Birth Place & Time**
Ghatkopar, Mumbai (4:29pm)

**Height**
5.3"

**Religion**
Dashashrimali Sthanakvasi Jain

**Native**
Sara

**Education**
B.Tech in InformationTechnology

**Occupation**
Deputy manager (DevOpsEngineer), Reliance Jio

**Hobbies & Interests** : Drawing, Art n' Craft, Reading, Travelling, Foodie, Binging Shows
**Mobile** : 9833004132
**EmailId** : disha.dd27.dd@gmail.com

**FAMILY BACKGROUND**

**Father** : Chandresh PurushottamDas Doshi
**Occupation** : Manager at “Wagad Kala Kendra Co-op Credit Society” - 9967799673
**Mother** : Falguni Chandresh Doshi
**Occupation** : Home Maker - 9930477609
**Younger Sister** : Ami Chandresh Doshi
**Grandfather** : Lt. Shri PurushottamDas DharshiBhai Doshi, Sara
**Grandmother** : Lt. Smt. Hasumatiben PurushottamDas Doshi
**Mota Papa** :
1) Hasmukh P. Doshi, TikalNagar Chembur-West - 9820436514
2) Bipin P. Doshi, Mulund - 9323949857
3) Yashwin P. Doshi,Rajkot 9426969564

**Faiba/ Fuva** :
1) Kalpaben Shashikant C. Shah, Ranpur /Ghatkopar 9833268456
2) Dharmishthaben RajeshKumar H. Sheth, Panishana / Chembur - 9820075683
3) Anishaben DevenBhai H. Doshi, Botad / Ghatkopar - 9869145375

**Nana** : Lt. Shri Vanechand Fatechand Vora
**Mama** :
1) Lt. Dinesh Vanechand Vora, Rajkot 9427988699
2) Jitendra Vanechand Vora, Rajkot 9824566377

**Residence** : 91/2730, ShantiNiwas Chs., PantNagar, Ghatkopar - East, Mumbai-400075.
**Temporary** : 43/G6, GuruDarshan Society, Garodia, Ghatkopar - East, Mumbai-400077.

Advt.

# BIO-DATA



**PERSONAL DETAILS :**

**Name** : **PRACHI MANOJ KOTHARI**
**Date of Birth** : 22nd Oct, 1995
**Time & Place of Birth** : 9:12 AM, Mumbai
**Height** : 5'8
**Religion** : Zalawadi Stanakwasi Jain
**Native** : Limbdi
**Address** : 205 Jay Tower, Govind Nagar, Borivali (West), Mumbai - 400092.

**EDUCATION & WORK**

**Qualification** : Bachelor in Management Studies Masters in Commerce MBA in Finance
**Occupation** : Working with Kotak Bank formerly Worked with HDFC Bank

**FAMILY DETAILS**

**Father** : Mr. Manoj Kantilal Kothari
**Occupation** : Packaging & Bio Film at Asian Sales Corporation
**Email ID** : asiantapes@gmail.com
**Contact** : 9892545454
**Mother** : Mrs. Dipali Kothari
**Occupation** : Homemaker
**Contact** : 9920560460
**Sibling** : Ruchi Kothari - Pursuing Masters in Psychology from Europe
**Grandparents** : Late Kantilal C Kothari
Late Kanchanben K. Kothari

Advt.

# BIODATA



## CA TAPAN BHARAT MODI

**Personal Details:**

Birth Details : March 21, 1992
9.10 P.m.,
Botad (Saurashtra)
Height : 5'3''
Complexion : Fair
Caste : Dasha Shrimali
Sthanakwasi Jain
Native Place : Botad (Saurashtra)
Qualififcation : Chartered Accountant,
B. Com (Mithibai College),
M. Com
Occupation : Manager (Indirect Taxation) -
Kalyaniwalla & Mistry Llp (Mazars)
Hobbies : Travelling, Reading, Music & Movies

**Family Details:**

Father : Bharat Trambaklal Modi
Contact No. : +91 - 9320464343 / 9930464343
Occupation : Dealers In Plastic Raw Materials
Mother : Pratiksha Bharat Modi
Contact No. +91 - 8108552856
Dada : Late Shri Trambaklal Chatrabhuj Modi
Dadi : Late Smt. Kalaben Trambaklal Modi
Nana : Late Shri Sevantilal Chhabildas
Deliwala (Barwala Ghelasha)
Nani : Late Smt. Vinaben Sevantilal
Deliwala
Kaka : Nitin Trambaklal Modi - 9820003207
Fuva : Arvind Vrajlal Jobalia - 9324320146
Mama : Bipin Sevantilal Deliwala - 9323320616
Address : I/403, Veena Santoor S-2,
Opposite Pawandham, Mahavirnagar,
Kandivali (West), Mumbai - 400067.

Advt.

# BIODATA



## SANKET BHAVEN SHAH

Birth Details : 30-05-1997
Time/Place 3.03 PM / Kandivali, Mumbai
Height : 5 ft 5 inch
Religion : Dasha Shrimali Zalawadi
Sthanakvasi Jain
Native : Surendra Nagar
Education : MBA in Business Analytics - B.Tech
in Information Technology, NMIMS
University
Contact : + 919820852131
sanketbhaven@gmail.com
Occupation : Assistant Product Manager at Servify
Hobbies : Travelling, Reading, Sports
Current Add : 505, Ramkripa, Devji Bhimji Lane,
Mathuradas Road, Kandivali West,
Mumbai - 67.
Under Construction : C-2812, Lodha Raj Infinia,
Malad West, Mumbai - 400064.
Resi. Phone : 022-28073584

**Family Background**

Grandfather : Late Vasantlal Vrajlal Shah
Grandmother : Kundanben Vasantlal Shah
Father : Bhaven Shah
+ 91-9833111610
sheetalbhaven@gmail.com
Mother : Sheetal Shah
Profession : Owner of Academy of Digital Arts
Paternal Uncle: Anish V. Shah (Motapapa) (Ahmedabad)
Tushar P. Shah (Fua) (Ghatkopar)

**Maternal Family (Vaishnav Nagarvania) (Malad West)**

Nana : Late Shailesh Murlidhar Shah
Nani : Geeta Shailesh Shah
Mama : Pratik Shailesh Shah
Mami : Sarita Pratik Shah

Advt.

# શ્રધ્ધાસુમન



અરિહંતશરણ - તા. ૧૮.૦૫.૧૯૬૧

**પૂ. પિતાશ્રી સ્વ. જગજીવનદાસ હરિલાલ ડેલીવાલા**



જન્મ - તા.૨૯.૦૪.૧૯૩૯


અરિહંતશરણ - તા.૦૨.૦૧.૨૦૨૧

**સ્વ. મંજુલાબેન પ્રતાપરાય ડેલીવાલા**



અરિહંતશરણ - તા. ૦૧.૦૧.૧૯૯૧

**પૂ. માતુશ્રી સ્વ. કમળાબેન જગજીવનદાસ ડેલીવાલા**



જન્મ - તા. ૦૯.૦૪.૧૯૪૧

અરિહંતશરણ - તા.૨૧.૦૩.૨૦૨૩

**સ્વ. મુગટલાલ જગજીવનદાસ ડેલીવાલા**





જન્મ. - તા.૨૮.૦૮.૧૯૪૩

અરિહંતશરણ - તા. ૧૭.૦૪.૧૯૭૭

**સ્વ. હર્ષદરાય જગજીવનદાસ ડેલીવાલા**

રડી પડે છે આંખો અમારી જોઇને તસ્વીર તમારી,
જીવન એવુ જીવી ગયા કે મૃત્યુ પણ શરમાઇ ગયું,
સર્વશ્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા
પ્રભુ તમારા દિવ્ય આત્માને
શાંતી અર્પે એજ પ્રાર્થના...

સુખ દુઃખમાં સદા હસતો રહ્યો,
સૌના હૃદયમાં વસતો રહ્યો.
તુ હતો નજર સમક્ષ,
પાંપણના પલકારે મોક્ષ પામી ગયો.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**પરમાત્મા આપના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એજ પ્રાર્થના**

## શૌકાતુર પરિવાર

શ્રી પ્રતાપરાય - સ્વ. મંજુલાબેન

શ્રી હસમુખલાલ - લીલાવંતીબેન

શ્રી સ્વ. મુગટલાલ - રંજનબેન

શ્રી મહેન્દ્રભાઈ - નયનાબેન

શ્રી દિલીપભાઈ - કલ્પનાબેન

સરોજબેન વાડીલાલ શાહ

અનસુયા જયસુખલાલ દોશી

**પુણ્યતિથી નિમિત્તે ઝાલાવાડી સભા ને રૂપિયા ત્રણ લાખ નું ડોનેશન આપેલ છે.**

Advt.

## બારમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



# સ્વ. નિરંજનાબેન હસમુખલાલ શાહ
## (નીરુબેન)

**મૂળ વતન : વઢવાણ સીટી (લીંબડી)**
**હાલ : ઘાટકોપર, મુંબઈ**
**જન્મ : તા. ૧૩-૦૨-૧૯૪૭ મહાસુદ ૮**
**અરિહંતશરણ : તા. ૧૪-૦૬-૨૦૧૧ જૈઠ સુદ ૧૪**

દરિયા જેવું નિર્મળ હૃદય, સૂર્ય જેવું તેજસ્વી જીવન,
ચંદ્ર જેવો શીતળ સ્વભાવ, મહેનતું જીવન વ્યતીત કરી,
સ્નેહની સૌરભ મુકી ગયા. જીવન એવું જીવી ગયા કે જોનાર જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌ યાદ કરે, ધર્મ કદી ભૂલ્યા નહિ,
વ્યવહાર કદી ચૂક્યા નહિ, તમારા આશિષથી અમે સફળ બન્યા,
તમારી શક્તિથી અમે સક્ષમ બન્યા,
તમારા પ્રતિબોધથી અમે ગુણસંપન્ન બન્યા,
તમારા ભાગ્યથી અમે ભાગ્યશાળી બન્યા,
આપનો નવકારમય આત્મા ભવભ્રમણથી મુક્ત થઈ મોક્ષ સુખ પામો.
એજ પરમ કૃપાળુ પરમાત્માને અંતરથી પ્રાર્થના કરતા
આપના પરિવારજનો.

| | | |
|---|---|---|
| પતિ | : | હસમુખલાલ છોટાલાલ શાહ |
| પુત્ર-પુત્રવધૂ | : | જતીન - બીજલ |
| દીકરી-જમાઈ | : | નીશાબેન સુધીરકુમાર ગાંધી |
| દીકરી-જમાઈ | : | નીતાબેન ભાવિનકુમાર શેઠ |
| દીકરી-જમાઈ | : | સેજલબેન જસ્મીનકુમાર ગાંધી |
| પૌત્રી - પૌત્ર | : | હિનલ - મોનીલ |
| દોહિત્ર | : | રૂષભ, દોહિત્રી વહુ - હેના |
| દોહિત્રી | : | મનાલી, રીષી, યશ |
| દોહિત્ર | : | રીષી - યશ |

સ્વજનો
સ્વ. રંભાબેન છોટાલાલ શાહ પરિવાર
સ્વ. લીલાવંતીબેન જગજીવનદાસ શાહ પરિવાર

(Advt.)

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
## ભાવભરી શ્રદ્ધાંજલિ



# સ્વ. મુકેશભાઈ રમેશચંદ્ર તુરખિયા

**મૂળ વતન : સુદામડા – હાલ : કાંદિવલી (ઈસ્ટ)**
**જન્મ : તા. ૧૨-૧૨-૫૭**
**અરિહંતશરણ : તા. ૦૯-૦૬-૨૦૨૨**

*રડી પડે છે આંખો અમારી*
*દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી*
*કેટલુ નહી કેવું જીવ્યા એજ યાદ રહી જાય છે.*
*પાંપણના પલકારે પંખીની જેમ ઉડી ગયા.*
*હાજરી આપની હતી ત્યારે ખબર ન હતી*
*ગેરહાજરી શું કહેવાય.*
*આનંદ હતો ચારે કોર ત્યારે ખબર ન હતી દુ:ખ શું કહેવાય.*

**આપના પવિત્ર આત્માને જન્મોજન્મ જૈન ધર્મ મળે**
**અને નવકાર મંત્રનું શરણ રહે એજ પ્રાર્થના**
**પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.**

શોકાતુર સ્વજનો

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | જયશ્રીબેન મુકેશભાઈ તુરખિયા |
| પુત્રી-જમાઈ | : | શ્રેયાબેન ઋષભકુમાર ગાંધી |
| દોહિત્ર | : | અર્હમ ગાંધી |
| ભાઈ-ભાભી | : | શૈલેષભાઈ - સરોજબેન |
| | | કેતનભાઈ - મિનલબેન |

સાસરાપક્ષે ગં.સ્વ. નિર્મળાબેન રજનીકાંતભાઈ શેઠ
સાળા : શેઠ જયેશ રજનીકાંત - પારસ જયેશભાઈ શેઠ
**તુરખિયા – શેઠ પરિવારના જય જિનેન્દ્ર**

(Advt.)

No more counting of the UNITS.
Enjoy uninterrupted ELECTRICITY.

JAI JINENDRA

REDUCE YOUR BILL

INSTALL SOLAR PANEL AND AVAIL GOVT SUBSIDY




Reduce Your Electricity Bill By up to 90%

RISING SUN ELECTRIC

www.risingsunelect.com

**BENEFITS** OF SOLAR WITH **RISING SUN ELECTRIC :-**
1) Government Subsidy Available for Residential and Society Projects.
2) 15 ~ 30 % Tax Depreciation for Business owners.
3) No maintenance, Free Power & 25 Years Solar Panel Warranty.

CONTACT :- SAHIL DOSHI - **7021213467**

Address :- D2, Vijaykar Wadi, Kumar Compound, Chincholi Phatak, SV Road, Malad (W), Mumbai.

Advt.


## અચાનક....

**અ**ચાનક એક દિવસ બંગલાના દરવાજે સાહેબની નહીં, પોલીસની ગાડી આવી. એક અકસ્માતમાં સાહેબનું મૃત્યુ થઈ ગયું હતું. બંગલો સુમસામ થઈ ગયો.

સાથે સાથે... પેલી કોથળીઓ બંધ થઈ ગઈ. મારી મુસીબતોનો પાર ન રહ્યો. વિધવા બહેનજીને ''મને હવે આ નોકરી નથી પોષાતી. તમે બીજો ચોકીદાર શોધી લ્યો'' એમ કહેવાની હિંમત પણ નહોતી. છેવટે જ્યારે મુશ્કેલીઓ બહુ વધી ગઈ ત્યારે મેં પગાર વધારો માગ્યો. બહેને પૂછ્યું, ''આટલાં વર્ષોથી કામ પર છો. તમને આ સંજોગોમાં વધારો માગવાનું સૂઝ્યું?''

મેં પેલી કોથળીઓથી મારું ઘર કેવી રીતે ચાલતું હતું એની વાત કરી. મેં કહ્યું, ''હવે સાહેબના જતાં આપને ન પોષાય એટલે આપે કોથળીઓ બંધ કરી એ હું સમજું છું, પણ મનેય નથી પોષાતું.''

બહેન ચોધાર આંસુએ રડી પડ્યાં.

હું ગળગળો થઈ ગયો. મેં કહ્યું, ''માફ કરજો. મારે તમારી પરિસ્થિતિ સમજવી જોઈતી હતી. મારે પગાર વધારો નહોતો માગવો જોઈતો.'' બહેન બોલ્યાં, ''એવું નથી. મને પણ જાણ નહોતી એવું તારું આ સાતમું કુટુંબ છે જે તારા શેઠની મદદથી ખાવા પામતું હતું.''

હું અવાચક થઈ ગયો. સાવ રુક્ષ અને જેણે એક વાર પણ ''સલામ, સાહેબ'' નો જવાબ આપ્યો નથી એ સાહેબ આ બધી મદદ કરતા હતા?

બીજા દિવસથી કોથળીઓનો ક્રમ ફરી ચાલુ થયો, પણ હવે કોથળીઓ કચરાનાં પીપડાં પાસે નહીં, પણ શેઠનો દીકરો મને હાથોહાથ આપતો.

એ પણ શેઠ જેવો જ સાવ રુક્ષ. ન બોલે, ન જવાબ આપે. હું રોજ એને ''થેન્ક્યુ'' કહેતો. એ તોછડાઈથી ચાલ્યો જતો.

એક વખત એક વડીલને દાવે, એની રીતભાત સુધારવાના હેતુથી મેં હાથ હલાવી, હોઠ પહોળા કરી, એને ''થેન્ક્યુ'' કહી, એની આંખોમાં આંખ પરોવી.

એ મારી સામે જોઈ રહ્યો. પછી એણે પોતાના કાન ઉપર હાથ મૂકી, અંગુઠા ગોળ ગોળ હલાવ્યા. એનું કહેવું હું સમજ્યો. હું ચોંકી ગયો. એ સાંભળી શકતો નથી. મારું હૃદય દ્રવી ઉઠ્યું. મને દુ:ખી થયેલો જોઈ, એ મારી પાસે આવ્યો. પોતાના ગળાની ચેઈનમાં રહેલું લોકેટ ખોલ્યું. એના બાપ સાથેનો એનો ફોટો એમાં હતો.

એણે એક હાથની આંગળી બાપના ફોટા પર અને બીજા હાથની આંગળી પોતાના ફોટા પર મૂકી. પછી બન્ને હાથ બન્ને કાનને અડાડી, અંગુઠા ગોળ ગોળ ફેરવ્યા.

બાપ-દીકરો બન્ને મુક-બધિર. આટલાં વર્ષોથી હું ''સલામ, સાહેબ''ના જવાબમાં ''સલામ'' સાંભળવા તલસી રહ્યો હતો. કારણ સમજ્યા વગર કોઈને રુક્ષ ગણી બેઠો હતો.

એની સામે તાકતો હું દડદડ આંસુએ રડી પડ્યો.

❖❖❖

**CONGRATULATIONS TO...**



**Dr. NIHAR SHAH (B.P.Th.)**

For gracing Bachelor's degree in Physiotherapy

[Native of Sayla (Surendranagar), at present Ghatkopar]

~ Blessings and Wishes from ~

Dadi Dada : Smt Madhukanta Chandrakant Shah

Nani Nana : Smt Kusum Bhupatrai Desai

Parents : Adv. Smt Jagruti Divyesh Shah

**~ ALL MEMBERS OF SHAH & DESAI FAMILY ~**

Advt.

# દુબઈ - અબુધાબી

ની અમારી ટુરોને માણી અને વખાણી સામાજિક સંસ્થાઓ અને પ્રતિષ્ઠિત પરિવારો ના 25,000 થી વધુ સંતુષ્ટ સભ્યોએ અને એમણે અમને આપ્યું બિરૂદ, **"દુબઈની ટુરોના શેખ"**. પાંચ, છ ત્થા સાત રાત્રી ના વિકલ્પો સાથે. અવનવા અને વિવિધ આકર્ષણો, શાનદાર હોટલો અને રજવાડી ભોજનની જયાફત.

**અમારી અન્ય ટુરો** - બેંગકોક, મલેશિયા, સિંગાપુર - સાથે / સિવાય ક્રુઝ. માલદીવ્ઝ - મોરેશ્યસ - બાકુ અઝરબૈજાન - નેપાળ

**શરદ મણીયાર**

Since : 1982

**Jaagruti Tourz**

Reliable, Responsible, Reasonable

Follow us on

**8830341383 / 9820129177**

Advt.

**૨૦મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ**

**મન હજી માનતું નથી**



**સ્વ. અ.સૌ. મનોરમા પ્રવિણચંદ્ર શાહ**

**વૈભવ ટ્રાવેલ્સ -વિલેપાર્લે (વેસ્ટ)**

અરિહંતશરણ : તા. ૩-૦૭-૨૦૦૩

પ્રભુ આપના પવિત્ર આત્માને શાશ્વત દિવ્ય શાંતિ અર્પે એજ પ્રભુ પાસે પ્રાર્થના

**પ્રવિણચંદ્ર જસરાજ શાહ**

પુત્રો : કેતન, નિમેષ    પુત્રવધૂ : અલ્પા, પરાગી

પૌત્રી-પૌત્રો : નિધી, રોનક અને હર્ષ

Advt.

શ્રી૧।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



# શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી ● સ્થાનકવાસી ● દેરાવાસી ● વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**

**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

*તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ*

Advt.

# ચાર જાજરમાન African Countries, એકસાથે રજૂ કરનાર પ્રથમ ભારતીય કંપની : GEM TRAVELS

## માણો SOUTH AFRICA, ZIMBABWE, ZAMBIA, BOTSWANA અમારી તદ્દન નવી ટૂર સાથે











વિશ્વનો સૌથી ઊંચો વૉટરફૉલ : Victoria Falls, વિશ્વની અજાયબી : Chobe National Park, Botswana (જેના વિશે હજી 99% લોકોને ખબર પણ નથી), Cape Town, Garden Route, Suncity, Johannesburg, 4/5 Star Hotel, અદ્ભુત કાર્યક્રમ, દર અઠવાડિયે બારે મહિના પ્રસ્થાન

**સાથે ત્રણ રાત્રિ રહેવા-જમવા સાથે Maldives તો ખરું જ**

**બાદશાહી સાથે પૈસા વસૂલ ટૂર એટલે ફક્ત અને ફક્ત GEM TRAVELS**

**GEM TRAVELS™** (Since 1983)

**Call : 9819213455, 7021300859 • 23676262 / 23634141**

Our Branches : Kandivali - 9137370056, Vile Parle - 8291619279, Nashik - 9850007600, Pune - 9096825555, Ahmedabad - 9594478768, Surat - 9967523716, Rajkot - 9265985512, Chennai - 9500050425, 9003018888, Delhi - 9810177696

EMAIL : info@gemtravels.com FB : Gem Tour and Travels INSTA : gem.travels www.gemtravels.com

H.O Address : 54, Hughes Road, Opp Dharam Palace, Mumbai - 400007

*T&C Apply

Advt.

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા - મુંબઈ

તા. ૦૧-૦૫-૨૦૨૩ ના રોજ

યોજાયેલ ચુંટણીમાં વિજેતા ઉમેદવારોને અભિનંદન

તેમજ

પદાધિકારીઓને ખુબ ખુબ હાર્દિક શુભેચ્છા

એસ. કુમાર કન્સ્ટ્રક્શન કું.

એસ. કુમાર અર્થ મુવર્સ

અશોકભાઈ અનોપચંદ જસવાણી

M. 9821026710

એન્જિનીયર્સ, કોન્ટ્રાક્ટર્સ, એન્ડ ડેવલોપર,
અર્થ મુવિંગ મશીનરી
ટેલિફોન : ૨૮૫૭ ૩૨૮૬, ૨૮૫૭ ૬૫૦૫,
૨૮૨૧ ૦૦૪૯, ૨૮૩૬ ૨૯૦૧

Advt.

## ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૧-૧૦-૧૯૭૬

અરિહંતશરણ
૨૩-૦૫-૨૦૨૩

# શ્રીમતી ભાવિની નિગમ વોરા

## નૈતિક - મહેક નો પ્રાણ

તારી ઓચિંતી વિદાય - હજુ કાળજુ માનવા તૈયાર નથી
હજુ તારુ જીવંત સ્મિત અને તારી સ્વપ્ન ભરેલી મીઠી નજર
દિલ માનવા તૈયાર જ નથી. એ જ ભાસ છે, વિશ્વાસ છે, તું અમારી સાથે જ છો.
તારૂં સ્મિત, મીઠી દ્રષ્ટિ, સહુના હૃદયમાં વસી જાય તેવું નિર્મળ, સૌમ્ય વ્યક્તિત્વ અને તારી સાદાઈ કોણ ભુલી શકે ?
તારી શીતળ અમી દ્રષ્ટિ આશીર્વાદ બની સદા પરિવાર પર પ્રેમ વરસાવતી રહે.
પરમ કૃપાળુ પરમાત્મા તારા દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે.

### આપના પરિવારજનો

**પતિ – ડૉ નિગમ ચંદ્રવદન વોરા**

પુત્ર : નૈતિક નિગમ વોરા (Eng. Student)
પુત્રી : મહેક નિગમ વોરા (Dentist Student)
સસરા : સ્વ. ડૉ. ચંદ્રવદન કાંતિલાલ વોરા
સાસુ : ઉષાબેન ચંદ્રવદન વોરા
જેઠ : ડૉ. આગમ ચંદ્રવદન વોરા
જેઠાણી : ડૉ. બિજલ આગમ વોરા
નૈષધ – આશ્કા

માતા : જસુમતિબેન રમેશચંદ્ર શાહ
પિતા : સ્વ. રમેશચંદ્ર જમનાદાસ શાહ
બહેન : પૂર્વી દેવેન ગાંધી
જીજ્ઞા દ્વિજેન સંઘવી
બનેવી : દેવેન બિપિન ગાંધી
દ્વીજેન ધમેન્દ્ર સંઘવી
માનવી, ત્વિષા, માન્યા

**સ્વ. ધીરજબેન કાંતિલાલ વોરા સ્વ. ગુણવંતીબેન ચંદ્રકાંત વોરા**

ડૉ. નિગમ સી. વોરા ડેન્ટલ ફીઝીઓથેરપી ક્લિનિક –બોરીવલી, મુંબઈ
Tel. 022-28982270 • Mob. 9820154717

Advt.

# ।। શ્રદ્ધાસુમન ।।



જન્મ
૧-૭-૧૯૩૮

અરિહંત શરણ
૩૦-૪-૨૦૨૩

# સ્વ. અ.સૌ.કુસુમબેન વિનયચંદ્ર શાહ

**ચુડા નિવાસી - હાલ વિલેપાર્લે**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ....
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું પરમાર્થ જેની ભક્તિ....
એવા એ દિવ્ય આત્માને શત્ શત્ નમન....

આપની વાત્સલ્યતા, લાગણીશીલ સ્વભાવ, નિ:સ્વાર્થ પ્રેમ,
સદા હસતો ચેહરો, સમગ્ર કુટુંબને એક તાતણે બાંધી રાખવુ,
ધર્મ પ્રત્યેની શ્રધ્દા વિ. સદાય અમને પ્રેરણા આપતા રહેશે.

આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે,
હમેશા જૈન ધર્મનુ શરણ મળે, અને વહેલામાં વહેલા મુક્તિપદ ને પ્રાપ્ત કરે.
એવી અમારી પરમાત્માને પ્રાર્થના.

**આપના સદૈવ ઋણી**

પતિ : વિનયચંદ્ર બાબુલાલ શાહ
પુત્ર-પુત્રવધુ : આનંદ-શીતલ
પુત્રી-જમાઈ : શિલ્પા - મનીષભાઈ, નિતા - સંજયભાઈ
પૌત્રી : આશી
દોહિત્ર-દોહિત્રી : જય-મુક્તી, વિધી-દિશાંક, ડૉલી-અમિત, રોહન

સમસ્ત શાહ પરીવારના
।। જય જિનેન્દ્ર ।।

Advt.

# છઠી પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલી

## ।। માતૃદેવો ભવઃ ।।

જન્મ
તા. ૭-૧-૧૯૪૩



અરિહંત શરણ
તા. ૩૦.૦૬.૨૦૧૭

## સ્વ. અ.સૌ. મંજુલાબેન મનહરલાલ ખંધાર (શાહ)

મૂળવતન-ચોટીલા-હાલ-અંધેરી - મુંબઈ

**જનની જોડ સખી નહિ જડે રે લોલ**
**પહેલા આંખમા અશ્રુ આવતા તો, મા તમે યાદ આવતા**
**આજે માં તમે યાદ આવો છો, તો અશ્રુ આવે છે.**

હજુ વિશ્વાસ જ નથી થતો કે તમે અમારી સાથે નથી. કોઈ વ્યક્તિ ને ભુલાવી દેવી એટલી સરળ તો નથી હોતી. દિલ ને સમજવામા થોડી વારતો લાગે છે.
જીંદગી જીવ્યા જિંદાદિલીથી, વરસાવ્યા સહુ પર લાગણીના ફુલ.
તમે આમ સૌને છોડીને ચાલ્યા ગયા એ અમારે સ્વીકારવુ જ રહ્યુ.

આપની યાદ ક્યારેય પણ ભુલાય તેમ નથી.

સ્વજનો : આપના સદૈવ ઋણી
મનહરલાલ ન્યાલચંદ ખંધાર (શાહ)
પુત્ર-પુત્રવધુ : આશિષભાઈ - રૂપલબેન
પુત્ર-પુત્રવધુ : પરેશભાઈ -ડિમ્પલબેન
પૌત્ર - : મનન-સોહમ-રોહન તથા સમસ્ત

સ્વ. ન્યાલચંદ ચતુર ખંધાર (શાહ) પરિવાર
તથા મગનલાલ શીવલાલ શાહ પરિવાર
જય જીનેન્દ્ર

Advt.

# પ્રથમ માસિક પુણ્યતિથિ



જન્મ :
૧૯-૦૩-૧૯૩૬

અરિહંતશરણ :
૧૬-૦૪-૨૦૨૩

## સ્વ. શ્રી જશવંતલાલ નરસીદાસ શાહ

**(ધાંગધ્રા નિવાસી હાલ મલાડ-મુંબઈ)**

વિલય થયો છે દેહ પંચમહાભૂતોમાં
પણ સત્કાર્યો સદા જીવંત છે.
કર્મો સદાય એવા કર્યા કે હૃદયમાં સૌના અંકિત છે
ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી
સુખદુ:ખમાં સદા હસતા રહ્યા, દિલમાં સૌના વસતા રહ્યા.
જીવન તમે એવું જીવ્યા કે ભૂલાય નહી,
હસતો ચહેરો, મજબૂત મનોબળ, પ્રમાણિકતા
પુરુષાર્થ સભર જીવન, સ્નેહના અખૂટ ઝરણા
હસતો રાખી ચહેરો ઓચિંતી લીધી વિદાય
ઈશ્વર તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે
એ જ અભ્યર્થના !

### શોકાતુર પરિવાર

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | સ્વ. હેમલતાબેન જશવંતલાલ શાહ |
| પુત્ર - પુત્રવધુ | : | સ્વ. મનિષ જ. શાહ - અવની મનિષ શાહ |
| પુત્રી - જમાઈ | : | સૌ. હિના જયેશકુમાર મણિયાર |
| | | સૌ. નીના અલ્પેશકુમાર તુરખિયા |
| પૌત્ર | : | કેવિન, હર્ષિત |
| દોહિત્ર | : | જીનય |
| દોહિત્રી | : | રૂચિતા પાર્થ જવેરી, રિયા, રિચા |

Advt.


Vietnam
AWAKEN YOUR SENSES TO NEW SIGHTS
11 DAYS LUXURY TOUR with AMMPAL HOLIDAYS
Tour Manager - AMIT SHAH Himself !
435 Travellers already travelled with AMMPAL HOLIDAYS in 2023
VEG & JAIN Meals prepared by our own RAJASTHANI MAHARAJ
STAY AT WORLD'S 1st 24K GOLD PLATED DOLCE HANOI GARDEN LAKE HOTEL
GOLDEN BRIDGE
SKY DECK SAIGON
HALONG BAY CRUISE
TOUR DATES:
JULY '23:
3rd I 14th I 25th
BAKU + GABALA
AZERBAIJAN - 6N7D TOUR
Ammpal HOLIDAYS Dream. Explore. Discover.
THE FLAME TOWERS
HEYDAR ALIYEV CENTER
FIRE MOUNTAIN, YANARDAG
GABALA TOUR
TOUR DATES:
JUNE '23: 5th (sold out) I 11th (sold out) I 18th I 25th
JULY '23: 3rd I 10th I 17th I 24th
TAILOR MADE WINTER PACKAGES WITH AMMPAL HOLIDAYS
WITH ALL MEALS I STAY AT LUXURY HOTELS
SPECIAL ONLY WOMEN TOURS • SOCIAL GROUP PACKAGES
CUSTOMISED TOUR PACKAGES • GROUP PACKAGES AVAILABLE
MALDIVES I SWISS I PARIS I SINGAPORE I THAILAND
KASHMIR I GOA
TOUR ATTRACTIONS
Delicious Cuisines (Veg & Jain) by Our Own RAJASTHANI MAHARAJ
Tour Inclusive of International & Domestic Air Fare*
Accompanied by English Speaking Experienced Tour Coordinator
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at 5-Star Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820
WE GIVE WHAT IS PROMISE • WE BELIEVE IN GIVING LUXURIOUS EXPERIENCES
ammpalholidays@gmail.com
www.ammpalholidays.in
Follow us on
ammpalholidays
ammpal_holidays

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.




Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah